જાન્યુઆરી, ૨૦૧૭
વાર્ષિક લવાજમ રૂ.૧૫૦/-

# પાવન હૃદય દૂત





Wish you all
Happy
Christmas

&

Presperous
New Year

2017

From:
Dr. Rashmin Cecil
Neeta R. Cecil
Koral & Samashti
&
Killol Hospital Parivar

દૂત



Teddy Bears & seas of Blue...
Smiling in Honor of you...
An Infant not long Ago...
Now One Candle is AGLOW...

For A YEAR we have seen you Shine...
An ANGEL we can Call OURS...
Sent from HEAVEN, just for Us...
Filled with Hope and Dignity...

A Blessing now and always...
You Brighten all of OUR days...
Precious Child we love you so...
More than anyone could know...






Baby breath and sun-filled Skies...
Lady Bugs and Lullabies...
Starry Nights and Bright Moonbeams...
Tender Hearts and Lasting Dreams...

# Happy Birthday To Our Darling Daughter



## Christopher
## 3rd January



***From***

**Alex Christy (Father)**
**Jacklin Christy (Mother)**

**Kusum Christy (Grand Mother)**
**Lt. Dinesh Christy (Grand Father)**
**Arnest Christy (Uncle)**

**Baroda**

# લગ્નસંસ્કારની સુવર્ણજયંતી



## આનંદીબેન જે. મેકવાન ● જેરામ બી. મેકવાન

લગ્નસંસ્કાર: ૧૬-૦૧-૧૯૬૭ – ૧૬-૦૧-૨૦૧૭

ઈશ્વરપિતાનાં મહાન આશીર્વાદ અને કૃપાથી અમારાં વહાલસોયા મમ્મી-પપ્પા તેમના લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. ત્યારે અમે સમગ્ર પરિવાર પ્રભુપિતાનો આભાર માનીએ છીએ. ઈશ્વરપિતા તેમને ખૂબ જ આશીર્વાદિત કરે તથા તેમનું જીવન પ્રભુપિતાના મહિમાર્થે વપરાય એજ અમારી આશા અને પ્રાર્થના.

**એજ આપના આભારી બાળકો**

**સ્મિતા - થોમાસ** **શોભા - ઈમાનુએલ**

**નયના - મહેશ** **નિયંતા - મહેશ**

**મર્લિન, મેલવી, રિતુ, કેતુલ, આરુસી, આલય, માહી, માસુમી**

સેંટ જૂડ પાર્ક, આસ્થા ૬, પાધરીયા - આણંદ

**Publisher's Name**

**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**

Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**

**Jerry Leo Sequeira, S.J.**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**

**Anand Press**
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**

**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રી:**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રી:**
જસવંત મેકવાન (મો: ૯૪૨૭૩ ૮૨૯૯૭)

**સહતંત્રી:**
શૈલેષ ક્રિસ્ટી (મો: ૯૪૨૭૦ ૦૪૦૦૨)

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા

**લવાજમ, જાહેરાત અને પ્રસાર**
ઈલોમીના એ. મહિડા

**ટાઈપ સેટિંગ:** મંજુ એમ. મેકવાન

**ડિઝાઈન:** વિજય મેકવાન



# અનુક્રમણિકા

**તંત્રીલેખ**
શાંતિ હો... ✧ જસવંત મેકવાન ૦૭

**કાવ્યધારા (સંપાદક: ડો. સિલાસ પટેલિયા)** ૦૯
યાકુબ પરમાર ✧ સુરેન્દ્ર આસ્થાવાદી ✧ સવિતા પરમાર
✧ કલ્પેશ સોલંકી 'કલ્પ' ✧ નટુભાઈ વાઘેલા

**તમારો પત્ર** ૧૦
શાંતિલાલ મેકવાન ✧ ડો. સિલાસ પટેલિયા ✧ શૈલેશ વાણિયા
✧ રાજેશ ચૌહાણ

**લેખો**
ઈશજનેતા માતા મરિયમ ✧ ફાધર ડો. રિચર્ડ લોપિસ એસ.જે. ૧૨
વિશ્વશાંતિ દિવસ ✧ જાસીન્તા સી. ડાભી ૧૩
શુભસંદેશની ઘોષણા ✧ બ્રધર રોબર્ટ ક્રિસ્ટી એસ.જે. ૧૪
દીવો વહેતો મૂકીએ... ✧ આગ્નેસ વાઘેલા ૧૬
નવા વર્ષનો સંદેશ ✧ માલિતાબેન ડી. ગામીત ૧૭
૨૦૧૭ જંકશન ✧ ફાધર જેમ્સ બી. ડાભી એસ.જ. ૧૮
એકતાનો પ્રેષિત ✧ ભાવાનુવાદ : તંત્રીશ્રી ૨૦
યુવા શક્તિશાળી સ્ત્રોત ✧ બકુલ પરમાર ૨૩
પ્રભુ પ્રકાશનું પર્વ ✧ જોન કાનીસ ૨૪

**કિશોરમિત્ર (સંપાદક: રાજેશ ક્રિશ્ચિયન)** ૨૭-૩૦

ખ્રિસ્તી એકતા ✧ સંકલન : 'દૂત' તંત્રીમંડળ ૩૨
કુશળ કડિયો ✧ ફાધર ડો. અરસકુમાર ૩૬
રાષ્ટ્રીય બંધારણ ✧ ઈશ્વર વાઘેલા ૩૮
આદિવાસીઓના પ્રેષિત... ✧ ફાધર શેખર માનીકમ એસ.જે. ૪૦

**પંખીની પાંખે (સંપાદક: શૈલેષ ક્રિસ્ટી )** ૪૬

વિશેષ અહેવાલ ✧ સહતંત્રી ૫૨


**આવરણ:** ઈ.સ. ૧૯૫૯થી દર વર્ષે ૧૮ જાન્યુઆરીથી ૨૫ જાન્યુઆરી સુધી આઠ દિવસ કેથોલિક ધર્મસભા સર્વ ખ્રિસ્તી એકતા માટે પ્રાર્થના કરે છે. ધર્મસભા આશા રાખે છે કે તમામ ખ્રિસ્તી મંડળીઓ એક દિવસ એક થશે અને એક જ પિતાની સ્તુતિ કરશે. પ્રત્યેક ખ્રિસ્તીજન સર્વ ખ્રિસ્તી એકતા માટે પ્રાર્થના કરે એજ અપેક્ષા.

'દૂત' કવરપેજ અને અન્ય ફોટોગ્રાફ્સ સૌજન્ય: ગુગલ




"ખ્રિસ્તી એકતાને અગ્રિમતા આપવી અનિવાર્ય છે, કારણ આપણે સમજીએ છીએ કે, અલગ થવા કરતાં એક થવું વધારે મહત્ત્વનું છે."

## ગુજરાતના
## કેથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્‌ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.

### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું


'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

### કાર્યાલયનો સમય

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

**Ph. (Office) : (02692) 240161**
**Mob. 94084 20847 / (02692) 240178**
**Website: http://www.gspbooks.in**
**e-mail : phdoot@gmail.com**

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-



### નવેમ્બર, ૨૦૧૬થી જાહેરાતના નવા દર

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૧૪,૦૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૧૩,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૮,૪૦૦ |
| અર્ધુ પેજ | : | રૂા. ૪,૨૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૨,૧૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૭૦૦ |

**જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.**

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.


### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash Society
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/એસ.એમ.એસ. ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.

'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧



# તંત્રીલેખ...



# શાંતિ હો...

"શું તમે ઈસુને મુક્તિદાતા તરીકે સ્વીકાર્યા છે?"
"હા"
"તો તમે ઈસુના જીવનકવન વિશે જાણતા હશો.
જરા કહો તો તેઓ ક્યા દેશમાં જન્મ્યા હતા?"
"હું જાણતો નથી."
"ઈસુ મરણ પામ્યા, ત્યારે તેમની ઉંમર કેટલી હતી?"
"હું જાણતો નથી."
"જાહેર જીવન દરમિયાન ઈસુએ કેટલાં પ્રવચન આપ્યાં હતાં ?"
"હું જાણતો નથી."
"જેમને તમે તમારા મુક્તિદાતા તરીકે સ્વીકાર્યા છે,
તેમના વિશે તમે કંઈપણ જાણતા નથી ?"

"ઈસુ વિશે હું ખૂબ ઓછું જાણું છું, તેનો મને ક્ષોભ થાય છે પણ આટલું હું અચૂક જાણું છું : ત્રણેક વર્ષ પહેલાં હું દારુડિયો હતો, દેવાદાર હતો. મારો પરિવાર પાયમાલ થઈ ગયો હતો. મારી પત્ની અને બાળકો, રોજ ઘેર જતાં મારાથી ડરતાં હતાં. હવે મેં પીવાનું છોડી દીધું છે, દેવું રહ્યું નથી, અમારો પરિવાર સુખી છે. આ બધું જ ખ્રિસ્તના પ્રતાપે શક્ય બન્યું છે. માત્ર આટલું તેમના વિશે હું જાણું છું."

ખ્રિસ્તના પ્રતાપે મળેલ આ નવું જીવન નથી શું? તાજેતરમાં જ સ્નાનસંસ્કાર દીક્ષા મેળવનાર એક મિત્ર સાથેનો આ સંવાદ એન્થોની ડી'મેલો ના 'સોન્ગ ઑફ ધ બર્ડ' માં વાંચવા મળે છે.

જન્મથી આંધળા માણસને ઈસુએ દેખતો કર્યો એ વાતે ફરોશીઓ પેલા આંધળા માણસ અને તેના માબાપ પર ઉપરાછાપરી પ્રશ્ન કરે છે ત્યારે ઈસુ વિશે ઝાઝું ન જાણનાર માત્ર એટલું જ કબૂલ કરે છે : 'એ પયગંબર છે.' (યોહાન ૯:૧-૪૧) ઈસુના જન્મથી આજદિન સુધી જેમણે જેમણે ઈસુનો મુક્તિદાતા તરીકે સ્વીકાર કર્યો છે તે તમામનો આવો જ અનુભવ છે.

'પરમધામમાં ઈશ્વરનો મહિમા અને પૃથ્વી ઉપર
ઈશ્વરના પ્રીતિપાત્ર માણસોમાં શાંતિ.' (લૂક ૨:૧૪)

આગમનઋતુ અને નાતાલકાળ, શાંતિ અંગે વિચારણાનો સાનુકૂળ સમય છે. ગમાણમાં ઘાસશૈયામાં પોઢેલા બાળઈસુ આપણાં અંતર હૂંફ અને ખુશીઓથી છલકાવી દે છે. માનવ માત્ર શાંતિનો અનુભવ કરે એવી અરજ અનાયાસે આપણાં અંતરમાં જાગે છે. આગમનઋતુના કાળ પહેલાં, સામાન્યકાળના અંતિમ ચરણમાં ધર્મસભા ઈસુના પુનરાગમનની યાદ અપાવે છે. માનવપુત્ર મહિમાભર્યા સિંહાસન પર બિરાજશે અને શાંતિના સામ્રાજ્યની સ્થાપના કરશે. ત્યાં કોઈ ભાગલા, ગરીબાઈ કે આધિ-વ્યાધિ-ઉપાધિનું નામોનિશાન નહીં રહે, હિંસા ભૂતકાળ બની ગઈ હશે. સૈનિકો પોતાનાં શસ્ત્રો હેઠાં મૂકશે. દુશ્મન દોસ્ત બની ગયા હશે, અરે મૃત્યુ, માનવજાતનો અંતિમ દુશ્મન પણ નાશ પામશે!

'તારું રાજ્ય આવો' એવી આપણે નિત્ય પ્રાર્થના કરીએ છીએ. પ્રભુનું રાજ્ય એટલે કે શાંતિનું સામ્રાજ્ય. અશાંતિ વિનાના સામ્રાજ્યની કલ્પના માત્ર સુખદ છે ત્યારે ઈસુએ આપણને સ્વર્ગીય રાજ્યનું વચન આપ્યું છે, તે પરિપૂર્ણ થવાની પ્રતીક્ષા પણ શાંતિનો અનુભવ કરાવે છે. યાદ રાખીએ, ઈસુ શાંતિનો રાજકુમાર છે, હાલની અશાંત દુનિયામાં તે આપણને શાંતિ પ્રદાન કરવા ઉત્સુક છે, આપણે ઈસુની શાંતિની ઝંખના કરીએ. પ્રત્યેક માનવ સુખી, સફળ અને સ્વસ્થ જીવન જીવવા ઈચ્છે છે પણ આપણે સારી રીતે જાણીએ છીએ કે આ સ્વપ્ન છેતરામણું લાગે છે. શાંતિ માટેની આપણી આકાંક્ષાને, આપણી જ યુદ્ધખોર માનસિકતા ભોંય ભેગી કરી દે છે! લોભ-સ્વાર્થને કારણે હિંસાની આગમાં આજનું વિશ્વ ભડકે બળે છે ત્યારે તેને ઠારવું ઘડીભર નહિંમત કરી દે છે! આ વિકટ સંજોગો માટે ઘણાં કારણો-પરિબળો જવાબદાર છે પરંતુ મહત્ત્વનાં કારણોમાંનું એક હોઈ શકે- શાશ્વત શાંતિ મેળવવાની આપણી અદમ્ય ઉત્કંઠા પર આપણી સ્વાર્થી ઈચ્છાઓ સવાર થઈ જાય છે!

સંત પાઉલ આવી જ અસમંજસ વ્યાકુળતા ઠાલવે છે. "હું જે ઈચ્છું છું તે સારુ કાર્ય હું કરતો નથી, પણ હું જે નથી ઈચ્છતો તે બૂરુ કાર્ય હું કરતો હોઉં છું."(રોમ:૮:૧૯) આ જ આપણો અનુભવ નથી શું! સંત પાઉલની જેમ આપણે પણ નેક બનવા માગીએ છીએ પણ આ ભ્રામક દુનિયા આપણને સરળતા તરફ ખેંચે છે. આપણે કોઈક ને ચાહવા ઈચ્છીએ છીએ પણ તે વ્યક્તિ જ આપણને ગુસ્સે કરે છે. આપણે પ્રાર્થના કરવા માંગીએ છીએ પણ દુનિયાદારીની વ્યસ્તતા આપણને ભૂલાવી દે છે! આપણે માફી આપવા તૈયાર છીએ પણ પૂર્વશરત મૂકીએ છીએ કે તેમણે સામે આવીને ભૂલની કબૂલાત કરવી જોઈએ.

એટલે આપણામાં સ્થૂળ માનવ પ્રકૃતિ અને આધ્યાત્મિક મનોવૃતિ વચ્ચેનો ગજગ્રાહ નિરંતર ચાલે છે, જેને સંત પાઉલે પત્રમાં સુરેખ વર્ણવ્યો છે. 'સ્થૂળ માનવપ્રકૃતિ અનુસાર જીવનારા-ઓની મનોવૃત્તિ પ્રાકૃત બાબતોમાં જ પરોવાયેલ રહે છે, જ્યારે પવિત્ર આત્મા અનુસાર જીવનારાઓની મનોવૃત્તિ આધ્યાત્મિક બાબતોમાં પરોવાયેલ રહે છે. સ્થૂળ પ્રકૃતિપ્રેરિત મનોવૃત્તિને અનુસરવી એટલે મરણ; પણ પવિત્ર આત્માપ્રેરિત મનોવૃત્તિને અનુસરવી એટલે જીવન અને શાન્તિ. કારણ, સ્થૂળ પ્રકૃતિની વૃત્તિ એટલે ઈશ્વર સાથે વેર; એ ઈશ્વરના નિયમને વશ થતી નથી; બલકે, થઈ શકતી જ નથી; સ્થૂળ પ્રકૃતિ અનુસાર જીવનારાઓ ઈશ્વરને પ્રસન્ન કરી શકતા નથી. પણ તમે કાંઈ સ્થૂળ પ્રકૃતિ અનુસાર જીવનારા

માણસો નથી, તમે તો પવિત્ર આત્મા અનુસાર જીવનાર માણસો છો, કારણ, ઈશ્વરનો આત્મા તમારામાં વસે છે. કોઈ માણસમાં ખ્રિસ્તનો આત્મા ન હોય તો તે ખ્રિસ્તનો નથી; પણ જો ખ્રિસ્ત તમારામાં વસતા હોય, તો પાપને કારણે ભલે તમારો દેહ મરી જાય છતાં તમને મળેલ પાપ-મુક્તિને કારણે પવિત્ર આત્મા જીવન બક્ષશે.' (રોમ:૮:૫-૧૦) અને 'તમારી પહેલાંની જીવનરીતિનો ત્યાગ કરો, ભુલાવામાં નાખનાર વાસનાઓથી સડતી જતી જૂનીપુરાણી પ્રકૃતિની કાંચળી ઉતારી નાખો, અને મન અને આત્માથી નવા બની, ઈશ્વરને અનુરૂપ રીતે સર્જાયેલી તથા સાચી ધાર્મિકતા અને પવિત્રતા રૂપે વ્યક્ત થતી નવી પ્રકૃતિ ધારણ કરી લો.'(એફેસસ ૪:૨૨-૨૪).

આપણે સદ્ ઈરાદાઓનો સંકલ્પ કરીએ છીએ પણ આપણો સ્વાર્થ અને ઘમંડ સરળતાથી તેની ઉપરવટ થઈ જાય છે. અંતે સંત પાઉલના વર્ણન મુજબ જ આપણે અજંપામાં નિરાશ બનીએ છીએ.

ઈશ્વરદત શાંતિ અને દુન્વયી શાંતિ(!) વચ્ચેની ભેદરેખા નામશેષ થવાથી પણ ઘણીવાર આપણે સાચી શાંતિથી દૂર ફંગોળાઈ જઈએ છીએ. સ્વસ્થ બાળકો , પ્રસન્ન દામ્પત્ય જીવન, સફળ કારકિર્દી, સંપતિ અને તંદુરસ્તી વગેરે પર દુન્વયી શાંતિ નિર્ભર હોય છે. પીડા રહિત, સંઘર્ષ વિનાનું જીવન એવો દુનિયાધારી અર્થ અહીં નિપજે છે. વાસ્તવમાં આમાંનું કંઈપણ ગેરવાજબી નથી. સારી તંદુરસ્તી, આર્થિક સદ્ધરતા અથવા પ્રેમાળ પરિવારનો પ્રભુએ ક્યારેય ઈન્કાર કર્યો નથી! પણ આથી વિપરિત પરિસ્થિતિ બેકાબૂ બની જાય, હદ બહાર વણસી જાય ત્યારે શું?

આપણી અવદશા મહાભારતના અર્જુન જેવી જ છે. મહાભારતના યુદ્ધનો આરંભ થવાની તૈયારી જ હતી. શ્રીકૃષ્ણના માર્ગદર્શન અને પ્રત્યક્ષ આદેશાનુસાર પાંડવ સૈન્યની વ્યૂહરચના ઉત્સાહજનક હતી તેમ છતાંયે અર્જુનના મનમાં કંઈક ગરબડ થઈ હતી. ચંચલત્વ આવતાં જ અર્જુનમાં અર્જુનપણું જ રહ્યું નહિ. તે અટક્યો, પાછો ફર્યો. અહીં અર્જુન સામાન્ય સ્ખલનશીલ મનુષ્યનું પ્રતિનિધિત્વ કરે છે. પોતાનું અસામર્થ્ય કબૂલ કરીને અર્જુન શ્રીકૃષ્ણનું શરણું સ્વીકારે છે ત્યારે 'વિરાટદર્શન'નો અધિકારી બને છે. આપણે નિર્બળ છીએ, એવો એકરાર કરીને પ્રભુની મદદ માગીએ તો આપણે સબળ બનીશું.

(સંદર્ભઃ ગીતામૃતમ્ - શ્રી પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલેનાં પ્રવચનો)

છેલ્લા ભોજન સમયે ઈસુએ શિષ્યગણને ઊદ્દેશીને કહ્યું હતું : "હું તમારે સારુ શાન્તિ મૂકતો જાઉં છું, મારી પોતાની શાન્તિ તમને આપતો જાઉં છું; હું જે શાન્તિ આપું છું તે સંસાર આપે છે તેવી નથી. તમારાં અંતરને અસ્વસ્થ થવા દેશો નહિ તેમ હિંમત પણ હારશો નહિ. (યોહાનઃ૧૪ઃ૨૭) અને "ખાતરી રાખજો કે, હું યુગના અંત સુધી સદા તમારી સાથે છું."(માથ્થી૨૮ઃ૨૦) વચનોમાં વિશ્વાસ મૂકનાર અને ઈસુએ સ્વયં મને મુક્તિ અપાવી છે એવો ભરોસો સેવનાર જ આ શાંતિ અનુભવી શકે છે. ઈસુએ મને શેતાનના સંકજામાંથી છોડાવ્યો છે, ઈશ્વરનું સંતાન બનાવ્યો છે, એવો અહોભાવ શાંતિનો પ્રેરક બને છે. ઈસુની કૃપાએ આપણા માટે સ્વર્ગનાં દ્વાર ખોલી નાખ્યાં છે, શાશ્વત જીવન અમને મળવાનું છે એવી આસ્થા, અશાંતિને બહાર રાખે છે. વિશેષમાં ઈસુએ શિષ્યોને શાંતિનું અભય વચન આપ્યું હતું "આ બધું મેં તમને એટલા માટે કહ્યું છે કે જેથી મારા સાનિધ્યમાં તમને શાંતિ મળે. જગતમાં તો તમારે ભીંસ જ વેઠવાની છે, પણ હિંમત રાખજો! જગત ઉપર મેં વિજય મેળવ્યો છે."(યોહાનઃ૧૬ઃ૩૩)

પ્રભુની શાંતિ અંતરતલને શાંત કરનારી શાંતિ છે, જેનો અનુભવ સાનુકૂળ અને પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ કરી શકીએ છીએ. ઈસુ જાણતા હતા કે જ્યારે તેમને પકડવામાં આવશે, ક્રૂસે ચડાવવામાં આવશે ત્યારે શિષ્યોની શાંતિ હણાઈ જશે અને તેઓ ઈસુને તરછોડી જશે. અને એવું બન્યુ પણ ખરું. પરંતુ ઈસુ એમ પણ જાણતા હતા કે તેઓ પુનઃ પરત આવશે અને વિશ્વાસ સંપાદન કરશે- શિષ્યો પાછા આવ્યા હતા પણ ખરા. શિષ્યગણે જગતની ભીંસ વચ્ચે કેવી રીતે શાંતિમાં રહેવું તે શીખી લીધું હતું. તેમની શાંતિ એટલે જ્યાં સંઘર્ષ નહિ, તેવી અશાંતિ નહિ પરંતું ઈસુના નિકટ સાંનિધ્યમાંથી, ઊત્તરોતર વૃદ્ધિ પામતા સંબંધમાંથી પ્રાપ્ત ચિરંજીવી શાંતિ હતી.

કોઈના માટે કોઈ અપવાદ નથી. દુનિયામાં પ્રત્યેકે ભીંસ અનુભવવાની જ છે. કોઈ રોજગાર ગુમાવે અને નાણાકીય સંકડાપણ અનુભવે. કોઈકનું લગ્નજીવન કંકાશવાળું હોય, કોઈનાં બાળકો કહ્યામાં રહ્યાં ન હોય કે કોઈને માટે આ બન્ને આપદા સાથે મળી હોય, કોઈ ગંભીર માંદગીના બિછાને હોય. મોટાભાગનાને વ્હાલાં સ્વજનની વિદાય વસમી લાગે છે. આ યાદી અપરંપાર છે. પણ વાંધો નહીં, આપદાઓ વચ્ચે આપણે છીએ અને ઈસુ આપણી સાથે છે, જે શાંતિ પ્રદાન કરશે.

ઈસુએ જાહેર જીવન દરમિયાન ઠેકઠેકાણે શિષ્ય સમુદાયને શાંતિ સ્થાપના માટે અનુરોધ કર્યો હતો. પદાર્થપાઠ દ્વારા તેમણે પણ નમ્રતા અને ક્ષમાના માર્ગે શાંતિ સુલભ કરવા નિર્દેશન કર્યું હતું. ક્રૂસારોહણની કપરી સ્થિતિમાં પણ "હે પિતા આ લોકોને માફ કર, પોતે શું કરે છે એનું એમને ભાન નથી" નિવેદન દ્વારા સ્વસ્થતા પ્રગટ કરી હતી. પુનરુત્થાન પછી ભયભીત શિષ્યો વચ્ચે પ્રત્યક્ષ થઈ સાંત્વના આપે છે :

"તમને શાંતિ હો." એજ ઈસુ આજે માનવજાતને શાંતિ આપે છે. એટલે ખ્રિસ્તજયંતી અને નૂતનવર્ષે, ગભાણમાં બાળ ઈસુને નિહાળીએ ત્યારે હર્ષોવેશમાં શાંતિની લહેર દિલને સ્પર્શી જાય કે પછી ખ્રિસ્તયજ્ઞમાં 'શાંતિ શુભેચ્છા' પ્રદાન કરતાં અથવા એકબીજાને ખ્રિસ્તજયંતી-નૂતનવર્ષની શુભેચ્છા પાઠવતાં શાંતિની લાગણી જન્મે, તે માત્ર ક્ષણિક લાગણી ન હોય! માની લઈએ કે બે હજાર વર્ષ પહેલાં શાંતિદૂત તરીકે જન્મેલા ઈસુ આજે પણ શાંતિ પ્રદાન કરવા હાજર છે. આપણા જીવનમાં સારાનરસા પ્રસંગોમાં શાણપણ અને સ્વસ્થતા દ્વારા શાંતિનું વરદાન આપે છે. નૂતનવર્ષ-૨૦૧૭ ના આરંભે, ઈશ્વર પાસેથી મહાનભેટ 'શાંતિ' મેળવીએ અને એ જ બક્ષિસ બીજાને આપીએ. "ઈશ્વરનું રાજ્ય પવિત્ર આત્માએ પ્રેરેલા ધર્મ, શાંતિ અને આનંદમાં છે. એટલે આપણે શાંતિ સ્થપાય અને એકબીજાનું ઘડતર થાય એ માટે મથ્યા કરીએ."

(રોમ :૧૪:૧૭-૧૯)

— જસવંત મેકવાન

પાવન હૃદય
**દૂત**

# કાવ્યધારા



## નાતાલ

હવે અંધાર યુગોનો થયો ગઈકાલનો અવસર,
ખુશીનો સૂર્ય ઉગ્યો છે બની નાતાલનો અવસર.

ગભાણે ફૂલગુલાબી પવનનાં તોરણો ઝૂલે,
ઊડે છે ઝુલ્ફ સોનેરી ગુલાબી ગાલનો અવસર.

બેસુરી જિન્દગીના તારને સૌ મેળવી લેજો,
સજાવો જિન્દગીના સાજ આ છે તાલનો અવસર.

અમારો છે, તમારો છે, ખુશીનો આ દિવસ આજે,
વધાવો હેતથી આજે પ્રભુના લાલનો અવસર.

હવે શેતાનની તલવારનું ઉપજે નહીં કાંઈ,
હવે તલવારની સામે પ્રભુની ઢાલનો અવસર.

*— યાકુબ પરમાર*

## નવું વરસ

ખરે પર્ણો પીળાં, તવ હરિત પર્ણો જનમતાં,
ખરે પુષ્પો ત્યારે, નવલ ફળ ડાળે લચકતાં.

જૂના પા'ણાં તૂટે, તવ હીરક શાં નંગ બનતાં,
જૂના જીદ્દી હૈયા, સમય વીતતાં નમ્ર બનતાં.

વીત્યે કાળી રાત્રિ, ધવલ કિરણો તેજ ધરતાં,
કળીના ઉઘાડે, વિવિધ ફૂલડાં જન્મ ધરતાં.

જૂનું જાય ત્યારે, નવલ રૂપ પોતે પ્રગટતાં,
ટળે પાપો ત્યારે, હૃદય મન નાવીન્ય ધરતાં.

જુઓ! સામે ઉષા પૂરવ દિશમાં દિવ્ય ઝલકી!

*— સુરેન્દ્ર આસ્થાવાદી*

## પ્રગટે નવયુગ

હે રવિ થંભી જા ઘડીભર,
કિરણોને ઑર ધગધગતા કર,
કે ટળી જાય ઘોર આ અંધકાર,
ને ઝળહળ પ્રગટે નવયુગ અવતાર....

જાતિભેદનાં આ બંધન,
ઓઢેલા ઘૂંઘટે રૂંધાય શ્વાસ,
ભરી દો હવામાં સુગંધિત આશ,
કે રડતી ઊર્મિ ખીલી ઊઠે આજ!

જીર્ણશીર્ણ બંધ કિલ્લાઓ ખોલો,
ચોંટી ગયેલ ચમગાદડ ઉખેડો,
જડ-રુગ્ણ વિચારને છોડો,
શોષણલીલા પર ઝીંકો હથોડો,
લઈ મશાલ આગે બઢતે ચલો!

*— સવિતા પરમાર*

## વરસાદ છે

એક ઈચ્છા આપણી પણ ખાસ છે,
ભીતરે પડતો રહે વરસાદ છે.

શ્વાસ સાથે જિંદગી જીવ્યા કરે,
રોજ રાતે ઊંઘતી એ લાશ છે.

દ્વાર પર આવી તમે અટકી ગયા,
હાજરી તારી અહીં ચોપાસ છે.

આભથી ઊંચે કદી ઊડે નહીં,
સાવ ખાલી હાથમાં આકાશ છે.

એક ઈચ્છા લ્યો, હવે પૂરી કરો,
હાથમાં આ હાથ, સાથે શ્વાસ છે.

*— કલ્પેશ સોલંકી 'કલ્પ'*

## શા માટે?

તમે પ્રાર્થના કરો છો શા માટે?
ને રવિવારે જાવ છો દેવાલય?

દયાળુ, કૃપાળુ, કરુણાળુ-
શબ્દો વદો છો શા માટે?

મેં શીખવેલું, વદેલું, ને આચરેલું,
અવગણો છો શા માટે?

વાવો છો બાવળને,
કેરી શોધો છો શા માટે?

આવ્યો'તો હું તમ કાજે,
ક્રોસ પર લટકાવી દીધો,

અને બીજું ઘણું બધું, ઘોલ, કોરડા,
કાંટાનો મુગટ ને મશ્કરી!

હવે આવ, પ્રભુ, રહેમ કર,
વદો છો શા માટે?

*— નટુભાઈ વાઘેલા*




સરનામું:




To,
**ડૉ. સિલાસ પટેલિયા**
**૨૦૧-સેફ્રોન ક્લાસિક**
SBS Colony, **ડિલક્ષ ચાર રસ્તા**
**નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨**
**મો: ૯૩૭૭૨૬૬૮૨૮**




# તમારો પત્ર




**(૧)**

સને ૨૦૧૬ ખ્રિસ્તજયંતી નિમિત્તે પ્રસિદ્ધ થયેલ માહે ડિસેમ્બરના પાવન હૃદય 'દૂત'નું વાંચન-મનન અને ચિંતન કર્યું. સૌ પ્રથમ જોકીમ મકવાણા લિખિત ઈસુસંઘી નવ પુરોહિતગણના દીક્ષાગ્રહણ પૂર્વે તેમના ઉદ્દેશ્ય સહ જીવનની ઝાંખી ઝલક ટૂંકી હોવા છતાં અર્થસભર અને સમયોચિત્ત જણાયાં, જે આજના સમયે સીમિત પરિવાર અને ભૌતિક ઝાકમઝોળ પરિસ્થિતિમાં સંન્યસ્તવર્ગમાં જોડાવામાં ઓટ આવી રહી છે ત્યારે આવા સમયે ઈસુસંઘમાં સંન્યસ્તગણમાં સહભાગી થનાર યુવકોને પ્રેરણાદાયી બનશે અને દઢમનોબળ પુરુ પાડશે. નવદીક્ષાર્થી પુરોહિતગણને અંતરનાં અભિનંદન.

મુરબ્બીશ્રી જયંત સુતરિયાનો લેખ 'વર્ષની ઉત્તમભેટ' આપણા સૌ માટે અમૂલ્ય ભેટ મળી ગણાશે. સંત મધર થેરેસાના નિર્મળ પવિત્ર સરળ સાદાઈ સાથે ઈસુની સાચી શિષ્યા તરીકે જે સેવાકાર્ય કર્યું તેની માહિતીસભર જીવનઝલક ધર્મજનો સમક્ષ લેખન સ્વરૂપે આપી તે સૌને માટે પ્રેરણાદાયી બનશે તે નિર્વિવાદ હકીકત બની રહેશે. શ્રી જયંત સુતરિયાને અભિનંદન.

ડીકન જેરી ડિક્સનનો લેખ 'સંન્યસ્ત હોવાનો આનંદ'માં પોતાના મનની વાત નિખાલસપણે જણાવી, વધુમાં સંન્યસ્તસંઘમાં જોડાવા માટે પ્રાર્થના પરિવારની ધાર્મિકતા એ મુખ્ય પરિબળ છે. તેવુ દિશાસૂચન હાકલ માટે પ્રેરણારૂપ બની રહેશે. નવદીક્ષાર્થી સૌને અભિનંદન.

છેલ્લે 'જુગ જુગ જીવો સ્પેનીશ ધર્મગુરુઓ' લેખમાં ગુજરાતના ખ્રિસ્તી ધર્મસભાના પાયારૂપ આધારસ્તંભ બનેલા સ્પેનિશ ધર્મગુરુઓની કાર્યશૈલી રજૂ કરી છે જે આજની યુવાપેઢીને પ્રેરણાસ્રોત બની રહેશે. વિદેશની આબોહવા-ખોરાકપાણીથી ટેવાયેલા આપણા-ગંદાવસવાટ-તેમજ સાદાં ખોરાકપાણીને અનુકૂળ થતાં, શિક્ષણ-દવાખાનાં, અનાથાશ્રમો, દેવાલય તેમજ પ્રેસ જેવાં સ્થાપ્રયો યુગોનાયુગો સુધી અવિસ્મરણીય રહેશે તેમાં બેમત ન હોઈ શકે. માહિતીસભર સેવાકાર્યની કદરરૂપ લેખ લખવા બદલ શ્રી આમ્બ્રોસ ડાભીને અભિનંદન.

*– શાંતિલાલ મેકવાન (બોચાસણ)*

**(૨)**

'દૂત' ડિસેમ્બર-૨૦૧૬માં 'આશા' શીર્ષક અંતર્ગત પ્રગટ થયેલો તંત્રીલેખ વિચારોની લહેરો જન્માવે છે અને એક ઊંડા વિધાયક વલણનો આવિર્ભાવ ભાવકવાચકના ચિત્તમાં પ્રેરે છે. 'આશાના મિનારાઓ માનવીને રડાવે છે' એવી કહેવતની સામે 'આશા અમર છે...' કે 'કહીં લાખો નિરાશામાં એક આશા છૂપાઈ છે.' એવી કહેવતો પણ છે જ ને! કેવળ આશાના મિનારા રચવાને કર્મશીલતાના નામે આળસ! તો શું થાય? સીરિયાનો સંદર્ભ તમે ટાંક્યો છે ને માનવીય દુર્દાન્ત અવદશાનું ચિત્ર ખડું કર્યું છે એ અંતરને અડી જાય છે. એ પછી ઈસુવાણી અને ઉદાહરણ આ બંને બાબતોથી લેખ ભારે અસરકારક બન્યો છે. કોઈ પણ નિરાશાગ્રસ્ત માનવીને બેઠો કરી દે એવું સામર્થ્ય આ લખાણમાં છે. આની જ તો સાંપ્રત સમયના સંદર્ભમાં જરૂરત છે ને! બધું મળે છે. શાંતિ ક્યાં છે? આશા ગુમાવવી સરળ છે. ટકવું અઘરું છે. જે ટકે છે એજ આશામાંથી નવું જ પ્રભાત ફૂટતું ભાળે છે. સરસ લેખ માટે અભિનંદન.

શ્રી આમ્બ્રોસભાઈ ડાભીનો- 'જુગ જુગ જીવો સ્પેનિશ ધર્મગુરુઓ' એક મૂલ્યવાન લેખ છે, કેમકે આનું દસ્તાવેજી મૂલ્ય ઘણું છે. ભારતમાં ને વિશેષતઃ ગુજરાતમાં આવેલા સ્પેનિશ ફાધર અંગેના ઈતિહાસનું આ લેખ નિવેદન છે, જે ઈતિહાસ અથ તે ઈતિ લખાવો બાકી છે. આમાં તો સમગ્રતયા છે. મિતાક્ષરી જ પરિચય છે. મારે આપને નમ્ર સૂચન કરવાનું કે 'દૂત'માં અવારનવાર યા દર અંકે આવા સ્પેનિશ ફાધર વિષે વિગતે વ્યક્તિચિત્ર-લેખ, યોગ્ય વ્યક્તિ પાસે લખાવી પ્રગટ ના કરી શકાય! આ કામ અઘરું છે પણ જેટલું થાય, એટલું અમૂલ્ય જ બની રહેવાનું. ગુજરાતના ૬૫થી ૯૦ વર્ષની વયના વડીલો પાસેથી એ ઈતિહાસ મળે. જો કે આતો સૂચન જ છે, જે સૂઝયું ને વ્યક્ત કર્યું, બાકી વ્યવહારમાં આ દુષ્કર કાર્ય છે જ.

ફાધર એસ્પીતાર્તે રૌપ્ય ચંદ્રક અર્પણ સમારોહના ઉત્કૃષ્ટ કાર્યક્રમ માટે ખૂબ ખૂબ અભિનંદન. ફ્રેડરિકભાઈના પરિચયલેખ અને જે ફાધરના નામ સાથે આ ચંદ્રક જોડાયેલો છે ને જેની ઈચ્છાથી આ થયું છે એમના વિશે પણ લેખ હોય તો કેમ! એટલે કે ફાધર વિશે, ને એમના જીવનકાળ અંગે પણ એક દસ્તાવેજી લેખ આપણને મળે. નવી પેઢી અને જૂની પેઢીના વાચકવર્ગને પણ જાણકારી મળે. આ તો મને આવો વિચાર આવ્યો, એ મેં રજૂ કર્યો છે. ઘટતું કરશોજી.

*– ડૉ. સિલાસ પટેલિયા (વડોદરા)*

**(૩)**

ડિસેમ્બર ૨૦૧૬ ના 'દૂત' મુખપૃષ્ઠને જોતાં જ બે ઘડી જોવાનું મન થાય. 'દૂત' ગુજરાતભરમાં નહીં ભારતભરમાં અરે સમગ્ર વિશ્વમાં

જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે, ત્યાં સોથી શ્રેષ્ઠ સામાયિક છે. તેનો મને આનંદ છે.

'આશા' શીર્ષક ઘણું બધું કહી જાય છે. તંત્રીશ્રીની કલમેથી લખાયેલ લેખ ખૂબજ સુંદર છે. જીવનમાં આશા અમર છે. વિવિધ ઉદાહરણ દ્વારા લેખને સમૃદ્ધ કરવા બદલ તંત્રીશ્રીને મારાં અભિનંદન. 'કાવ્યધારા'નાં તમામ કાવ્ય માણવા યોગ્ય છે. સુંદર કાવ્ય રચના-'બાળ ઈસુના દર્શન કરતાં'... બદલ ડૉ. સિલાસ પટેલિયાને મારાં અભિનંદન.

પૂજ્ય ફાધર વર્ગીસ પોલ એસ.જે. 'દૂત' પૂર્વ તંત્રીશ્રીનો લેખ 'નાતાલનો અનુભવ'ના હકારાત્મક વિચારોને વર્તનમાં વિકસાવવા આપણે સભાનપણે પ્રયત્ન કરીએ. નાતાલનો નવત્તર સંદેશ આપવા બદલ રેવ. ફાધર આપને મારાં અભિનંદન. રેવ ફાધર એન્દુ સિલ્વેરા એસ. જે. જેઓની કલમે થી 'આપણો ધર્મપરિવાર', રેવ ફાધર વિલિયમ પીયૂષ એસ. જે. દ્વારા 'સર્વધર્મ સમભાવ', રેવ ફાધર વિનય મેકવાન એસ. જે. દ્વારા 'મનની મિરાત' લેખ મળ્યા છે. ત્રણેય ફાધરને અભિનંદન.

'દૂત' તંત્રીમંડળને નવા વર્ષની શુભેચ્છા અને હાર્દિક અભિનંદન.

*– શૈલેષ વાણિયા (ખંભોળજ)*

(૪)

'પાવન હૃદય દૂત'ના મુખ્ય ત્રણ ધ્યેય પૈકી ત્રીજું ધ્યેય - 'ઈસુ ધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.' તેને ચરિતાર્થ કરતા 'સર્વધર્મ સમભાવ' અંગેના લેખો છેલ્લા બેત્રણ માસના 'દૂત'માં પ્રકાશિત થયેલ છે. સર્વ લેખકો અને 'દૂત' પરિવારને અભિનંદન.

માહે ડિસેમ્બર ૨૦૧૬ના 'દૂત' માં ફાધર વિલિયમ પીયુષ એસ. જે. નો આ જ વિષયને ઉજાગર કરતો 'સર્વધર્મ સમભાવ' લેખ વાંચી અગાઉ એક પુસ્તકમાં વાંચેલ તેમના એક લેખનું સ્મરણ થઈ આવ્યું. દિગંત ઓઝા સંપાદિત 'માણસાઈની પૂજા' પુસ્તકમાં ફાધર વિલિયમનો આ જ પ્રકારના લેખનો સમાવેશ તેઓએ કરેલ છે. તેમાં ફાધર વિલિયમે ખૂબ જ વિસ્તૃત રીતે અન્ય ધર્મના લોકો સાથેના તેમના અનુભવો વિવિધ દૃષ્ટાંતો સાથે આલેખેલ છે : ''પહેલાં મને ઈશ્વરનાં દર્શન કેવળ ઈસુમાં જ થતાં હતાં. બાઈબલમાં, ચર્ચમાં, નાતાલની ઉજવણીઓ અને ઈસાઈઓમાં જ હું ઈસુ ભગવાનને નિહાળી શકતો. પછી જુદી જુદી ધાર્મિક માન્યતાઓ ધરાવતી એવી સારી અને સેવાભાવી વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા બાદ મને ભગવાનનાં દર્શન બધે જ લાધ્યાં : મંદિર, મસ્જિદ અને દેરાસરમાં. પૂજા, નમાજ અને આરતીમાં. મારા સન્મિત્ર એવા અબ્દુલ સતારની ઈદની બીરિયાનીમાં, પ્રભુદાસ પહાડપુરીનાં દિવાળી પર્વનાં ઘૂઘરા અને ઢોકળાંમાં, મેથ્યુસ ડિ'સોઝાની નાતાલની કેકમાં. ઈશ્વરના દર્શન મને ચોતરફ થવા લાગ્યાં. કારણ એના પાવન દર્શનની મારી ક્ષિતિજો વિસ્તરીને હવે ઘણી વિશાળ થઈ હતી.''

યોગાનુયોગ માહે ડિસેમ્બર ૨૦૧૬ના 'દૂત' માં સ્પેનિશ ધર્મગુરૂઓ અંગેનો શ્રી આમબ્રોસ ડાભીનો લેખ વાંચી એક એવા જ સ્પેનિશ ધર્મગુરુનું સ્મરણ થઈ આવ્યું, જેમણે આજથી ચાલીસ વર્ષ અગાઉ અમારા ગામમાં 'સર્વધર્મ સમભાવ'ની એક મિશાલ કાયમ કરી હતી. નડિયાદ પાસે આવેલ મારા ગામ દંતાલીમાં પાણીની ખૂબ જ તકલીફ હતી. પીવાનું પાણી ગામના કહેવાતા ઉજળિયાતોના કૂવેથી માંગીને લાવવું પડતું. (આપણાથી કૂવાને અડાય નહી એટલે) અને વાપરવાનું પાણી ગામથી બે ગાઉ દૂર આવેલ સિરિલ માસ્તર(ઈન્દુબેન રાવના પિતાજી)ના ખેતરમાંના બોરકૂવાએથી લાવવું પડતું. તે અરસામાં નડિયાદથી ફાધર હેરેરો દર માસે પરમપૂજા અર્પણ કરવા આવે. અમારી પાણીની તકલીફ જાણી તેમણે આ અંગે કાંઈ કરવાનું વિચાર્યું. ફળિયાની પંચઈ જમીનમાં કૂવો બનાવી આપવા કેટલાકે ફાધરને વિનંતિ કરી. તે સમયે અમારા ગામમાં સરકારની કોઈ યોજનામાં પાણીની ટાંકીનું કામ મંજૂર થયેલું પણ લોકફાળો ભરી શકવાની સ્થિતિમાં ગ્રામ પંચાયત ના હોઈ અને લોકોની આર્થિક પરિસ્થિતિ પણ વિકટ હોઈ લોકફાળો ના ભરવાને કારણે તે પાણીની ટાંકીનું કામ રદ થવાની કગાર પર હતું. ફાધર હેરેરાએ આ વાત જાણી અને લોકફાળા પેટે માતબર રકમનું દાન તેમણે, તેમના વતનમાંથી મેળવી આપ્યું અને ગામમાં પાણીની ટાંકીનું કામ શરૂ કરાવ્યું.

આખા ગામમાં 'ખ્રિસ્તીઓના ગુરુ' એ મદદ કરવાને કારણે ઘેર ઘેર પાણી આવશે તેવી વાતો થવા લાગી. કામ પૂરુ થતાં તેના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો, તેમાં ફાધર હેરેરોને અતિથિવિશેષનું ખાસ સ્થાન આપવામાં આવ્યું. આમંત્રિત સરકારી અધિકારીઓ અને રાજકારણીઓ વચ્ચે વિરાજમાન એવા ફાધર હેરેરોના ભાલે અક્ષત કંકુનો ચાંદલો લગાવેલ ગોરું મુખ એક જુદી જ આભા રેલાવતું હતું. મુખ્ય મહેમાન એવા એક અધિકારીએ તેમના વ્યક્તવ્યમાં ફાધર હેરેરોનો ખાસ આભાર માનતાં જણાવેલ કે, ''ફાધર ધારત તો ફક્ત ખ્રિસ્તીઓ માટે જ પાણીની અલગ વ્યવસ્થા કરી શક્યા હોત પણ તેમણે ફક્ત તેમના જ ધર્મના લોકોનું હિત ન વિચારતાં સમગ્ર ગામનું, સર્વધર્મના લોકોનું હિત તેમને હૈયે વસ્યું અને એટલે જ ફાધરની મદદના કારણે જ આખા ગામનો પાણીનો વિકટ પ્રશ્ન આજે હલ થઈ રહ્યો છે.'' અને ત્યારે ફાધર હેરેરો ફક્ત 'ખ્રિસ્તીઓના ગુરુ'ના રહેતાં આખા 'ગામના ગુરુ' થઈ ગયેલા. (અલબત્ત ફાધર હેરેરોએ કોઈનું ધર્મ પરિવર્તન નહોતુ કરાવ્યું, પણ આ પ્રસંગથી ગામના કેટલાકનું હૃદય પરિવર્તન ચોક્કસ થઈ ગયેલું.

રાજેશ ચૌહાણ(અલ્પેશ સોસાયટી - ૨ આણંદ)

**ઈસુસંઘના પૂર્વ સુપીરિયર જનરલ ફાધર પીટર હાન્સ કોલ્વાનબાકના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે.**

**- 'દૂત' પરિવાર**



# ઈશજનેતા માતા મરિયમ

✍ ફાધર ડૉ. રિચર્ડ લોપિસ એસ.જે.

*સ્નેહજ્યોતિ, સેવાસી-વડોદરા*

ઈશજનેતા માતા મરિયમ ઈશ્વરપુત્ર ઈસુનાં માતા અને તમામ ખ્રિસ્તી શ્રદ્ધાળુઓનાં માતા છે. ક્રૂસ ઉપરના પોતાના મૃત્યુ પહેલાં ઈસુએ આપણને એમનાં માતાની ભેટ આપી છે.

માતૃત્વ એટલે માતાનો બાળક સાથેનો અનન્ય નાતો. સર્વપ્રથમ પોતાના ઉદરમાં ધારણ કરીને માતા પોતાના ગર્ભમા ઉછરી રહેલ શિશુને પોતાની રક્તવાહિનીઓના માધ્યમથી પોષક તત્વો પૂરાં પાડે છે. નવ મહિનાઓ સુધી માતાની નાળ સાથે જોડાયેલું બાળક જન્મ પછી માતાના દૂધ, વહાલ અને સંભાળ દ્વારા સશક્ત બને છે. બાળકના શરૂઆતના ઉછેરના વર્ષો ઉપરથી બાળકનું ભાવિ નક્કી થાય છે. કેવળ શારીરિક જ નહિ બલ્કે સર્વાંગસંપૂર્ણ વિકાસ અને ઉછેર માટે બાળક માતા વચ્ચેનો સંબંધ સૌથી મહત્ત્વનો ભાગ ભજવે છે.

દેવદૂતના સંદેશ વડે રજૂ કરવામાં આવેલી ઈશ્વરની મુક્તિયોજનાનો સહર્ષ સ્વીકાર કરીને મરિયમ ઈસુને પોતાના ઉદરમાં અને હૃદયમાં અને નસેનસમાં ધારણ કરીને પોતાની જાતને સંપૂર્ણતઃ ઈસુમય બનાવી દે છે. ઈશ્વરની સૌથી અમૂલ્ય ભેટ ઈશ્વરપુત્ર ઈસુને દુનિયા આગળ તેના મુક્તિદાતા તરીકે ધરી દે છે. આજ્ઞાભંગને લીધે ઈશ્વરના પ્રેમની વિખુટી પડેલી માનવજાતનું ઈશ્વર સાથે ફરીથી સમાધાન કરાવવા મરિયમ ઈશ્વરની ઈચ્છાનું પાલન કરીને ઈસુને માનવરૂપમાં પ્રગટ કરે છે.

ઈસુના માનવ અવતારનું સત્ય એ છે કે મરિયમ ઈશજનેતા છે અને જ્યારે આપણે મરિયમને ઈશજનેતા તરીકે સ્વીકારીએ છીએ ત્યારે આપણે 'ઈસુ એ જીવતાજાગતા પ્રભુ છે' એ શ્રદ્ધાનો એકરાર કરીએ છીએ. જે ઈશ્વર શબ્દ સ્વરૂપમાં હતો તે માનવીરૂપ ધારણ કરે છે ત્યારે એનામાં દૈવી અને માનવી તત્વોનો સુરેખ સંગમ થયેલો જોવા મળે છે. શબ્દ માનવ થઈને આપણી વચ્ચે વાસ કરે છે (યોહાન ૧:૧-૧૮). ઈશ્વર શબ્દને માનવદેહ ધારણ કરવા મરિયમ પોતાનું માતૃત્વ દાનમાં આપે છે અને ઈશજનેતાનું બિરુદ પ્રાપ્ત કરે છે. મરિયમની કૂખમાં જે અસ્તિત્વમાં આવી રહ્યો છે તે ગર્ભધારણના પ્રથમ ક્ષણેથી જ સંપૂર્ણ ઈશ્વર અને સંપૂર્ણ માનવી છે. ધર્મસભાની પ્રારંભની સદીઓમાં એરીયુસ અને નેસ્તોરિયુસ જેવા પાખંડીઓએ એવો મત વ્યક્ત કર્યો હતો કે અનંત મહાન અને દૈવી એવા ઈશ્વર તત્વને મરિયમ જેવી સામાન્ય સ્ત્રી કેવી રીતે પોતાની કૂખમાં ધારણ કરી શકે? એના જવાબમાં તત્કાલીન ધર્મપંડિતોએ 'ઈશ્વરને કશુંય અશક્ય નથી' એવો જવાબ આપતાં તેમના પાખંડી મતોનું ખંડન કર્યું હતું. અમર્યાદ સર્વવ્યાપી એવા ઈશ્વરને અંગુષ્ઠ માત્ર અને મર્યાદિત ગર્ભ બનવું પણ શક્ય છે.

શરૂઆતથી જ શબ્દ-દેહ-રૂપમાં મરિયમની કૂખમાં મોટો થઈ રહેલ ઈશ્વર-માનવને મરિયમ જન્મ આપે છે. અનાદિકાળથી જે હતો તે શબ્દ કાળની પૂર્તતા થતાં જ માનવ સ્વરૂપમાં પ્રગટવા માનવમાતાને પેટે ગર્ભ ધારણ કરે છે અને તે ક્ષણથી ઈસુ 'આપણી સાથે ઈશ્વર' અર્થાત ઈમાનુએલ બનીને વસે છે. મરિયમનું દૈવી માતૃત્વ કેવળ શરીરધર્મ પૂરતાં મર્યાદિત નથી. મરિયમ કૃપાપૂર્ણ, નમ્ર, આજ્ઞાધીન, નિષ્કલંકા અને પ્રિયતમ શિષ્યા સ્વરૂપે આપણને ઈસુની ભેટ ધરે છે.

મરિયમને આપવામાં આવેલું ઈશજનેતા(theotokos) બિરુદ પવિત્ર શાસ્ત્રમાં જોવા મળે છે. કુમારી માતા મરિયમ 'ઈમાનુએલના' માતા છે(માથ્થી ૧:૨૩). "કુંવારી કન્યાને ગર્ભ રહેશે અને તે પુત્રને જન્મ આપશે અને લોકો તેનું નામ ઈમાનુએલ એવું પાડશે. ઈમાનુએલ એટલે ઈશ્વર આપણી સાથે છે." મરિયમને આવેલી જોતાં એલિસાબેત ઉદગારે છેઃ "હું તે કેવી ભાગ્યશાળી કે મારા પ્રભુની માતા મને મળવા આવી"(લૂક ૧:૪૩). ચોથી અને પાંચમી સદીમાં ઉભરતા પાખંડને નાથવા માટે મળેલી ધર્મસભાની તમામ પરિષદો અને વિશેષ કરીને ઈ.સ. ૪૩૧ની એફેસસની પરિષદ ઈસુને ઈશ્વર-માનવ અને મરિયમને એ ઈશ્વર-માનવની માતા અર્થાત 'ઈશજનેતા'(theotokos) કરીને ઓળખાવે છે.

બીજી વેટિકન વિશ્વપરિષદ તેના 'ધર્મસભા વિશેનું સંવિધાન(Lumen Gentium)' માં આઠમો અધ્યાય 'ધર્મસભાના રહસ્યમાં ઈશજનેતા માતા મરિયમનું સ્થાન' સમજાવવા ફાળવે છે. એ અધ્યાયમાં ફકરો ૫૩ મરિયમવિધાની સુંદર સમજૂતી આપે છે. "કુમારી મરિયમે, દેવદૂતના સંદેશ અનુસાર, ઈશ્વરના શબ્દને દિલમાં ને ઉદરમાં ધારણ કર્યો ને જગતની આગળ જીવન ધરી દીધું : આથી કુમારી મરિયમને ઈશ્વરનાં ને મુક્તિદાતાનાં માતા તરીકે સ્વીકારવામાં અને સન્માનવામાં આવે છે. પોતાના પુત્રના પુણ્યને લક્ષમાં લઈ તેમનો અલૌકિક રીતે ઉદ્ધાર કરવામાં આવ્યો હતો. પુત્ર સાથે તે ગાઢ ને અતૂટ બંધને જોડાયેલ હોઈ તેમને ઈશ્વરના પુત્રનાં જનેતાના પરમ પદનું ગૌરવ પ્રાપ્ત થયું છે. આથી તે પરમપિતાની પ્રિય પુત્રી તેમ જ પવિત્ર આત્માનું તીર્થ પણ છે.... આથી મરિયમનું ધર્મસભાના સર્વશ્રેષ્ઠ ને અનન્ય અંગ તથા શ્રદ્ધા અને પ્રેમના આદર્શ નમૂના તરીકે અભિવાદન કરવામાં આવે છે. કેથલિક ધર્મસભા, પવિત્ર આત્માની પ્રેરણાથી, પુત્રીતુલ્ય વહાલ ને ભક્તિથી તેમને પોતાના અતિ વહાલાં માતા તરીકે સન્માને છે."

આજે સમગ્ર વિશ્વભરમાં ખ્રિસ્તીઓ ઈસુએ આપેલી પોતાની માતાની ભેટ સહર્ષ સ્વીકારે છે. નવા વરસના પ્રથમ દિવસે પોતાની જાતને, ધર્મસભાને અને સમગ્ર વિશ્વને માતા મરિયમને ચરણે ધરવા 'ઈશજનેતા માતા મરિયમનું પર્વ ઉજવી વિશ્વશાંતિ દિવસ' પણ ઉજવે છે. ઈસુનાં માતા તે આપણાં પણ માતા છે. એ માતા આપણને ત્રણ મહત્વના સૂત્રો અપનાવવા કહે છે. 'હું તો પ્રભુની દાસી છું, મારે વિષે તારી વાણી સાચી પડો', 'પ્રભુમહિમાના ગાને મારું અંતર છે રમમાણ' અને 'એ કહે તેમ કરજો', આ મરિયમના જીવનનાં સૂત્રો અપનાવીને આપણે પણ ઈશ્વરની ઈચ્છાને સ્વીકારીને, ઈશ્વરનો મહિમા કરીને અને ઈશ્વરની આજ્ઞાઓનું પાલન કરીને મરિયમની જેમ ઈશ્વરના કૃપાપાત્ર બની શકીશું. મરિયમનો આદર્શ અપનાવીને કેવળ ઈસુ માટે જીવવા આપણને કૃપા અને શક્તિ મળે એ માટે ઈસુનાં માતા અને આપણી માતા મરિયમનું શરણું શોધીએ. ●

# વિશ્વશાંતિ દિવસ

✍ જાસીન્તા સી. ડાભી

ઈ.સ. ૧૯૬૮માં વડાધર્મગુરુ પૉલ છઠ્ઠાએ, પહેલી જાન્યુઆરી, નવા વર્ષને 'વિશ્વશાંતિ દિવસ' તરીકે ઉજવણીનો પ્રારંભ કર્યો ત્યારથી આજદિન સુધી કેથોલિક ધર્મસભા ૧લી જાન્યુઆરીને ઈશજનેતા માતા મરિયમના પર્વ સાથે વિશ્વશાંતિ દિવસની ઉજવણી કરે છે. વડાધર્મગુરુનો શાંતિસંદેશ તથા શાંતિ સ્થાપના માટેના વર્ષભરનો કાર્યક્રમ, વિશ્વના દેશોના વિદેશ મંત્રાલયને મોકલી આપે છે.

ઉદાસીનતા એ આજનો અભિશાપ છે, જે અશાંતિને જન્મ આપે છે. દુનિયામાં દુર્જનની દુષ્ટતાને કારણે જે નુકસાન થયું છે, તેના કરતાં પારાવાર નુકસાન સજ્જનની નિષ્ક્રિયતાને કારણે થયું છે! 'મારે શું?' નું ઔદાસ્ય વ્યક્તિવાદને પોષે છે, જે અલગાવવાદ, ઉપેક્ષા, સ્વાર્થને વેગ આપે છે. કાળક્રમે તે કર્તવ્યભાવનાને લૂણો લગાડે છે. વફાદારી આધારિત અંતઃકરણની નિખાલસતાના અભાવમાં, અર્જિત માહિતી કે જ્ઞાન થકી સમસ્યાઓનું નિરાકરણ અશક્ય છે. એટલે કુટુંબના ઘડવૈયા (વડીલ-માબાપ),સમાજના કેળવણીકાર(ગરુજનો), વિવિધ સંસ્કૃતિના ઉપાસકો(ધર્મગુરુઓ), બૌધ્ધિકો તથા કલાકારો જ સંયુક્તપણે સમાજમાં ઉદાસીનતાને દેશવટો આપી શકે એમ છે. દિમાગ અને દિલના આયાસપૂર્વક સંવાદથી જ શાંતિ શક્ય છે. સર્જનાત્મકતા અને હકારાત્મક વલણ તેનાં ઉદ્દીપક છે.

સંયુક્ત રાષ્ટ્રસંઘના નેજા હેઠળ ૨૧મી સપ્ટેમ્બર, આંતરરાષ્ટ્રીય શાંતિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે અને યુધ્ધવિરામ અને અહિંસાના માર્ગે સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થાપના માટે સઘન પ્રયાસ કરવામાં આવે છે. વળી વડાધર્મગુરૂ ફ્રાન્સિસે ૨૦મી સપ્ટેમ્બરને 'વિશ્વ શાંતિ પ્રાર્થના દિન' માટે અનુરોધ કર્યો છે. ગત વર્ષે આ દિવસે આસિસિમાં તેઓ અનેક ધાર્મિક નેતાઓને મળ્યા હતા. આ દિવસે જાહેર સંબોધનમાં તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ''આપણે ઉદાસીન રહી શકીએ નહીં, દુનિયાને આજે પ્રખર શાંતિની તરસ છે. ઘણા દેશમાં પ્રજાજનો યુધ્ધને કારણે પરેશાન છે,જેને નજર અંદાજ કરવામાં આવે છે. તેઓ ગરીબી અને પીડાનો ભોગ બન્યાં છે. યુધ્ધને કારણે સ્થળાંતર થયેલા શરણાર્થીઓની આંખોમાં વેદના છે, તેઓ શાંતિ માટે તડપે છે. જેમનાં જીવન ધૂળધાણી થઈ ગયાં છે તેવાં પરિવાર, જેમણે માત્ર ડરામણી હિંસા જ પ્રત્યક્ષ નિહાળી છે તેવાં બાળકો, જબરદસ્તીથી વતનનો ત્યાગ કરવો પડ્યો છે તેવા વડીલોનો વિચાર માત્ર દુઃખદ છે! આ બધાને શાંતિની અદમ્ય તરસ છે! આવી દારુણ ઘટનાઓ વિસારે પાડી શકાય એમ નથી, તેના કરતાં સાથે મળીને યાતનાગ્રસ્તની ચીખ બધા સંભાળી શકે તે રીતે રજૂ કરવી જોઈએ. હિંસાનાં શસ્ત્ર આનંદનો સર્વનાશ કરે છે, યુધ્ધ આવતીકાલને ઉગતી જ હણી નાખે છે, તે યુધ્ધ સમ્રાટોએ જાણવું જોઈએ.

વિશ્વશાંતિ દિવસ ૧લી જાન્યુઆરી ૨૦૧૭, તેની ૫૦ મી વર્ષગાંઠ છે. વડાધર્મગુરુએ વિશ્વશાંતિ દિવસની સુવર્ણજયંતી પ્રસંગે મહત્ત્વપૂર્ણ સંદેશ આપ્યો છે. 'અહિંસા' શાંતિ માટે રાજકીય તરાહ. ''શાંતિ એક વરદાન છે તે મેળવવા માટે દરરોજ કાર્યરત રહેવું જોઈએ. રોજબરોજ નાના અમસ્તા કામકાજમાં શાંતિનો ઢોળ આપી શકાય છે. શાંતિ માટેનું અભિયાન કે આંતરરાષ્ટ્રીય કાર્યક્રમની અસરકારકતા વધારવા માટે છેવાડાના સ્તર સુધીની નાની નાની પ્રવૃત્તિઓ જ ભૂમિકા ભજવી શકે એમ છે. એથી ઉલટું તમે અલંકારિક ભાષામાં-શબ્દોમાં શાંતિ અભિયાન વિશે વ્યાખ્યાન આપી શકો, સામે સાંભળનાર વિશાળ જગમેદની હોય, પરંતુ જો તમારા અંતરમાં, પરિવારમાં અડોશ-પડોશમાં, કામકાજના સ્થળે શાંતિ ન હોય તો વિશ્વમાં શાંતિ નહીં હોય!'' એમ વડાધર્મગુરુ ફ્રાન્સિસે જણાવ્યું હતું.

''પ્રત્યેક દિવસે શાંતિ સ્થાપવા માટે હળવાં/માન્ય સદ્કૃત્યો આચરવા, પ્રભુ પાસે આપણે શાણપણ માંગવું જોઈએ. સમગ્ર માનવજાત પર ઝઝૂમી રહેલા ત્રીજા વિશ્વયુદ્ધના ઓથાર વખતે આત્મનિરીક્ષણ કરવું જરૂરી છે.

શું તમારા હૃદયમાં આજે શાંતિ છે?
જો અશાંતિ હોય તો શાંતિ વિશે બોલતાં પહેલાં,
તમારા અંતરમાં શાંતિની સ્થાપના થાય તે માટે સઘન પ્રયત્ન કરો.
શું તમારા પરિવારમાં શાંતિ છે?

જો તમે તમારા પરિવારમાં, તમારા કાર્યક્ષેત્રમાં, સંઘજીવનમાં શાંતિનો અભાવ હોય તો, શાંતિ માટેના તમારા શબ્દો ખોખલા બનશે. મારા અંતરઆત્મામાં, મારા સમાજ કે દેશમાં જો શાંતિની સ્થાપના થશે તો જ વિશ્વશાંતિ માટેની શક્યતા ઉભી થશે નહિતર, દળી દળીને કુલડીમાં.'' એવી શીખ વડાધર્મગુરુએ આપી હતી. એટલે જ પ્રાર્થીએ... તવ શાંતિનું ઝરણ બનું હું. ●

## માર્ચ - ૨૦૧૭

**મહત્ત્વના દિવસો :**

૪ માર્ચ : રાષ્ટ્રીય સુરક્ષાદિન
૮ માર્ચ : આંતરરાષ્ટ્રીય મહિલાદિન
અને વિશ્વ સાક્ષરતાદિન
૧૨ માર્ચ : દાંડીકૂચ દિન
૧૩ માર્ચ : કોમનવેલ્થ દિન (માર્ચનો બીજો સોમવાર)
૧૫ માર્ચ : વિશ્વ ગ્રાહક અધિકાર દિન
૨૧ માર્ચ : વિશ્વ અંધ દિન
૨૨ માર્ચ : વિશ્વ જળ દિન
૨૩ માર્ચ : વિશ્વ શાળા દિન
૨૭ માર્ચ : વિશ્વ રંગભૂમિ દિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો :**

૦૧ માર્ચ : ભસ્મ બુધવાર
૨૦ માર્ચ : સંત યોસેફ
૨૫ માર્ચ : પ્રભુના માનવ અવતારનો સંદેશ

**૫ ફેબ્રુઆરી ૨૦૧૭ સુધી લેખ 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય, કાવ્યધારાના સંપાદકને મોકલવા વિનંતી.**

# શુભસંદેશની ઘોષણા

## (જાન્યુઆરી મહિનાનો પ્રાર્થના હેતુ)

✍ બ્રધર રોબર્ટ ક્રિસ્ટી એસ.જે.

*ગુજરાત વિદ્યાદીપ-સેવાસી, વડોદરા*

'ઈસુપંથી સમુદાયો ઈશ્વરે શીખવેલી બાબતોને અનુસરીને નિષ્ઠા, શ્રધ્ધા અને સમર્પિત કાર્ય દ્વારા ઉદારતા અને પ્રેમને અનુસરીને માનવીય જીવનને પડકારરૂપ બાબતો મધ્યે કામ કરે.'

સંત માર્ક કૃત શુભસંદેશમાં આપણને જણાવવામાં આવ્યું છે કે, "પણ શિષ્યો તો નીકળી પડ્યા, અને સર્વત્ર શુભસંદેશની ઘોષણા કરવા લાગ્યા..." (માર્ક:૧૬:૨૦) આમ ધર્મસભાનું કાર્ય છેક ઈસુના સ્વર્ગારોહણથી શરૂ કરીને આજ દિવસ સુધી સતત ચાલતું આવ્યુ છે. આ કાર્યને ઈતિહાસની સાથે કડીબદ્ધ જોડીએ તો શરૂઆતના વર્ષોમાં ઈ.સ. ૩૨૪ સુધી ધર્મસભાએ અતિશય સતામણીઓમાંથી પસાર થવું પડ્યુ હતું. પણ ત્યારપછી ખ્રિસ્તીધર્મને રોમન રાજા કોન્સ્ટેન્ટિનોપોલે રાજકીય ધર્મ તરીકે સ્વીકાર કર્યો તેના લીધે ખ્રિસ્તી ધર્મનો પ્રસાર ખૂબ ઝડપથી સમગ્ર વિશ્વમાં થવા લાગ્યો અને આજના સમય સુધી એ કાર્ય વણથંભ્યુ રહ્યું છે. બેશક એમાં ઈશ્વરનો હાથ રહેલો છે એટલે અનેક ચઢ-ઉતર વચ્ચે પણ એ કાર્ય ચાલુ જ રહેલું છે.

આ કાર્યને આગળ વધારવા માટે ઈશ્વરે આપણ સૌને પસંદ કરેલા છે. દુન્યવી મૂલ્યો અને મર્યાદા જેમકે લોભ, સ્વાર્થ વગેરેને લીધે તેમાં ઘણાં અવરોધક પરિબળોની હાજરી પણ છે જ, જેને નકારી શકાય નહીં. જો દુન્યવી મૂલ્યોને બાજુએ રાખવામાં આવે તો ઈશ્વરનું કાર્ય ફરીથી વેગવંતુ બનશે એમાં કોઈ શંકા નથી. આ માસમાં વડાધર્મગુરૂ ફ્રાન્સિસે, આપણે ખ્રિસ્તી એકતાના તાંતણે વણાઈને ઈશ્વરીય મૂલ્યોને જેમકે સંપ, ક્ષમા, પ્રેમ, ઉદારતા, સહિષ્ણુતા, દયા વગેરે ગુણ જીવનમાં સ્વીકારીને માનવને પડકારરૂપ બાબતો મધ્યે સાચા ખ્રિસ્તી તરીકે જીવન જીવવા માટે હાકલ કરી છે.

ખ્રિસ્તી ધર્મ અનેક સંપ્રદાયો અને વિચારસરણીમાં વહેંચાયેલો છે. જેમાં એકતા સાધવી એ નજીકના ભવિષ્યમાં કપરાં ચઢાણ સમાન છે. અલબત્, આ કાર્ય અશક્ય તો નથી જ. જો પ્રાદેશિક સ્તરે યોગ્ય પગલાં ભરવામાં આવે તો ખ્રિસ્તી સમાજ ફક્ત સ્થાનિક કે રાષ્ટ્રીય સ્તરે જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ શ્રધ્ધાનું જ્વલંત ઉદાહરણ બની રહેશે. પણ તે માટે સૌ કોઈએ પોતાનાથી બનતા તમામ પ્રયાસો કરવાની જરૂર છે. આપણા સામાજિક કે બાહ્ય સંબંધોમાં બદલાવ, ધર્મસભાને મજબૂત બનાવી શકે છે. કેટલાક વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક સંબંધો અને વિચારોમાં પરિવર્તન ધર્મસભા અને સમાજને પ્રગતિના પંથે દોરી જશે.

વ્યક્તિગત બાબતોમાં સમાજને અવરોધક રૂપ બનતાં દૂષણો જેવા કે વ્યસનો, અભ્યાસ પ્રત્યે ઉદાસીનતા, બેફામ વાણીવિલાસ વગેરેને ગણી શકાય. ઘરમાં ઝઘડાભર્યું વાતાવરણ, દીકરા-દીકરીની અસમાનતાની તકોને ગણી શકાય. પણ આ બધુ અગાઉ પણ ઘણી વખત વિવિધ લેખકો દ્વારા ચર્ચાઈ ગયુ છે. એટલે એમાં હું ખાસ કંઈ ચર્ચા કરતો નથી.

**કૌટુંબિક બાબતો :** આપણો સમાજ નવીન વિચારોને અતિ ઉત્સાહથી સ્વીકારીને આગળ વધી રહ્યો છે તેમાં કોઈ શંકા નથી. અ તદ્દન સાચું છે કે હાલના સમયમાં નવી પેઢી (અને ઊચ્ચત્તર અભ્યાસ કરેલા યુવક-યુવતીઓમાં) પ્રદેશવાદ (પરગણાઓ) જેવા વિચારોને બહું જુજ મહત્ત્વ આપે છે. નવી પેઢી ખ્રિસ્તી સમાજનાં વિકાસમાં પુરો સહકાર આપવાનું ઉમદા વલણ ધરાવે છે તેમ છતાંય આર્થિક અસમાનતાઓ નવી પેઢીના લગ્નજીવન માટે બાધકરૂપ બને છે. આર્થિક રીતે સધ્ધર યુવા-યુવતીઓ દ્વારા આર્થિક રીતે નબળા યુવા-યુવતીઓનો સહજ સ્વીકાર લગ્ન માટે ખાસ થતો નથી.

શહેરમાં ઠરીઠામ થયેલા વર્ગમાં, તેમનાં બાળકોનાં લગ્ન માટે ગામડાં પ્રત્યેની પસંદગીમાં અરૂચિથી સમાજ અજાણ નથી. આ બાબત આપણા અન્ય ખ્રિસ્તી સમુદાયોમાં વધુ જોવા મળે છે એવી દલીલ સ્વીકારીને આપણે આંખ આડા કાન કરીએ એ સમાજના વિકાસ માટે બાધકરૂપ છે. આથી જ ધાર્મિક ઉત્સવો અને ઉપાસનાઓમાં દેખાતી વિરાટ મેદની અને એકતા ચર્ચ કંપાઉન્ડથી આગળ વધીને સમાજના વિકાસમાં ભાગ્યે જ અસર કરે છે.

**મોબાઈલ કલ્ચર અને ટી.વી. સીરિયલ :** મોબાઈલના આવિષ્કારે આપણને આપણથી જોજન દૂર રહેલા મિત્રો અને સગાસંબંધીઓ વચ્ચે નીકટતા વધારવામાં ખુબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. આ વાત બિલકુલ નકારી શકાય નહીં પણ એનાથીયે વધારે ઘરમાં જ રહેતા કુટુંબીજનો અને પડોશીઓ વચ્ચે ઘણું અંતર ઊભું કરેલુ છે. જમવાના સમયે પણ ટી.વી. સીરિયલ જોવાથી કૌટુંબિક ચર્ચામાં કે સમાજમાં અન્યોની ફિકર કરવામાં ભાગ્યે જ સમય મળે છે. રોજ સવારે અને સાંજે (Forward)ફોરવર્ડ કરાતા Good Morning And Good Night ના મેસેજની સાથે જો ઘરમાં, પાડોશમાં અને સમાજમાં રહેતા સર્વને એક કરીશું તો ચોક્કસ આપણે એકબીજાની નિકટતા વધુ અનુભવીશું.

કૌટુંબિક પ્રાર્થનાઓ, જમ્યાં પહેલાંની પ્રાર્થના કે ગુલાબમાળાના એકાદ દશકાનું જો રટણ કરવામાં આવશે તો આપણા કુટુંબોમાં ધાર્મિકતા દેખાશે. સમાજને ઉત્તમ કુટુંબો મળી રહેશે અને સન્યસ્ત જીવન માટે તેડાઓની ખોટ પણ સાલસે નહીં.

**રાજકીય મુદ્દાઓની અવગણના :** વસ્તીની દ્રષ્ટિએ નજીવું સંખ્યાબળ ધરાવતો અને ૧૦૦ ટકા સાક્ષરતા અનુભવતો આપણો સમાજ રાજકીય મુદ્દાઓથી અજાણ હોય એ આપણા સમાજને પોષાય નહીં. જાણેઅજાણે આપણે (ખાસ કરીને યુવાવર્ગ) ગાડરિયા પ્રવાહની માફક, લોકલાગણી અને દેશભક્તિની જુવાળમાં ખેંચાઈ જઈને પોતાને મળેલા અમુલ્ય અધિકારોનો દૂરોપયોગ કરે એ ખૂબ જ બેદરકારી ભર્યું વર્તન છે. આ માટે જરૂરી છે કે સામાજિક સંસ્થાઓ, સમાજના પ્રતિનિધિઓ અને વડીલો અસરકારક ભૂમિકા ભજવે. રાજકીય જાગૃતિ લાંબા સમયગાળે ખૂબ જ અસરકારક છે. સમાજના આ ત્રણ પ્રશ્નોની ચર્ચા કર્યા પછી વડાધર્મગુરૂ ફ્રાન્સિસે ઈસુસંઘીઓને અનુરોધ કરેલા ત્રણ મુદ્દાઓ પર ધ્યાન દોરવા માંગું છું. ૧) પવિત્રતા ૨) ક્ષમા ૩) યોગ્ય પસંદગી. આ ત્રણ મુદ્દાઓ ફક્ત ઈસુસંઘીઓને જ નહી પરંતુ સમગ્ર સંન્યસ્ત વર્ગ અને ખ્રિસ્તી સમાજને લાગુ પડે છે.

**૧) પવિત્રતા (Holiness) :** ખ્રિસ્તી જીવન એ ચોક્કસ હેતુને ધ્યાનમાં રાખીને આપણને મળેલ ઈશ્વરીય ભેટ છે. આપણા જીવનમાં અને ખાસ કરીને સમાજના અન્ય ભાઈબહેનોની સાથે કરાતા વાણી વર્તનમાં ઈશ્વરીય મૂલ્યોનું મહત્ત્વ આપીને પવિત્રતાનું આચરણ કરવાની જરૂર છે.

**૨) ક્ષમા (Forgiveness) :** સફળતાના આનંદમાં આપણે જીવનભર અગણિત ભુલો કરીએ છીએ એ દીવા જેવું સત્ય છે. બીજાની ભૂલો પર વધારે ધ્યાન આપવા કરતાં પરમેશ્વર પિતાનુ અનુકરણ કરીને ક્ષમાશીલ બનીએ એ ખાસ જરૂરી છે. શુભસંદેશમાં ઈસુ આપણને જણાવે છે કે, 'કોઈનો ન્યાય તોળશો નહીં, જેથી તમારો પણ ન્યાય નહિ તોળાય.'(માથ્થીઃ૭ઃ૧) આમ બીજાની નિંદા અને ન્યાય તોળવા કરતાં ઈશ્વરનું અનુકરણ કરવું વધારે ઊચિત છે.ક્ષમાની ભાવના આપણા પારિવારિક અને સામાજિક જીવનમાં ઈશ્વરનાં પ્રેમ અને આનંદની અનુભૂતિ કરાવે છે.

**૩) યોગ્ય પસંદગી (Discernment) :** દરેક સારો વિચાર અને આચરણ એ આપણા ઈશ્વરનો મહિમા કરે છે. સમાજને પ્રગતિ અને ગૌરવ અપાવે છે. પરંતુ જેમાં ઈશ્વરનો વધારે મહિમા થતો હોય અને સમાજનું ગૌરવ થતું હોય તેને પ્રાધાન્ય આપવાની જરૂર છે. શુભસંદેશમાં ઈસુ જણાવે છે કે, ''જે કોઈ ઈશ્વરની ઈચ્છા પ્રમાણે ચાલે છે તે મારો ભાઈ, તે મારી બહેન અને મારી મા.'' (માર્કઃ૩ઃ૩૫). આપણુ જવાબદારી ભર્યું નિષ્ઠાપુર્વકનું જીવન સમાજને અને ધર્મને ગૌરવથી શોભાવે છે. લોકલાગણી, ખોટી ચાહના અને દેખાદેખી સમાજ અને ધર્મના વિકાસમાં બાધકરૂપ છે.

જાન્યુઆરી માસમાં આપણા વડાધર્મગુરુએ રજૂ કરેલ પ્રાર્થનાનો હેતુ એ વૈશ્વિક ખ્રિસ્તી સમાજની અખંડ એકતાની હિમાયત કરે છે. એક ખ્રિસ્તી તરીકે આપણું જીવન તપાસીને સમાજના બાધારૂપ પ્રશ્નો પર થોડું ચિંતન કરવામાં આવે તો ચોક્કસ પ્રાદેશિક ધોરણે આપણે એક મજબૂત સંઘ તરીકે ઊપસી આવીશું. આપણો સંઘ અન્ય સમુદાય માટે પણ નમૂનારૂપ બની રહેશે અને આ રીતે આપણે પણ રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે નામદાર વડાધર્મગુરૂના પ્રાર્થના હેતુમાં પુરા સહકારથી જોડાઈને માનવીય પડકારોને પહોંચી વળવા મદદરૂપ બનીશું. ●


*ચાલો મહેમદાવાદ* **લૂર્ડસનાં માતા મરિયમ તીર્થ** *ચાલો મહેમદાવાદ*

## લૂર્ડસનાં માતા મરિયમનો ત્રીજો ભક્તિમેળો

મહેમદાવાદ ધર્મવિભાગમાં
આ ત્રીજા ભક્તિ મેળા પ્રસંગે આપ સૌને અમારું હાર્દિક નિમંત્રણ.

**તારીખઃ ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૭**
**સરઘસઃ** સવારે ૧૦.૩૦ કલાકે
**ભવ્ય ખ્રિસ્તયજ્ઞઃ** સવારે ૧૧.૦૦ કલાકે
**મુખ્ય યાચકઃ** રેવ. ફાધર જોયલ પાયસ
(વિકર જનરલ વડોદરા ધર્મપ્રાંત)

**સ્નેહાધીન : સંન્યસ્તવર્ગ, ધર્મસેવાસમિતિ ધર્મજનો**
**મહેમદાવાદ ધર્મવિભાગ**



**નોંધઃ** *ખ્રિસ્તયજ્ઞ બાદ સર્વશ્રદ્ધાળુઓને માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.*

# દીવો વહેતો મૂકીએ...

✍ આગ્નેસ વાઘેલા

'દૂત' તંત્રીમંડળ સભ્ય



ગત નવેમ્બરની બપોરનો સમય. અમદાવાદ-વડોદરા ઈન્ટરસીટીમાં મણિનગરથી આણંદ આવી રહી હતી. મહેમદાવાદ-ગોઠાજ વચ્ચે ગાડી ઊભી રહી. મારી બારી પાસે, બહારની બાજુ ખોદકામ ચાલતું હતું. એક આદિવાસી મહિલા પાવડા વડે ખાડામાંથી માટી કાઢી બહારની બાજુ નાખતી હતી. ખાડાની આ તરફ ખોદીને કાઢેલી માટી પાસે જ બે-ચાર ઈંટો પડી હતી. ઈંટો પાસે બે-અઢી વરસનું બાળક બેઠું હતું. મારી નજર એના ઉપર ગઈ. એણે પાસે પડેલી ઈંટ ઉપાડી. ઈંટને આંગળીથી ખોતરીને કાઢેલી ઈંટાળાની કાંકરીને મોઢામાં મૂકવા જતો હતો ત્યારે જ અવાજ કરી, બાળકનું ધ્યાન મારી તરફ દોર્યું. એણે આંગળીથી ખોતરીને કાઢેલી કાંકરીને મોઢામાં મૂકતા મૂકતા મારી તરફ જોયું. આંખો અને ડોકથી મેં નકારમાં માથું હલાવ્યું. બાળક મારી ભાષા ને ઈરાદો સમજી ગયું. એનો હાથ અટકી ગયો. પણ કાંકરો હાથમાં પકડી રાખેલો. ગરદન નીચેની તરફ ઝૂકાવી રાખેલી. એને બોલાવવાનો પ્રયત્નો કર્યો પણ એણે ધરાર મારી સામે જોયું સુદ્ધાં નહીં.

એ જ ક્ષણે પર્સમાંની ચોકલેટ મને યાદ આવી. પર્સમાંથી ચોકલેટ કાઢી. બાળકનું ધ્યાન ફરીથી મારી તરફ આકર્ષવા પ્રયત્ન કર્યો. પણ એ નતમસ્તક જ રહ્યો. મેં બારીની બહાર હાથ કાઢી, ગાડીના ડબ્બા સાથે હાથ અથડાવી અવાજ કર્યો. એ અવાજની અસર થઈ. એણે મારી તરફ જોયું. મેં હસીને ચોકલેટ બતાવી. એની આંખોમાં ચમક આવી. એના તરફ ચોકલેટ નાખી. ચોકલેટ એના ખોળામાં પડી. એણે પોતાના હાથમાંના કાંકરાને ફેંકી, ચોકલેટ હાથમાં લીધી. ધ્યાનથી જોઈ. પછી મારા તરફ સ્મિત કર્યું. ઈશારાથી એને ચોકલેટ ખાવાનું કહ્યું. એ આસપાસની દુનિયાથી બેખબર બની, ચોકલેટનું રેપર ખોલવામાં મશગુલ થઈ ગયો. એજ સમયે ગાડીએ ગતિ પકડી. ગાડીમાંથી જોયું. બાળક અને એની માતા મારા તરફ સ્મિત સાથે જોઈ રહ્યાં હતાં.

આણંદ આવવાની તૈયારીમાં હતું. મારી બેગ લઈ દરવાજા તરફ જઈ રહી હતી. એજ સમયે મારી સીટની પાછળની સિંગલ સીટમાં બેઠેલો એક ઓગણીસ-વીસ વરસનો યુવાન ઉભો થઈ મારી સામે આવીને ઊભો રહી ગયો. મને નવાઈ લાગી. એણે મારી આંખમાં આંખ નાખી, 'થેક્યું આંટી' કહ્યું. હું અસમંજસ અને આશ્ચર્યથી એની તરફ જોઈ રહી. મારી આંખોમાં આશ્ચર્ય અને સવાલ જોઈને એ બોલ્યો, 'આન્ટી મેં કબ સે આપ કે પાસ આકર, થેંક્યું બોલના ચાહતા થા. પર હિંમત જુટા નહીં પા રહા થા.'

''ક્યું' મેં તો તુમ્હે જાનતી તક નહીં?!'' મેં નવાઈથી પૂછ્યું.

'આપને વો બચ્ચે કો ચોકલેટ દી. મુજે યે દેખ કર બહોત અચ્છા ફિલ હુઆ. આજ તક એસે લોગોં કો ઓર ઉનકે ગંદે બચ્ચો કો દેખકે મેં ઉન્હે દુત્કાર દેતા થા. લેકિન આપને ઉસ બચ્ચે કો મિટ્ટી ખાને સે રોકા. ઉસે ચોકલેટ દી. ચોકલેટ ઉસકે હાથ મેં આતે હી બચ્ચે કી ઓર ઉસકી મા કી ખુશી દેખતે હી બનતી થી. મૈંને ઉસી વક્ત થાન લીયા, કભી ગરીબ, મહેનત કરને વાલે કો, ઓર ઉનકે બચ્ચો કો દુત્કારુંગા નહીં. મુજ સે જો બન પડેગા મૈં ઉનકો છોટી છોટી ખુશી દેને કી મેં કોશિશ કરુંગા. શુક્રિયા!' આણંદ આવી ગયું હતું. મેં એના ગાલ ઉપર વહાલથી હાથ ફેરવ્યો. ગાડીમાંથી ઉતરી ત્યારે રોમાંચ મારા રોમેરોમમાં સમાઈ ગયો હતો. એક નાનકડી ઘટના કોઈને કેવી રીતે અસર કરી શકે છે, એના વિચારમાં ક્યારે સ્ટેશનની બહાર આવી. ક્યારે રીક્ષામાં બેઠી. ક્યારે ઘર આવી ગયું ખબર જ ના પડી!

બીજો કિસ્સો. ભરબપોરનો ગરમીનો સમય હતો. બજારનું કામ પતાવી હું ઘરે આવવા માટે રીક્ષાની રાહ જોતી ઊભી હતી. ઘરે પહોંચવાની તાલાવેલી હતી, પણ દસેક મિનિટથી ઉપર સમય થયો. રીક્ષાનું નામોનિશાન નહોતું. મારાથી થોડે અંતરે એક વિદ્યાર્થિની પણ ભારે ભરખમ સ્કૂલબેગ સાથે ઊભી હતી. બપોરનો સમય હતો. એટલે સ્વાભાવિક છે સ્કૂલ સવારની હતી. ઘરે જવાની ઉતાવળ અને ભૂખ પણ લાગી જ હોય! એવા બધાં વિચારમાં અટવાયેલી હતી ત્યાં અચાનક એક રીક્ષા મારી બાજુમાં ઊભી રહી. જોયું તો અમારા પડોશી બહેન હતાં. મને એમણે રીક્ષામાં બેસી જવા કહ્યું. પેલી વિદ્યાર્થિની પાસે રીક્ષા ઉભી રાખી એનેય 'કઈ તરફ જવાનું છે?' પૂછ્યું. એનો માર્ગ પણ અમારા રસ્તામાં જ હતો. એને પણ બેસાડી દીધી. રસ્તામાં એને ઉતારી દીધી. એણે ઉતરતા પૈસા આપવાની કોશિશ કરી. મારાં પડોશીએ એને ના પાડી. આભારવશ થતી છોકરી ખુશખુશાલ ચહેરે જતી રહી. અમારી મંજિલે પહોંચી, પૈસા આપવા પર્સ હાથમાં લીધું પણ એમણે મારો હાથ પકડી લીધો. મેં આભારવશ થતાં કહ્યું, 'ખૂબ આભાર. ક્યારની ઊભી હતી. પણ રીક્ષાનું નામોનિશાન નહોતું. તમે મળ્યાં ના હોત તો હજીય કદાચ રીક્ષાની રાહ જોતી રસ્તામાં અટવાતી હોત..' ક્યારેક અણીને સમયે મળતી મદદ મહામૂલી બની રહે છે. એવી મદદગાર બનેલી ઘટના આજીવન યાદ રહી જાય છે.

ત્રીજો કિસ્સો. મારા ભત્રીજા અંકિતે અનુભવેલો. એ કંપનીમાં એકાઉન્ટન્ટ છે. ઓફિસના એના કામકાજની વાતો કરતાં કરતાં એણે કિસ્સો કહ્યો હતો. 'ગયા અઠવાડિયે મુંબઈથી એક ચાર્ટર એકાઉન્ટન્ટ



# નવા વર્ષનો સંદેશ

✍ માલિતાબેન ડી. ગામીત

*શાંતિનિકેતન હાઈસ્કૂલ, ઝંખવાવ*

કોઈપણને રાજમહેલ અને ઝૂંપડી વચ્ચે પસંદગી કરવાનું કહેવામાં આવે તો માટાભાગે આપણે રાજમહેલ પસંદ કરીશું. આપણા પ્રભુએ આપણા પરના પ્રેમના લીધે સ્વર્ગનું સિંહાસન છોડી, રાજમહેલને બદલે ગમાણ પસંદ કરી. માનવજાતને પ્રેમ, આનંદ અને શાન્તિનો સંદેશ આપવા પ્રભુએ જન્મ લીધો. ખ્રિસ્તજયંતી ઊજવ્યા બાદ હવે નવા વર્ષમાં મનનો મેલ દૂર કરી ઊજવીએ તો...

એક શાળામાં ગુરુજીએ વિધાર્થીઓને મનની નફરત દૂર કરવા એક પદાર્થપાઠ શીખવ્યો. જેટલાં લોકો પ્રત્યે નફરત હોય તેટલાં પ્રકારની શાકભાજી થેલીમાં લાવવા જણાવ્યું. કંઈપણ બોલ્યા વિના જ્યાં જાય ત્યાં પેલી થેલી લઈ જવાની શરત હતી. કેટલાંકની થેલીમાં બેત્રણથી માંડી છ સાત જાતની શાકભાજી હતી. દિવસ વિતવા લાગ્યા તેમ તેમ શાકભાજીને સડો લાગ્યો અને તેમાંથી દુર્ગંધ આવવા લાગી. વિધાર્થીઓને માટે આ થેલી, તેની દુર્ગંધ માથાનો દુખાવો બની ગઈ.

ગુરુજીએ હવે સમજાવ્યું. જો આ શાકભાજી, તેનું વજન અને સડો-દુર્ગંધ આપણને હેરાન પરેશાન કરતાં હોય તો... તો પછી વ્યક્તિ પ્રત્યેની નફરતની દુર્ગંધ માનવીની આંતરશક્તિને કમજોર બનાવે છે, આપણા આંતરિક વિકાસને અવરોધે છે. તેથી ઊલટું બીજા પ્રત્યેનો પ્રેમ આપણો વિકાસ કરે છે, આવો, નવાવર્ષમાં આપણે નિર્ધાર કરીએ, કોઈની નફરત કરીશું નહીં, સૌને ગળે વળગાડી પ્રેમ કરીશું.

સંત પાઉલની શિખામણ પ્રમાણે આપણે પવિત્ર આત્મા પ્રેરિત જીવન જીવવું જોઈએ. પ્રેમ, આનંદ, શાંતિ, ધૈર્ય, સૌજન્ય, ભલાઈ, વફાદારી, સૌમ્યતા, આત્મસંયમ વગેરા પવિત્ર આત્માનાં ફળ છે.(ગલાતિયા ૫:૨૨-૨૬) એટલે આપણે ખોટું અભિમાન ન રાખવું જોઈએ, એકબીજાની છેડછાડ કે ઈર્ષ્યા ન કરવી જોઈએ. આપણે એકબીજાનો બોજો ઉઠાવવો જોઈએ અને એકબીજાની શ્રદ્ધાને પ્રોત્સાહન આપવું જોઈએ. વડાધર્મગુરુ ફ્રાન્સિસે સાચે જ કહ્યું છે કે, 'ભગવાન ભેટનો સ્વીકાર કરનારની ક્ષમતા પારખીને જ ભેટ ધરે છે. જો તેઓ આપણને નાતાલ-નવાવર્ષની ભેટ આપતા હોય તો... અર્થ એટલો જ કે આપણે તે ભેટને સ્વીકારવા, સમજવા સક્ષમ છીએ.'

અમારી ઓફિસ આવ્યા. મારા પપ્પાની ઉંમરના એ હતા. દિવસ દરમિયાન હિસાબનું કામકાજ ચાલતું હતું. બપોરે કામમાં થોડો બ્રેક લઈને, અમે બંને હોટલમાં જમવા ગયા. જમી લીધા પછી મારી સાથે આવેલા એ વડીલ સી.એ. એ વેઈટરને બચેલું ખાવાનું પેક કરી આપવાનું કહ્યું. એમના વર્તનથી મને જબરદસ્ત આંચકો લાગ્યો. દિમાગ ચકરાવે ચઢી ગયું. આ માણસ મોટા ગજાનો સી.એ. છે. આવો માણસ, હોટલમાંથી બચેલું ખાવાનું પેક કરાવી લે છે?! હોટલથી અમારી ઓફિસ પાસે જ હતી. એટલે ચાલીને જતા હતા. રસ્તામાં ફૂટપાથ ઉપર બે ભિખારી બેઠા હતા. એમની પાસે જઈને એમના હાથમાં પેક કરેલું જમવાનું આપીને કહ્યું. 'ખાઈ લો, તમને બંનેને થઈ રહેશે!!' પાંચેક મિનિટમાં મને લાગેલો એ બીજો આંચકો હતો!!'

ઓફિસમાં આવીને ખુરશી ઉપર બેસતાં એમણે કહ્યું, 'તમને કદાચ મારા વર્તનથી આંચકો લાગ્યો હશે. આપણે જમવા જતા હતા ત્યારે બે ભિખારીને મેં જોયેલા. એટલે જમ્યા પછી બચેલું ખાવાનું બંધાવી લીધું. સામાન્ય રીતે હોટલમાં જમવા જાઉં ત્યારે જમવાનું બચે તો એને પેક કરાવી લઉં છું. એને જરૂરિયાતમંદને આપી દઉં છું. હોટેલવાળા તો આપણું બચેલું ખાવાનું કચરામાં નાખી દેતા હોય છે. આપણા જેવા દેશમાં ખોરાકનો બગાડ પોષાય જ નહીં.' મારા ભત્રીજાએ મને કહેલું, 'એ દિવસથી હું બહાર જમવા જાઉં કે ઘરમાં જમું. ખોરાકનો બગાડ નથી કરતો. અને બચે તો જરૂરિયાતમંદને પહોંચતું કરવાનો આગ્રહ રાખું છું...' અણીના સમયે કરેલી મદદ ખૂબ રાહતરૂપ હોય છે. સાથે સાથે એ નાનકડું ઉમદા કાર્ય ક્યારેક સામેની વ્યક્તિને બદલી નાખતું હોય છે.

આપણે ત્યાં નવા વરસે કંઈક નવું કરવાનો સંકલ્પ લેવાનો મહિમા છે. ઉત્સાહના અતિરેકમાં મોટા મોટાં સંકલ્પો કરીએ છીએ. જે સમય જતાં વિસારે પડી જતા હોય છે. એ મારો-તમારો અનુભવ હશે જ. એટલે આ નવા વરસે કોઈ મોટો સંકલ્પ ના કરીએ. બસ, એક નાનકડો સંકલ્પ કરીએ. આપણાથી સહજ રીતે થાય. અને જે કરવાથી આપણું કશું જ વિશેષ નુકસાન થતું ના હોય, પણ આપણું સંવેદનાસભર સમયસૂચકતાભર્યું નાનકડું કાર્ય, કોઈને ખુશી આપવા, કોઈને મદદરૂપ થતું હોય તો જરૂર કરીએ. આપણી પાસે ચમત્કાર કરી શકે એવી જાદુઈ લાકડી નથી. પણ આપણી પાસે સંવેદના છે, દૃષ્ટિ છે, ઈચ્છાશક્તિ છે, સારપ છે; એના દ્વારા, આપણી આસપાસના જરૂરિયાતમંદોને, સમાજને ખપમાં આવી શકીએ. જેના થકી કોઈકના અંધકારમય, કષ્ટમય જીવનમાં થો...ડો પ્રકાશ, થો...ડો આનંદ, થો...ડી રાહત ફેલાવી શકીએ. આપણી પાસે નિસબતનો નાનકડો દીવો છે જેને પ્રગટાવી સમાજમાં વહેતો મૂકી શકીએ. આટલું થાય તો નવું વરસ સાર્થક બની રહે. આપ સહુને નૂતન વર્ષાભિનંદન. અસ્તુ. •

**WISH YOU ALL MERRY CHRISTMAS & HAPPY NEW YEAR 2017**

HEALTH WEALTH & HAPPINESS CENTRE
★ SERVICES: Body Check up (wellness evaluation).
★ Weight Management, Child Nutrition and General Health Plan.

WORK OPPORTUNITY :
★ Do your own business & earn extra income.
★ Training and support will be provided.
★ No Experience and special skill required.




**Contact: 99242 10938**

# ૨૦૧૭ જંક્શન

✍ ફાધર જેમ્સ બી. ડાભી એસ.જે.

*ડીન - ગુજરાત વિદ્યાદીપ, સેવાસી-વડોદરા*

ચાલોને, જીવનને એક લાંબા અંતરની રેલયાત્રા સાથે સરખાવીએ. જીવનના જેટલાં વર્ષો એટલા એ રેલયાત્રાના કલાક. પ્રત્યેક કલાક પછી એક જંક્શન આવે છે. એ જંક્શન પર રેલગાડી અવશ્ય થોભે છે. થોડી મિનિટ માટેનું એ થોભવું પ્રત્યેક મુસાફરને કાર્યાન્વિત કરી દે છે. ઊંઘતા જાગી જાય છે, જાગતાં ઊભા થાય છે, ઊભેલા પ્લેટફોર્મ પર ઊતરે છે. ફેરિયાઓની તો ધમાચકડી અને કાગારોળ મચે છે. કોઈ કોઈનાં નામ જાણતાં નથી, છતાં નામકરણ કરીને વ્યવહાર આરંભાય છે. "ઓ ચ્હાવાળા, ઓ ભજિયાંવાળા" જેવા વ્યવસાયસૂચક શબ્દોનો વપરાશ થાય છે. કોઈને માઠુ લાગવાનો સવાલ જ નથી, કારણ દરેક પોતાની જરૂરિયાત સંતોષવાના જ મૂડમાં છે. ચ્હાવાળાને રોકડી કરવી છે, ચ્હા માંગનારને સુસ્તી દૂર કરવી છે. જીવનની ગાડી ૨૦૧૭ નામના જંક્શને આવી ઊભી છે. રેલગાડી ક્યા જંક્શનથી શરૂ થઈ એ જાણીએ છીએ, જીવનની ગાડી કયા જંક્શનથી શરૂ થઈ એ પણ જાણીએ છીએ. એ જ આપણી જન્મતારીખ. રેલગાડીનું અંતિમ જંક્શન કયુ છે તે જાણીએ છીએ, જીવનની ગાડીનુ અંતિમ જંક્શન કયુ છે તે પણ જાણીએ છીએ. તે જ આપણી મરણતારીખ. રેલગાડીનું અંતિમ જંક્શન ક્યારે આવશે તે જાણીએ છીએ, જીવનની ગાડીનું અંતિમ જંક્શન ક્યારે આવશે તે જાણતા નથી. એટલે જ નિરાંત છે. ૨૦૧૭ જંક્શન પર પેલા રેલગાડીના જંક્શન જેવો માહોલ નથી.

રેલગાડીના ડ્રાઈવર(ચાલક) કોણ છે, ગાર્ડ(રક્ષક) કોણ છે, લાઈન્સ મેન(માર્ગદર્શકો) કોણ છે એ પણ મુસાફર જાણતો નથી. છતાં બધા જબરી નિરાંતથી મુસાફરી કરે છે. મારા જીવનની ગાડીના ચાલક, રક્ષક, માર્ગદર્શક પ્રભુ પોતે છે. તો તો મારે અનેકગણી વધારે નિરાંતથી જીવન જીવવું જોઈએ. આવુ જો ના થયું હોય તો ૨૦૧૭ જંક્શન પર મારા જીવનની ગાડી થોભી છે, તો થોડું મનનચિંતન કરી લઉ.

ફાધર ટોની ડિમેલોને કંઈક આવું કહેતા સાંભળેલા, "કોઈ મને દુઃખી ના કરી શકે, કોઈ મને સુખી ના કરી શકે. હુ જાતે નિર્ણય કરું છું દુઃખી થવું કે સુખી થવું." પ્રભુ તો મને સુખી જોવા ટાંપીને જ બેઠા છે. હું જો સુખી થવાનો નિર્ણય કરું તો સોનામાં સુગંધ ભળે. ૨૦૧૬ની સાલને સુખશાંતિમાં જીવી શકેલા કેટલાક મહાનુભાવોની વાતો વાગોળીએ. પતિને લકવાનો હુમલો થયો. થોડા મહિનાઓની સારવાર પછી હરતા ફરતા થયા. પત્ની આભારભર્યા અંતરે કબૂલે છે કે પ્રભુએ એમને ઊભા કરી દીધા અને એમનો દારૂ પણ છૂટી ગયો. એક ભાઈને વાહન અકસ્માત થયો. બોંતેર કલાકની અવધિ અપાયેલી. બધુ હેમખેમ પાર ઊતર્યું. ભાઈ એકરાર કરે છે કે વાહન છૂટી ગયુ,પણ નવું જીવન આપનાર પ્રભુનો બંધાણી થઈ ગયો છું. હવે દેવળમાં આવ્યા વગર ના ચાલે.અત્યંત વ્યસ્ત રહેતા એક પુરોહિતને બાયપાસની ફરજ પડી. પુરોહિત હસતાં હસતાં કહે છે કે કદીયે રજામાં નહોતો ગયો, પ્રભુએ સરસ આરામ કરાવ્યો. યુ.એસ. વિઝા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ ગયેલો યુવક સ્વીકારે છે કે માવતરનું ઋણ, માવતરની સાથે રહીને અદા કરવાની પ્રભુએ મને સગવડ કરી આપી. ઇચ્છિત યુવક સાથે જેની સગાઈ ન થઈ શકી એ યુવતી ઉચ્ચારે છે કે એ યુવક સાથે લગ્ન ના થાય એમાં અમારા બન્નેનુ ભલુ હશે. આ મહાનુભાવો આપણી વચ્ચે વસતાં સામાન્ય જનો છે. તેઓએ કોઈપણ પરિસ્થિતિમાં સુખી થવાનો નિર્ણય કર્યો હતો. તેઓનુ ૨૦૧૬ તેઓને સુખી કરી ગયું. તેઓ મને ૨૦૧૭ જંક્શનથી મારી જીવન ગાડીનું પ્રસ્થાન થાય ત્યારે એક પદાર્થપાઠ ભણાવે છે. ૨૦૧૭માં સુખી થવાનો નિર્ણય કરો. આ શુભ નિર્ણયને પ્રભુ હંમેશા મંજૂર રાખશે.

માનવ મર્યાદિત હોવાથી સમયને ત્રણ કાળમાં વિભાજીત કરે તો જ સમયનો તાગ પામી શકે છે. એ ત્રણ કાળ છે ભૂત, વર્તમાન અને ભવિષ્ય. ભૂતકાળ દીર્ઘ છે. શરીર એનો સાચો સાક્ષી. ઓછા વાળ, સફેદવાળ, કરચલીઓ, કંપન, ચશ્મા, શ્રવણયંત્ર, અવ્વલ ગવાહી આપે છે કે સજ્જનનો ભૂતકાળ લાંબો છે. વર્તમાન ક્ષણિક છે. વર્તમાન સૌનો સરખો છે. વર્તમાનની ઠંડી સહુ સાથે જ અનુભવે છે. વર્તમાનનો વાયરો સહુને સાથે જ ધ્રૂજાવે છે. ભવિષ્યકાળ અજ્ઞાત છે. કોનું અંતિમ જંક્શન ક્યારે આવશે એ કોઈ જાણતુ નથી. સામાન્યપણે માનવ લાંબા ભૂતકાળને જ વળગી રહે છે અથવા અજ્ઞાત ભવિષ્યનું આયોજન કરતો રહે છે. પેલા ક્ષણિક વર્તમાનને માણવાનુ ચૂકી જાય છે. રેલગાડીની યાત્રામાં મુસાફર બારી બહાર પસાર થતાં વૃક્ષો ખેતરોને, મકાન ઈમારતોને માણે છે. ગાડીમાં સાથી મુસાફરોને, આંટાફેરા મારતા વેચાણિયાઓને ભરપૂર માણે છે. ઘસઘસાટ ઊંઘનાર કે મોબાઈલ મચડનાર વર્તમાનને જ માણે છે. વીતી ગયેલા કલાકને(જંક્શનને) સંભારતા નથી, આવનાર કલાકનો(જંક્શનનો) વિચાર કરતા નથી. બસ, વર્તમાનને માણે છે. જીવનની ગાડીમાં પણ આવી વૃત્તિ કેળવી ના શકાય? આ બાળસહજ વૃત્તિ છે.ઈસુ આ વૃત્તિ ધારણ કરવાનો ઉપદેશ આપે છે. વર્તમાન ભૂતકાળ બને પછી વાગોળીએ એના કરતાં વર્તમાન જ આરોગીએ તો સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય. રેલગાડીમાં વેચાતી ખારીસિંગ મમ્મીએ બાળકને લઈ આપી બાળકે બેચાર દાણાથી નાનકડું મોં ભરી લીધુ, શર્ટનુ ખીસ્સુ ભરી દીધુ, અને બન્ને મુઠ્ઠીઓ ભરી દીધી. મમ્મીને બાળકનુ આ વર્તન અસંસ્કૃત અને ક્ષોભજનક લાગ્યુ. મમ્મીનો આગ્રહ એવો હતો કે ખારીસિંગ પ્લાસ્ટીકની કોથળીમાં જ રહેવા દઈ દાણા પછી દાણો બાળક આરોગે. પણ મમ્મીને ક્યાં ખબર છે કે એ પ્લાસ્ટીકની કોથળીમાં ખારીસિંગ એ તો બાળકને મન ભવિષ્ય છે. હાથમાંની અને ગજવામાંની ખારીસિંગ એ વર્તમાન છે. વર્તમાનને જ માણો. વર્તમાનને માણવાની બાળવૃત્તિ મને ૨૦૧૭ જંક્શન પર પદાર્થપાઠ ભણાવે છેઃ ૨૦૧૭માં પ્રત્યેક પળને જીવો, પ્રત્યેક પળને માણો. બાળપણ પૂરુ થાય એ પહેલાં બાળપણને માણી લો. યુવાની પૂરી થાય એ પહેલાં યૌવનને માણી લો. વૃધ્ધાવસ્થાને માણી લો, કારણ ખૂબ ઓછાને એ પ્રાપ્ત થાય છે.

રેલગાડીમાં સામે બેઠેલા પગ લાંબા કરીને ઘસઘસાટ ઊંઘે છે. એમના લંબાયેલા પગ અવગડ કરે છે. આ દંપતીનાં બાળકો એવી તો

ધીંગામસ્તીએ ચઢ્યાં છે કે લેપટોપ પર ડેટા એન્ટ્રીમાં ખલેલ પહોંચે છે. આ બહેને એમનો સામાન એવો તો ફેલાવ્યો છે કે નીચે રાખેલાં બૂટચંપલ રફેદફે થઈ ગયાં છે. આ યુવકે એનું ચાર્જર આ પ્લગમાં એટલા લાંબા સમયથી ભરાવી દીધુ છે કે અન્યોને લાઈન લગાવવી પડી છે. ટોઈલેટ વાપરતાં જાણે આવડતું જ નથી! એ ટોઈલેટનો ઉપયોગ કરવામાં સૂગ ચઢે છે. ભલે ને રીઝર્વેશન કોચ છે, જનરલ કોચ જેટલી જ ગિરદી છે. આ આટલુ ઓછુ હોય તેમ સરેરાશ સાતમી મિનિટે એકાદ ફેરિયો હાકોટા મારતો પસાર થાય છે. સગવડ કરતાં અગવડ વધારે છે. છતાં કોઈ ફરિયાદ નહીં, કોઈ દલીલ નહીં. ખસવાનુ કહેતાં ખસી જવાય અને ખસતાં અન્ય કોઈને ધક્કો દેવાય તો સોરી કહી દેવાય. ધક્કે ચઢેલા સોરી ,સ્વીકારી માફી પણ પ્રદાન કરી દે. સહુ જાણે છે કે આ યાત્રા છે, નિવાસસ્થાન નથી, હંગામી છે, કાયમી નથી. એકવાર એકાદ કાર્યક્રમ માટે મોડો પડ્યો હતો. એક પરિચિત યુવકે એના ફોર વ્હીલરમાં શોર્ટકર્ટ દ્વારા પહોંચાડી દેવાની ઉદારતા બતાવી. આગળની ટ્રક આ સાંકડા માર્ગ પર આ યુવકને ઓવરટેક કરવા સાઈડ આપતી નહોતી. યુવકે હૉર્ન અને લાઈટનો બેફામ ઉપયોગ કરી અમે ઊતાવળમાં છીએ એવું એ ટ્રક ડ્રાઈવરના મનમાં ઠસાવવા નિષ્ફળ પ્રયત્ન કર્યા. યુવકને મુખે સહજપણે આવી જાય એવા બેચાર સાદા અપશબ્દો પણ યુવક ઉચ્ચારી ચૂક્યો. હું તો એ ટ્રકની પછવાડે લખેલું પેલું વાક્ય જ વાંચી રહ્યો હતો. એ સાંકડા રસ્તા પર સામેથી ઘેટાંનુ ટોળું આવ્યું. યુવક નિરાશ થઈ ગયો અને માફી માંગતા સ્વરે બોલ્યો, "તમને નહિ પહોંચાડી શકુ." હું તો ટ્રકની પાછળ લખેલું પેલું વાક્ય જ વાંચતો હતો, "જો બકા, તકલીફ તો રહેવાની જ." અગવડ પડે છે, માટે રેલયાત્રા ટાળી દેવાતી નથી. તકલીફ પડે છે માટે ડ્રાઈવિંગ મૂકી દેવાતું નથી. આ અગવડ વેઠતાં રેલયાત્રીઓ ૨૦૧૭ જંકશન પર મને એક પદાર્થપાઠ ભણાવે છે : જીવન એક યાત્રા છે. યાત્રામાં અગવડ તો રહેવાની જ. અગવડને કારણે જીવન જીવવાનું છોડી ના દેવાય. યાત્રાના અંતે વિરામસ્થાન એટલે સ્વર્ગધામ પ્રાપ્ત થશે ત્યારે સઘળી યાતનાઓનો અંત આવશે. એ સ્વર્ગે પહોંચવા જીવનની આ તકલીફવાળી યાત્રા કરવી જ પડે.

રેલયાત્રામાં લઈ જવાના સામાનની કોઈ મર્યાદા નથી. છતાં મોટાભાગના યાત્રીઓ જરૂરી હોય અને સંભાળી શકાય એટલો જ સામાન લે છે. જીવનયાત્રામાં સામાનની બિલકૂલ છૂટ નથી. ખાલી હાથે જીવનયાત્રા શરૂ થાય અને ખાલી હાથે પૂરી થાય. યોબ આ વાસ્તવિક્તા અનુભવે છે. એટલે કબૂલે છે કે નગ્ન જન્મ્યો હતો અને નગ્ન કબરમાં દટાઈશ. પ્રભુએ આપ્યું મને અને પ્રભુએ લઈ લીધું. પ્રભુનો મહિમા થાઓ! યાત્રા દરમિયાન સામાન એકઠો થતો જાય છે. આપણા પૂર્વજો એ સામાન આપણી માટે છોડી ગયા. આપણે પણ આપણા અનુજો માટે છોડી જઈશું. એ સામાનનો મતલબ એટલો જ કે જીવનયાત્રા થોડી આરામદાયી બને. ઓછા સામાનવાળા રેલયાત્રીઓ ૨૦૧૭ જંકશન પર મને એક પદાર્થપાઠ ભણાવે છે : નિશ્ચિતપણે જીવવું હોય તો વધુને વધુ વસાવવાનો મોહ ટાળજો. વસ્તુ ન હોય તો એના વિના જીવતાં શીખી લેજો. વસાવેલી વસ્તુનું વળગણ ટાળજો, નહિ તો વસ્તુ આપણને આધીન બનવાને બદલે આપણે વસ્તુને આધીન બની જઈશું.

રેલગાડીમાં ચઢનારને પૂરો વિશ્વાસ છે કે ગાડી તેઓને અંતિમ સ્થાને પહોંચાડશે જ. એક પણ મુસાફર અકસ્માતનો, નુકસાનનો, પોતાના મરણનો નાનો અમથો વિચાર સુધ્ધાં મનમાં લાવતો નથી. આને કહેવાય હકારાત્મક અભિગમ. જો કે અકસ્માતની, નુકસાનની અને મરણની પુરી શક્યતા છે, એટલી બધી ગાડીઓ દોડે છે, એટલાં બધાં ફાટકો છે, એટલાં બધાં સ્ટેશનો છે, એટલા બધા બ્રીજ છે કે અકસ્માત, નુકસાન અને મરણની શક્યતા અંતિમસ્થાને સહીસલામત પહોંચવાની શક્યતા કરતાં પ્રમાણમાં વધુ છે. છતાં એ પ્લેટફોર્મ પર ગાડીની રાહ જોતા મુસાફરોને પૂછશો તો એક પણ મુસાફર નકારાત્મક શબ્દ નહીં ઉચ્ચારે. ૨૦૧૭ જંકશન પરથી મારી જીવનગાડીનું પ્રસ્થાન થવાનુ છે ત્યારે આ રેલયાત્રીઓ મને પદાર્થપાઠ ભણાવે છે : હકારાત્મક અભિગમ કેળવો. જીવનમાં પણ એટલાં બધા માનવો, પરિબળો, પરિસ્થિતિઓ, અને કારણો સંડોવાયેલા છે કે જીવન બરબાદ થઈ જાય. પણ આ રેલગાડીની માફક હકારાત્મક અભિગમ રાખવો ખૂબ ફાયદાકારક છે. મારું ૨૦૧૭નુ વર્ષ સુખ, શાંતિ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય ભરપૂર હશે જ એવા હકારાત્મક અભિગમથી ૨૦૧૭નો આરંભ કરું તો પ્રભુ પણ મારા આ વિશ્વાસને એળે નહિ જવા દે.

વાંચેલી એક પ્રેરણાદાયી વાર્તાના રટણથી ૨૦૧૭નું વર્ષ શરૂ કરું. નાસ્તિક રાજા અને આસ્તિક પ્રધાન. પ્રધાન રાજાને રોજ એટલું સુણાવે કે પ્રભુ જે કંઈ કરે છે અથવા પ્રભુ જે કંઈ થવા દે છે તે આપણા ભલા માટે જ છે. રાજ્યમાં સઘળું સારુ ચાલતું ત્યાં સુધી રાજાને આ સત્ય સામે વાંધો નહોતો. જેવું કંઈ બગડતું કે રાજાને આ સત્ય સામે વાંધો પડતો. રાજા શિકારના શોખીન. પ્રધાન હંમેશા તેમની સાથે જ. લાંબી રઝળપાટ પછી પણ શિકાર હાથ ન લાગ્યો તો એ ભલા માટે જ છે એવી શિકારના સાથી પ્રધાનની વાત સ્વીકારવા રાજા તૈયાર નથી. જંગલમાં આગળ વધતાં સિંહણની તરાપ અને રાજાની જમણા હાથની ટચલી આંગળી વેગળી થઈ ગઈ. પ્રધાનના મુખમાંથી શબ્દો સરી પડ્યા કે જમણા હાથની ટચલી આંગળી ગઈ એ રાજાના ભલા માટે જ છે. રાજાને આ ટકોર પડતા પર પાટુ સમાન લાગી. અત્યંત ક્રોધાયમાન રાજાએ પ્રધાનને આજીવન કેદમાં પૂરી દીધા. જીવન રાબેતા મુજબ આગળ વધે છે માત્ર પ્રધાન અને એમના પેલા સત્યની ગેરહાજરી છે. રાજા એકલા જંગલમાં શિકાર કરવા નીકળી પડ્યા છે. આદિજાતિ પોતાના દેવને રીઝવવા બલિની શોધમાં છે. બત્રીસલક્ષણા રાજા હાથ આવી જાય છે. રાજાનો વધ કરે તે પહેલાં પૂજારી બલિ અક્ષત છે કે કેમ તે તપાસે છે. જમણા હાથની ટચલી આંગળી વિનાના રાજા બલિ માટે અમાન્ય ઠરે છે. રાજાને જીવતા જવા દે છે. રાજાને સમજાયું કે પ્રભુએ જમણા હાથની ટચલી આંગળી એટલા માટે જ લઈ લીધી હતી કે ભવિષ્યમાં જીવ બચે. પ્રભુએ જે કર્યુ તે સારા માટે જ કર્યું. પણ પેલા પ્રધાનનું શું? એમને કરવામાં આવેલી આજીવન કેદ એમનું કયું ભલું કરી શકી? રાજા કારાવાસમાં જઈ પ્રધાનને પૂછવા લાગ્યા. પ્રધાને પ્રત્યુત્તર વાળ્યો : પ્રભુએ મને તમારા દ્વારા કેદમા પુરાવ્યો તે મારા ભલા માટે જ હતુ. જો હું કેદમાં ન હોત તો શિકારમાં તમારી સાથે હોત. જેવા પેલા પૂજારીએ તમને છોડ્યા કે તરત મને પકડયો હોત અને મારો બલિ ચઢાવી દીધો હોત!

૨૦૧૭ ના આ વર્ષમાં પ્રભુ મારા જીવનમાં જે કાંઈ કરશે અથવા જે કાંઈ થવા દેશે તે બધું અંતે તો મારા ભલાને માટે જ હશે એવી સંતાનતુલ્ય શ્રદ્ધાથી પ્રભુપિતાની નિશ્રામાં ૨૦૧૭ જંકશનથી જીવનગાડીનું પ્રસ્થાન કરીએ! ●

# એકતાનો પ્રેષિત

✍ ભાવાનુવાદ : તંત્રીશ્રી

ઈ.સ. ૧૯૨૩નો કાળ હતો. રશિયન ક્રાન્તિને પરિણામે હજારો રશિયન શરણાર્થીઓએ ફ્રાન્સના નગર લિયોનમાં આશરો લીધો હતો. તેમણે સર્વકાંઈ ગુમાવ્યું હતું તેમ છતાંય રાહત છાવણીમાં તેમની શ્રદ્ધા જીવંત હતી. તેઓ ઓર્થોડોક્ષ ખ્રિસ્તી હતા. તેઓની શ્રદ્ધાની વિરાસતને જીવતી રાખવા પ્રભુએ તેમની વચ્ચે એક ફ્રેન્ચ કેથલિક પુરોહિત ફાધર પોલ કુટિયરને મોકલ્યા. ફાધરે તેમને આશરો મેળવવામાં, રોજગારી તથા જીવનજરૂરી ચીજ વસ્તુઓ પ્રાપ્ત કરવામાં અને બાળકોના શિક્ષણ મેળવવામાં સહાયતા કરી. અહીં અદશ્ય સ્વરૂપે એક પ્રવાહ શરૂ થયો જેણે ખ્રિસ્તીઓમાં એકતા પ્રસ્થાપિત કરવા મદદ કરી.

પોલનો જન્મ૧૮૮૧માં લિયોનમાં જ થયો હતો. આર્થિક તંગીમાં તેમના પરિવારે નવેક વર્ષ અલ્જેરિયામાં ગાળ્યાં હતાં જ્યાં નાની ઉંમરમાં જ બાળકને વિવિધ ધર્મશ્રદ્ધાનો, પ્રત્યક્ષ અને પ્રભાવશાળી અનુભવ થયો. શ્રદ્ધાનાં મૂળ મજબૂત બનતાં મિશનરી અને શિક્ષણસેવાના ધ્યેયને વરેલા સોસાયટી ઓફ સેંટ ઈરેનિયુસ સાધુસંઘમાં તેઓ જોડાયા. સંઘ સંચાલિત સ્થાનિક શાળામાં તેઓ વિજ્ઞાન શિક્ષક તરીકે જોડાયા અને અપ્રસિદ્ધપણે વીસ વર્ષ શિક્ષણ કાર્ય કર્યું. એક દિવસ તેમની સેવા તરાહમાં પરિવર્તન આવ્યું. તેમના આધ્યાત્મિક સલાહકારે રશિયન શરણાર્થી રાહત છાવણીમાં સેવા કરવા સૂચન કર્યું. અહીં જન્મથી જ નેતા એક ઓર્થોડોક્ષ પુરોહિતના સંપર્કમાં તેઓ આવ્યા. દસેક વર્ષના ગાળામાં આ મિત્રતા ઘનિષ્ઠ બની. પરદેશની ભૂમિમાં સ્થાળાંતરિત આ ખ્રિસ્તીઓ પ્રત્યે આત્મીયતા જાગી પણ, કેથોલિક તથા ઓર્થોડોક્ષ ચર્ચ અલગ છે તે બાબત અડચણરૂપ બનતી હતી. ખ્રિસ્તીપણામાં પડેલા ભાગલાએ તેના દિલમાં જખમ કર્યા અને ઘાયલ હૃદયમાંથી એકતાની તીવ્ર આકાંક્ષા જન્મી. વિભાજીત થયેલા ખ્રિસ્તીઓને કેવી રીતે એક કરી શકાય, એ બાબતે તેના દિલ-દિમાગ પર કબજો જમાવ્યો.

ઓર્થોડોક્ષ સાથેની મિત્રતામાં વૃદ્ધિ પામતાં, તેમના સેવાયજ્ઞમાં પણ ભરતી આવી. એક ઓર્થોડોક્ષ આગેવાને તે સમયે નોંધ્યું હતું : "વિભાજનની દીવાલો હજુ સ્વર્ગ સુધી વિસ્તરણ પામી ન હતી." પોલે અનુભવ્યું કે, 'બન્ને વચ્ચે બહેતર એકતા ખરેખર શક્ય છે, જે તેમને સ્વર્ગની વધારે નજીક પહોંચાડશે', એટલે હવે તેમણે સમગ્ર જીવનશક્તિ એકતાના કામે લગાવી દીધી. જરૂરિયાતમંદની કાળજી લેતાં, ભગવાન ઈસુનો પ્રેમ તેમની વચ્ચે વહેંચી આપ્યો. અહીં જ ખ્રિસ્તી પંથો વચ્ચે એકતા અને સહકારનો આરંભ થયો. કેથોલિક તથા ઓર્થોડોક્ષ બન્ને પક્ષે પોલના કામની કદર થવા લાગી. એક ઓર્થોડોક્ષ પુરોહિતે આભારપત્રમાં જણાવ્યું હતું : 'ખ્રિસ્તીપણાનાં દયાકૃત્યો આપણને પુનઃ એકતાના બંધને બાંધશે. એક ભરવાડ પ્રભુ ઈસુ ખ્રિસ્તની આગેવાનીમાં એક ઝૉક બનશે.' હજુ વધારે આત્મીય મૈત્રી કરતાંયે પોલ અલગાવના કારણો જાણવા માંગતા હતા જેથી તેનો ઈલાજ કરી શકે. વડાધર્મગુરુ, અગિયારમા દ્વારા માન્યતા પ્રાપ્ત અને ખ્રિસ્તી એકતાને સ્થાપવાના ઈરાદાથી શરૂ કરેલ 'એકતાના મઠવાસીઓ' સાથે ૧૯૩૨માં એક મહિનો તેમણે સાધનામાં ગાળ્યો.

આ રીટ્રીટ દરમિયાન, એક એન્ગિલકન જેઓએ કેથોલિક ધર્મ અંગીકાર કર્યો હતો અને બધા એન્ગિલકનને, વેટિકન સાથે જોડવાની અપેક્ષા રાખતા જેમ્સ વેટસનની કામગીરી વિશે વાંચન કર્યું. માત્ર બૌદ્ધિક કે સૈદ્ધાંતિક બાબતોમાં જ એકતા પ્રસ્થાપિત કરવા કરતાં બન્ને એક જ માલિકના અનુયાયી છે એવો હૃદયભાવ અનુભવે તે વધારે ઉચિત હશે. સૈદ્ધાંતિક એકતાના અભાવમાં પણ હૃદયની અનુભૂતિ એક દિવસ સઘળા પંથોને એકરૂપ કરશે, એવી માન્યતા હવે દૃઢ બની પરંતુ કેટલાક આ અંગે શંકા લાવશે એવી પણ તેમને દહેશત લાગવા માંડી.

'અન્ય પંથના અનુયાયીઓ મારા પંથમાં ભળી જાય તેના કરતાં બધા જ ઈસુની વધારે નજીક આવે તે સર્વોત્તમ હશે.' એવો એક અર્થ રીટ્રીટ દરમિયાન તેમને દેખાયો. તેમણે પિરામિડની કલ્પના કરી, જ્યાં બે અલગ દિશામાંથી પ્રસ્થાન કરેલા, શિખર પર એક જ બિંદુમાં ભેગા મળે છે. ખ્રિસ્તના અનુયાયી તરીકે પોતાની પ્રણાલિકાઓ-પરંપરાઓને જાળવી રાખતાં એકબીજાની વધારે નજીક આવી શકીએ. અંતે ખ્રિસ્તના સાયુજ્ય થકી સૌ એકરૂપ બનશે. એકતાની દિશામાં કેટલાક વિચાર તેઓ આદર્શોને તેઓ કેથોલિક ધર્મસભા માટે શબ્દસ્થ કરવા તેઓ માંગતા હતા પણ તત્કાલીન ધર્મસભામાં ખ્રિસ્તીએકતા અંગેની પ્રચલિત પ્રાર્થનાઓથી તેમને ભરોસો જાગ્યો કે ઓર્થોડોક્ષ અને પ્રોટેસ્ટંટ એક દિવસ વેટિકન સાથે એકરૂપ બનશે. એટલે ૧૯૩૩માં તેમણે 'ત્રિદિન એકતા પ્રાર્થના'નું આયોજન કર્યું અને વિવિધ પંથના લોકોને લિયોનમાં પ્રાર્થના માટે આમંત્રણ પાઠવ્યું. પછીના વર્ષમાં આ ત્રિદિન, અષ્ટક બની ગયું અને છેલ્લે પ્રત્યેક જાન્યુઆરી માસમાં 'સર્વ ખ્રિસ્તી એકતા સપ્તાહ' તરીકે ઓળખ થઈ. પોતાના રહેઠાણ કે ઓળખને કોરે મૂકી સમાન વિચારધારામાં માનનારા શ્રદ્ધાળુઓ એકસાથે પ્રાર્થનામાં જોડાય તે એક અદશ્ય મઠવિહાર હોઈ શકે તેમ તેમણે જોયું. હવે તેઓ સમગ્ર યુરોપમાં અન્ય પંથના નેતાઓ સાથે મુલાકાત અને પ્રાર્થનામાં વ્યસ્ત બન્યા. હવે તેમણે ચર્ચા જૂથ અને પ્રાર્થના મંડળની રચના કરી અને ખ્રિસ્તી એકતા અંગે વ્યાપકપણે લખ્યું પરિણામે આ અભિયાનની નોંધ લેવાતી થઈ.

બીજુ વિશ્વયુદ્ધ આગળ વધ્યું હવે પોલની અવરજવરને લોકો શંકાની નજરે જોવા લાગ્યા એટલે પોલનાં સંઘના ઉપરીઓએ એકતા પ્રાર્થના માટે બહાર જવાની તેમને મના કરી, જેની સામે બળવો કરવાને બદલે મર્યાદિત કાર્યક્ષેત્ર પર ધ્યાન આપ્યુ. 'એકતા ચળવળ એક મોટું સોપાન સર કર્યું છે, હવે પાછું જોવા પ્રભુએ આદેશ કર્યો છે.' એમ ઉપરીઓની આજ્ઞામાં ઈશ્વરેચ્છા નિહાળી. ખરેખર આ મર્યાદાએ તેમને એક નવી દિશા ખોલી આપી - પત્રોચ્ચાર. પોલના જીવનકાળના અંતિમ ચરણમાં સંખ્યાબંધ લોકો પર લખેલા પત્રોએ 'સર્વ ખ્રિસ્તી એકતા અભિયાન' માટે ધર્મસભામાં માર્ગ મોકળો કરી આપ્યો. હવે ખ્રિસ્તી એકતા માટે વેટિકન દ્વારા પ્રયાસ શરૂ થયા. ૧૯૫૩માં જ્યારે પૉલનું નિધન શયું ત્યારે લિયોનના આર્ચબિશપે પોલને 'ખ્રિસ્તી એકતાના પ્રેષિત' તરીકે ઓળખાવ્યા હતા. રશિયન શરણાર્થીઓ સાથે સેવાનો આરંભ કરતા 'સર્વ ખ્રિસ્તી એકતા અભિયાન યાત્રા'ની શરૂઆતથી વિવિધ પંથના

ખ્રિસ્તીઓ વચ્ચે ઓછામાં ઓછી ભિન્નતા સાથે એકમંચ પર વિચારણાનો પુનઃ મંડાણ થયાં, જ્યાં ભિન્નતાની ઉપેક્ષાને બદલે એક જ શ્રદ્ધામતમાં ભરપટ્ટે જીવનનો મર્મ સાર્થક લાગ્યો. પોલના એક ઓર્થોડોક્ષ મિત્રએ તેમને, પરસ્પર વિરોધી બાબતના સમર્થક ગણાવ્યા હતા! ‘પોલ, વિવિધતામાં એકતાનું જીવંત દૃષ્ટાંત રૂપ છે. તેમનો અંતરાત્મા કેથોલિક જીવનની સાક્ષી છે અને એક ઓર્થોડોક્ષ, એંગ્લિકન કે પ્રોટેસ્ટંટનો મિત્ર પણ છે.’ સાંપ્રતકાળમાં પોલનો સંદેશ વધારે ઉપદેશાત્મક છે. સાઈઠ વર્ષે પહેલાં એક પુરોહિતની દફનવિધિ પ્રસંગે પોલના મિત્ર અને ઉદારમત પાસ્ટરના જાહેર સંદેશનો વિચાર માત્ર અશક્ય લાગે પણ વાસ્તવિક્તા હતી. પાસ્ટરે દેવળની બહાર જાહેરમાં પણ રજૂઆત કરી હતી. બીજી વેટિકન વિશ્વ પરિષદના પ્રભાવમાં આજે ગરીબની સહાયતામાં કે પ્રાર્થનાસંગતમાં કેથોલિકો, અન્ય પંથના ખ્રિસ્તીઓ સાથે સરળતાથી જોડાય છે. સમગ્ર વિશ્વમાં ખ્યાતિપ્રાપ્ત ‘તેજે પ્રેયર’ અને ‘સંત ઈજિદિયો’નો ઉદ્ભવ અને વિકાસ તેને જ આભારી છે. દેવવિધાના પંડિતોના વિચારવિમર્શને પરિણામે કેથોલિક તથા લુથેરન પંથનું સંયુક્ત પ્રકાશન ‘ડોકટ્રિન ઓફ જસ્ટિફિકેશન’(૧૯૯૯) શક્ય બન્યું છે. વર્તમાન વડાધર્મગુરુ ફ્રાન્સિસ પણ ધર્મસભાની ભૂતકાળની ભૂલોનો એકરાર કરી માફી માગી સમાધાન માટે આગળ આવ્યા છે. ફેબ્રુઆરી ૨૦૧૪ માં ધર્મોપદેશ અંગેની પરિષદમાં સંદેશ આપતાં વડાધર્મગુરુએ જોહેર કર્યું હતુ : ‘એકતાના ચમત્કારનો સૂર્યોદય હવે થયો છે.’

મૂળલેખક: Hellie Riedel
Courtesy :the Word among us. Dec-Jan 2017 issue

**એકતા માટે પ્રાર્થના**

હે પરમપિતા, તમારા સંતાનોની પ્રાર્થના સાંભળો તમારી ધર્મસભામાં પૂર્ણ એકતા સ્થાપો, અમારી વચ્ચેના મતભેદોને વિખવાદો મિટાવો, અમને સરળને નમ્ર હૃદયના બનાવો. અમે સૌ એકકંઠે તમારી સ્તુતિ કરીએ, એકસાથે તમારે ચરણે પડી તમારી ક્ષમા યાચીએ, ને સૌ સાથે તમારા શાશ્વત રાજ્ય ભણી ઉમંગભેર આગળ વધીએ, એ માટે અમારા અંતરમાં તમારી શક્તિનો સંચાર કરો.

હે પ્રભુ, તમારે ભરોસે જીવનારાઓને શાંતિ બક્ષો. તમારા ભક્તોની પ્રાર્થના સાંભળો. અમને સૌને ન્યાયને પંથે દોરો. (ઉપદેશમાળા ૩૬:૧૮-૧૯)


## લગ્ન વિષયક

આપના સમય અને સ્થળ ઉપર સાદગીપૂર્ણ ખ્રિસ્તી લગ્નવિધિથી રજિસ્ટર્ડ લગ્ન કરાવવા સંપર્ક કરશો. ઈન્ડિયન ક્રિશ્ચિયન મેરેજ એક્ટ ૧૮૭૨ મુજબ સરકાર માન્ય લગ્ન કરી સરકારી લગ્ન સર્ટી આપવામાં આવશે.

**સંપર્ક: એસ. આર. ક્રિશ્ચિયન (સરકાર માન્ય મેરેજ રજિસ્ટ્રાર)**
**મો. ૯૦૧૬૪ ૫૫૪૪૫ / ૯૩૨૮૪ ૯૯૬૯૬**

## લગ્ન વિષયક

*ગુજરાતી કેથોલિક યુવક, ઉંમર ૨૯ વર્ષ, ઊંચાઈ ૫’૭’’, શિક્ષિત, દેખાવડા તથા સરકારી નોકરી કરતા યુવક માટે સુંદર, સંસ્કારી યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો.

**મો. ૭૨૦૨૯ ૯૨૧૧૨**

* * *

*ગુજરાતી કેથોલિક યુવક, શ્રીમંત કુટુંબ, ઉંમર ૩૩, હેન્ડસમ, ટીચર (ગવર્નમેન્ટ હાયરસેકેન્ડરી સ્કૂલ), સંસ્કારી કુટુંબની કન્યાઓના વાલીઓએ સંપર્ક કરવો. જાહેરાતનો હેતુ માત્ર યોગ્ય જીવનસાથી મેળવવાનો છે.

**મો. ૮૮૬૬૬ ૬૯૧૨૮ / ફોન: ૦૨૬૯૨-૨૩૪૬૭૮**
**મો. ૮૮૬૬૮ ૩૫૮૫૨ / ૮૧૪૧૬ ૫૭૨૦૦**
**E-mail: bimaldabhi@gmail.com**

“દેવે જેને જોડ્યું તેને માણસે જુદું પાડવું નહીં.” (બાઈબલ)

**મેરેજ સર્ટીફિકેટ**

ગુજરાત સરકાર માન્ય લગ્નનું પ્રમાણપત્ર ઘરે બેઠા મેળવો. (ગાંધીનગર) જે પાસપોર્ટ, વિઝા તેમજ અન્ય સરકારી કચેરીએ લગ્નના પુરાવા તરીકે ચોક્કસ રજૂ કરવું પડે છે.

**સંપર્ક: નેવિલ ક્રિશ્ચિયન : મો. ૯૦૧૬૪ ૫૫૪૪૫**
**સુનિલ ક્રિશ્ચિયન : મો. ૯૩૨૮૪ ૯૯૬૯૬**

## મહેશ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

**૧. ઉદેપુર - જયપુર - હલદીઘાટી - અજમેર**
- પ્રવાસ તા. ૨૬-૦૧-૨૦૧૭ રાત્રે ૮.૦૦ કલાકે
- પરત તા. ૩૦-૦૧-૨૦૧૭ સવારે.
- ટિકિટ દર રૂા. ૩,૦૦૦/-

**૨. સ્પે. કચ્છ : ભુજ - અંજાર - સફેદ રણ - કાલા ડુંગર - માંડવી બીચ - નારાયણ સરોવર - કોટેશ્વર**
- પ્રવાસ તા. ૧૦-૦૨-૨૦૧૭ રાત્રે ૬.૦૦ કલાકે
- પરત તા. ૧૫-૦૨-૨૦૧૭ સવારે.
- ટિકિટ દર રૂા. ૪,૦૦૦/-

★ દરેક પ્રવાસમાં એક ટાઈમ ચ્હા-નાસ્તો, બે ટાઈમ જમવા તથા રહેવા સાથે (હોટલ બૂકિંગ). ★ રૂા.૧,૦૦૦/- આપી સીટ બુક કરાવો. ★ દરેક પ્રવાસ વડોદરા-આણંદ-નડીઆદ-અમદાવાદ-થઈને બસ જશે.

**બસ ઉપડવાનું સ્થળ:**
*ટી.પી. ૧૩, પાણીની ટાંકી પાસે, છાણી જકાતનાકા, વડોદરા*
**આયોજક: મહેશ એચ. વાઘેલા (ક્રિશ્ચિયન)**
**મો. ૯૮૨૫૫ ૬૮૨૮૧, ૮૭૩૩૦ ૨૦૫૯૪**

''નર્સિંગ તો માત્ર ગ્રો-વેલ અકેડેમી નું જ''

ગ્રો-વેલ અકેડેમી
શિક્ષણ | તાલીમ | સ્વ-વિકાસ

# નર્સિંગ કોર્સ પ્રવેશ

**INC, KNC, APNC, Recognised**

| ક્રમ | કોર્સનું નામ | લાયકાત | વર્ષ |
|---|---|---|---|
| ૧ | Nursing Assistant | ધો. ૧૦ પાસ / ધો. ૧૨ પાસ-નાપાસ | ૧ વર્ષ |
| ૨ | GNM Nursing | ધોરણ ૧૨ પાસ (કોઈપણ પ્રવાહ) | ૩ વર્ષ |
| ૩ | B.Sc Nursing | ધોરણ ૧૨ પાસ (સાયન્સ) B Group | ૪ વર્ષ |

## શા માટે GNM (૩ વર્ષ) નર્સિંગ કોર્સ ?

- ૧૦૦% નોકરી લક્ષી કોર્સ
- સરકારી નોકરીઓમાં પુષ્કત તકો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં
- મ્યુનિસિપલ હોસ્પિટલ્સમાં, કોર્પોરેશનમાં નોકરી માટેની તકો
- રેલ્વે હોસ્પિટલો, આર્મી હોસ્પિટલોમાં નોકરી માટેની તકો

## નર્સિંગ કોર્સ - ૧ વર્ષ કોના માટે ?

- જેઓ ધો. ૧૨ માં નાપાસ થયેલા હોય અને અત્યારે કંઈ પણ પ્રવૃત્તિ ના કરતા હોય
- જેઓ આર્થિક કારણોસર ધો. ૧૨ કે ધો. ૧૦ પછી વધારે ભણી ના શક્યા હોય
- જેઓ નોકરી કરવા માંગતા હોય અને આવડતના અભાવે અટકી ગયા હોય
- જેઓ ટૂંકો કોર્ષ કરી અને પોતાના કુટુંબને સહાય કરવા માંગતા હોય

સભાપુરોહીતનું ભલામણપત્ર લઈ આવનારને ફી માં રાહત આપવામાં આવશે.



નર્સિંગ કોર્સ
૧ વર્ષની બેચ
તા. ૧ ફેબ્રુઆરી ૨૦૧૭
થી શરૂ...




# ગ્રો-વેલ અકેડેમી

**સ્ટીવન ક્રિશ્ચિયન**
DIRECTOR
99 135 57505

કિલ્લોલ હોસ્પિટલ નીચે, મહાવીર માર્ગ,
આણંદ - ૩૮૮ ૦૦૧.
ફોન નં. : (૦૨૬૯૨) ૨૫૯૨૧૦.
Email : jctanand@gmail.com

**વેલેન્ટીના મેકવાન**
(PRO)
96 382 78952

facebook.com/jctanand | You Tube youtube.com/jctanand | twitter.com/jctanand



# યુવા શક્તિશાળી સ્ત્રોત

બકુલ પરમાર

*સામાજિક કાર્યકર, કૃષ્ણ હોસ્પિટલ, કરમસદ*



આજકાલ આપણા સમાજમાં લોકોનો યુવાનોને જોવાનો અભિગમ બદલાઈ રહ્યો હોય એમ મને લાગે છે. લોકોને, દારૂ પીને લથડિયાં ખાતો યુવાન દેખાય છે, ચોકડીએ મૂકેલા બાંકડા પર બેસીને છેડતી કરતો યુવાન દેખાય છે, તમાકુના વ્યસનમાં ગળાબૂડ યુવાન દેખાય છે કે પછી ભાવિ ચિંતા પરહરી પૂરપાટ બાઈક દોડાવતો યુવાન દેખાય છે! કુમાર્ગે વળેલા બેચાર કે મુઠ્ઠીભર યુવાનોને જોઈને યુવાવર્ગને આવુ લેબલ લગાડીને વડીલો યુવાવર્ગને અન્યાય તો નથી કરી રહ્યા ને? વડીલોનો કે સ્વજનોનો આ દૃષ્ટિકોણ કેટલો વાજબી છે, તે એક ગંભીરપણે વિચારવા જેવી બાબત છે. આજનો યુવાન જાગ્રૃત છે, ફરજ અને જવાબદારીઓ પ્રત્યે સભાન છે. શહેરનાં તેમજ ગામડાનો યુવાન પોતાની વ્યક્તિગત અને સામાજિક જવાબદારી ઉપાડવા સક્ષમ છે અને નિભાવે છે. ગામડામાં કોઈના ઘેર લગ્નપ્રસંગ હોય તો લગ્નની અડધી જવાબદારી ફળિયાનું યુવકમંડળ ઉપાડી લે છે. મંડપ બાંધવાથી માંડી જાનૈયાના પતરાળા સુધી ભોજન પીરસવાની યુવાનોની કાર્યનિષ્ઠાને આપણે કેમ અવગણી શકીએ! ગામડામાં કોઈના ઘરે અવસાન થયું હોય તો ઘરના સભ્યને ખબર પણ ના હોય અને લોઢા જેવી કબર ખોદી તૈયાર કરે છે! નાતાલના તહેવારની ઊજવણીના પંદર દિવસ પહેલાંથી જ અડધી રાત સુધી સાફસફાઈ, તોરણ કે અત્યંત રચનાત્મક ગભાણ બનાવવાનું કામ પણ યુવાનો જ પાર પાડે છે. યુવાનોના આ યોગદાનને આપણે કેમ વિસરી શકીએ છીએ? તેઓની સમાજસેવા પ્રશંસાપાત્ર છે.

શહેરનો યુવાન થોડો મોર્ડન છે, પણ મોર્ડન બનવુ એ ખોટુ નથી. એ ભણી રહ્યો છે, કમાણી કરી રહ્યો છે, સફળતાનાં શિખર સર કરી રહ્યો છે. શિક્ષણ અને આરોગ્ય તંત્રે ઊત્તમ સમાજસેવામાં આપણા યુવાન-યુવતીઓ જોતરાયેલાં છે. મેડિકલ, એન્જિનિયરિંગ તથા આઈ.ટી. ક્ષેત્રે પણ ખ્રિસ્તી યુવાન પગ જમાવી રહ્યો છે. જરૂર છે તો માત્ર વડીલોએ યુવા પ્રતિભા પર વિશ્વાસ મૂકવાની. તેમને થોડી સ્વતંત્રતા આપવાની અને થોડુ પ્રોત્સાહન આપવાની. 'અમે તમારી સાથે જ છીએ' એવો અહેસાસ વડીલો કરાવી શકે ખરા! હા, આપણા યુવાનો જ્યાં છે ત્યાંથી હજુ આગળ આવી શકે એમ છે, જો તેમની પ્રતિભાને પારખીને યોગ્ય તાલીમ આપવામાં આવે તો... સમાજ શ્રેષ્ઠ પરિણામનો હકદાર બની શકે એમ છે. સમાજમાં ઉચ્ચ સ્થાને બેઠેલા લોકો કે જેઓ હાલ નિવૃત થયા છે, તેમણે નવી પેઢીના ઘડતર માટે ફાળો આપવો જોઈએ. પોતાની સફળતાનો અનુભવ ઉગતી પેઢીને આપવાનો છે જેથી તેમાંની પ્રેરણા મેળવી વધારે સારું કરી શકે. સમાજ અને ધર્મસભામા ઉત્કૃષ્ટ પ્રદાન કરવા યુવાવર્ગ થનગની રહ્યો છે ત્યારે વડીલો અને ધર્મગુરુઓએ યુવાનોની નાડ પારખી, તેનો હાથ પકડવાની તાતી જરૂર છે. સમાજ અને ધર્મના ઘણાં એવાં ઊદાહરણ આપણી પાસે છે જે યુવાનોને સતત પ્રેરણા આપતાં રહે છે.

આપણો દેશ દર વર્ષે ૧૨મી જાન્યુઆરીને સ્વામી વિવેકાનંદના જન્મદિવસને છેક ૧૯૪૮થી 'રાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે ઊજવે છે. સ્વામી વિવેકાનંદ પોતાના પ્રભાવશાળી વ્યક્તિત્વને કારણે યુવાનોમાં ખૂબ જ લોકપ્રિય રહ્યા છે. ઠેર ઠેર પ્રવચનોમાં યુવાનોને પ્રેરણા આપી છે. 'તમામ શક્તિઓ તમારી અંદર રહેલી છે. સ્વીકારો કે તમે કંઈપણ કરી શકો છો અને બધું જ કરી શકો છો' આ શબ્દો આજે પણ યુવાનોને પ્રોત્સાહન પુરુ પાડે છે. રાષ્ટ્રીય યુવાદિવસ નિમિત્તે આપણે આપણા સમાજના દેશના યુવાનો વિશે વિચારીએ. આપણે યુવાનોને સારામાં સારી તાલીમ આપીશું, સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર કરીશું, વ્યસનમુક્ત રાખીશું, તંદુરસ્ત રાખીશું અને યુવાસમાજનું નિર્માણ કરીશું.

૩૧ જાન્યુઆરી, ધર્મસભા સંત ડોન બોસ્કોનો તહેવાર ઉજવે છે, જેમણે સતત યુવાનો મધ્યે ઉપસ્થિત રહી, અસંખ્ય યુવાનોને સન્માર્ગે વાળ્યા હતા, આજે તેમણે સ્થાપેલ સલેશિયન સંઘ 'યુવાનો મધ્યે હાજરી' કે 'અગમચેતીપ્રણાલી' ની સંતની કાર્યપ્રણાલી મારફતે આજે પણ યુવાનો વચ્ચે જબરદસ્ત કાર્ય કરે છે. 'તમને ચાહવા માટે, તમે યુવાન છો, તેટલું જ મારા માટે પુરતુ છે.' એ સંતના જીવનનો મુદ્રાલેખ હતો. આપણા વડીલો અને આપણે સૌ સંતના આ મુદ્રાલેખને જીવનમાં અપનાવીએ તો કેટલો બધો ફરક પાડી શકીએ? સંતાનો અને માબાપ વચ્ચે જૂની અને નવી પેઢીનું જે અંતર વધતુ જાય છે તે તબક્કાવાર ઓછું થશે, યુવાનોમાં વ્યસનો અને આત્મહત્યાનું જોર જોવા મળે છે, તેમાં ઘટાડો થશે અને એકદિવસ વડીલવર્ગ અને યુવાવર્ગ ખભેખભા મિલાવી, સુખી બની શકશે.યુવાનો પ્રત્યેની સહાનુભૂતિ અને વડીલો પ્રત્યેનો આદર એક સુખી, સર્વગુણ સમાજનું, ધર્મસભાનું સર્જન કરે એવી શુભેચ્છા. ●


**હિન્દી બાઈબલ અધિવેશન - પોટ્ટા રિટ્રીટ પ્રવાસ - કેરાલા**

**"ઓજસ - ૨૦૧૭"**

(ડાયરેક્ટ ટ્રેન તથા લક્ઝરી બસ દ્વારા)

**૨૮મી મે રવિવારથી ૨જી જૂન, શુક્રવાર ૨૦૧૭**

૩ દિવસ કેરાલા દર્શન

**પ્રવાસ ફીઃ રૂા. ૪,૨૦૦/-**

**૨૫-૦૫-૨૦૧૭ ગુરુવાર થી ૦૫-૦૬-૨૦૧૭ સોમવાર સુધી (પ્રવાસ દિવસઃ ૧૦)**

ઉનાળુ વેકેશનમાં રિઝર્વેશનની મુશ્કેલી હોવાથી વેળાસર **આજે જ રિઝર્વેશન કરાવો.**

**રૂા. ૨,૦૦૦/- એડવાન્સ ફી આપીને ૨૫-૧-૨૦૧૭ બુધવાર સુધીમાં અવશ્ય નામ નોંધાવશો.**

**આજે જ સંપર્ક કરો વધુ વિગત માટેઃ** કેરેસ્મેટીક બંધુઃ હેમંતભાઈ એમ. મેકવાન (મો. ૯૪૨૭૬ ૩૫૮૯૫)
(૦૨૬૯૨) ૨૬૬૦૭૧ *વૈભવ સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧*



# પ્રભુ પ્રકાશનું પર્વ

✍ જોન કાનીસ

*પૂર્વ તંત્રી 'દૂત'*

માતા ધર્મસભા એનાં સંતાનોને જાન્યુઆરી માસના પ્રથમ રવિવારે પ્રભુપ્રકાશનું પર્વ ઉજવવા આમંત્રણ આપે છે. હાલમાં આપણા ખ્રિસ્તી પંચાગમાં 'પ્રભુપ્રકાશ પર્વ' એમ લખવામાં આવે છે પણ પહેલા આ પર્વ 'માગી રાજાઓના તહેવાર' તરીકે જાણીતું હતું. પ્રત્યેક તાબામાં એની ધૂમધામથી ઉજવણી થતી. કદાચ, નાતાલ કરતાં પણ આ તહેવાર વધુ ભવ્ય રીતે ઉજવાતો. દેવળના પ્રાંગણમાં કે ચર્ચ કંપાઉન્ડમાં આ ઘટનાનાં દૃશ્યો ભજવતાં. મને બરાબર યાદ છે, હું નાનો હતો અને અમે કરમસદ તાબામાં હતા ત્યારે રવિવારના આઠ-સાડા આઠના ખ્રિસ્તયજ્ઞ પહેલા દેવળની બહાર માગી રાજાઓનું નાટક ભજવાતું. ત્રણ કેટેકિસ્ટો (માથિયાસ માસ્તર, તિમોથી માસ્તર અને માઈકલ માસ્તર) માગી રાજા બનતા અને કેટેકિસ્ટ ફિલિપ માસ્તર હેરોદ રાજા. એફ્રેમ માસ્તર એનું સંચાલન કરતા અને પૂજ્ય ફાધર ગ્રાઉના માર્ગદર્શન હેઠળ ભજવાતી એ માગી રાજાની ઘટના ખૂબ હૃદયસ્પર્શી બની રહેતી. ઘણા તાબાઓમાં માગીરાજાઓ ઊંટ પર બેસીને આવતા.

સમયનાં વહેણ સાથે આ તહેવારનું માહાત્મ્ય ને એની પાછળ રહેલી ભાવના કદાચ વિસરતી જાય છે. હકીકતે તો શરૂઆતના વર્ષોમાં ખ્રિસ્તીઓ 'ખ્રિસ્તજયંતી' પર્વ નહોતા મનાવતા પણ માગીરાજાઓનું પર્વ મનાવતા હતા. તા.૨૫ ડિસેમ્બરને ઈસુજન્મના તહેવાર તરીકે ઉજવવાનુ તો પોપ જુલિયસ પહેલાના સમયમાં નક્કી થયું. એનુ કારણ એ હતુ કે ઈસુના જન્મ સમય બાબતે ઘણા મતભેદ અને વિવાદ હતા. કેટલાક ખગોળવિધાનો આધાર લઈ માગી રાજાઓ બેથલેહેમમાં કયા સમયે આવ્યા એ બાબતને કેન્દ્રમાં રાખી ઈસુના જન્મનો સમય નક્કી કરતા હતા. કેટલાક પ્રાચીન પરંપરાઓનો આધાર લેતા હતા.

ખેર, આ વિષય એક નવો જ અલગ લેખ માંગી લે છે. ચાર શુભસંદેશકારોમાંથી માત્ર એક જ શુભસંદેશકાર- સંત માથ્થી, માગી રાજાઓનો પ્રસંગ આલેખે છે.માથ્થીના શુભસંદેશના બીજા અધ્યાયમાં કલમ ૧થી ૧૨માં આ ઘટનાનું આલેખન જોઈ શકાય છે. માથ્થી શુભસંદેશમાં માગી રાજાઓનો ઉલ્લેખ 'પૂર્વ પંડિતો' (અંગ્રેજી બાઈબલ 'Wise Men') એ રીતે થયેલો છે. પણ એમની કોઈ સંખ્યાનો ઉલ્લેખ માથ્થી નથી કરતા. માથ્થી 'પૂર્વમાંથી કેટલાક પંડિતો' એમ લખે છે. આમ 'કેટલાક' અને 'કેટલા' (કોઈ ચોક્કસ આંકડો) આપતા નથી. પરંપરા પ્રમાણે ત્રણ માગી રાજાઓ ઊંટો પર સવાર થઈને બાળઈસુના દર્શને આવ્યા અને તેમણે સોનુ, બોળ ને લોબાન અર્પણ કર્યા એમ મનાય છે. પણ સિરિયન ચર્ચ બારનો આંકડો આપે છે. ઈ.સ ૧૮૦૦ના અરસામાં થઈ ગયેલા હેન્ની વેન્ડાઈક નામનાં લેખકે માથ્થીના શુભસંદેશમાં આલેખાયેલ માગી રાજાઓની વાત પરથી ચોથા માગીની કલ્પના કરીને 'ધ અધર વાઈઝ મેન' (ચોથો માગી રાજા) નામની વાર્તા લખી છે.

પરંપરા અનુસાર જે ત્રણ માગી રાજાઓ બાળ ઈસુના દર્શને આવ્યા હતા. તેમનાં નામ અનુક્રમે મેલ્ખયોર(Melchoir - Melichoir), કાસ્પર(જાસ્પર, ગાથસ્પા) અને બાલ્થાઝર(Balthazer) માનવામા આવે છે. જેમાંના પ્રથમ પર્શિયન પંડિત હતા, બીજા ભારતીય પંડિત અને ત્રીજા બેબિલોનના પંડિતએ King Of Arehiaના હોવાથી માન્યતા પણ છે. આ ત્રણે રાજાઓ હતા, એ માન્યતા પાછળ (સ્તોત્રઃ૭૨ઃ૧૦-૧૧) ની આ કડીઓનો ઉલ્લેખ કરી શકાય.

'દૂર દૂર રાજરાજવી તેને ખંડણી આપો,
ઠેર ઠેર તેને કાજે ભેટ સોગાદો લાવો,
સૌ રાજાઓ તેને ચરણે દંડવત્ નમી જાઓ.'

આની સાથે સરખાવો માથ્થીના શુભસંદેશની આ કલમો -

તેમણે તેને સાષ્ટાંગ પ્રણામ (દંડવત) કર્યા અને પોતાની ગાંઠડી છોડીને સોનું, ધૂપ અને બોળ (ભેટસોગાદો) ભેટ ધર્યા. માથ્થીએ પોતાનો શુભસંદેશ યહૂદીઓમાંથી ઈસુપંથી બનેલો લોકો માટે લખ્યો હોઈને તેઓ એ દર્શાવવા મથે એ સ્વાભાવિક છે કે જૂના કરારમાં જે બધી આગાહીઓ મુક્તિદાતા સંદર્ભે થઈ હતી તે ઈસુમાં પૂરી થયેલી જોઈ શકાય છે. પૂર્વના આ પંડિતો વિષે જે બે બાબતો પરંપરાનુસાર માનવામાં આવે છે તે મુજબ આ લોકો જે તે પ્રદેશના રાજાઓ હતા. 'માગી' એ લેટિન 'Magus' બહુવચનો તરજૂમો છે જે મૂળે ગ્રીક Magos માંથી અવતરિત છે. આ Magus ઈરાની (જૂના પર્શિયન) એક ધાર્મિક જાતિ હતી જે પુરોહિત તરીકેનું કાર્ય બજાવતી અને ખગોળવિધાની જાણકાર હતી. જ્ઞાની લોકો હતા અને એટલે જ કોઈ દૈવી પુરુષ યહૂદી પ્રજામાં પેદા થશે અને નિશાનીરૂપે આકાશમાં 'અદ્‌ભુત તારો' પ્રગટશે એવુ એ જાણતા હતા.

પૂર્વના આ પંડિતોની કથા આલેખવા પાછળ માથ્થીનો એક આશય છે. આ ઘટના દ્વારા માથ્થી દર્શાવવા માગે છે કે ઈસુનો મુક્તિસંદેશ માત્ર યહૂદીઓને માટે નથી પણ વિશ્વની તમામ જાતિઓ-સમગ્ર વિશ્વના લોકો માટે છે. વાત સાચી કે ઈસ્રાએલી એ ઈશ્વરની પસંદ કરેલી પ્રજા હતી અને મુક્તિદાતા એમનામાંથી જ પ્રગટશે એવું ઈશ્વરનું વચન હતું. પણ આને કારણે, ઈસ્રાયેલી પ્રજા એક ખોટા ભ્રમમાં જીવતી હતી કે મુક્તિદાતા ફક્ત આપણા માટે જ આવશે અને મુક્તિ ફક્ત અમને જ મળશે - અન્ય વિદેશી પ્રજાઓને નહી.

પ્રભુપ્રકાશનુ પર્વ એ ખરેખર તો આપણું - વિદેશીઓનું જેઓ ઈસ્રાએલ પ્રજા નથી તેમનુ પર્વ છે, કારણ પ્રભુનો પ્રકાશ આપણા સૌ પર ઉદય પામ્યો છે. હા, આપણે ઘોર તિમિરમાં અથડાતા હતા. (ગરીબી અને અજ્ઞાનના અંધકારમાં) મૂર્તિપૂજામાં રાચતા હતા અને વિવિધ કલ્પિત દેવ-દેવીઓની પૂજા કરતા હતા. ઈ.સ. ૧૮૯૩માં આપણે ત્યાં પ્રકાશ પ્રગટ્યો, આપણને એ તારો દેખાયો જે માગી રાજાઓને દેખાયેલો અને આપણા પૂર્વજોએ મુક્તિદાતાનો સ્વીકાર કર્યો. ક્રિસમસની રાત્રે પ્રત્યેક ઘરની આગળ વિવિધ પ્રકારના 'સ્ટાર' લટકાવવામાં આવે છે જે જોઈને અન્ય ધર્મીઓને ખબર પડે છે કે આજે 'ના-તાલ' છે. માગીરાજાઓને દેખાયેલો એ તારો તમે ને હું છીએ. પ્રભુનો પ્રકાશ ફેલાવવાનું કામ

આપણુ છે. આપણા શબ્દો દ્વારા, આપણા સારાં આચરણો, સેવાકાર્યોથી આપણે શુભસંદેશના સાક્ષી બનીએ છીએ. કોઈપણ પર્વ કે તહેવાર ઉજવીએ ત્યારે એ જાણવું-સમજવું પણ જરૂરી છે કે એ તહેવાર આપણને કોઈ ને કોઈ સંદેશ અવશ્ય પહોંચાડે છે. મસિહા-મુક્તિદાતા આવવાના છે એ ઘણા બધા (ખાસ તો ઈસ્રાએલી પ્રજા) જાણતા હતા (કારણ, પયગમ્બરોએ એમના વિશે અનેક આગાહીઓ કરી હતી) અને એમની વાટ પણ જોતા હતા. પણ એમના આગમનની ખબર બે લોકોને જ થઈ, એક સીમમાં વસતા ભરવાડો અને બીજા આ માગીરાજાઓ - પૂર્વના પંડિતોને અને મુક્તિદાતાનાં દર્શન આ બે ભાગ્યશાળી લોકો જ કરી શક્યા. પ્રભુને કોણ પામી શકે અથવા પ્રભુ કોની આગળ પ્રગટ થાય છે? ગિરિપ્રવચનનાં બે વચનો આના પર ઠીક ઠીક પ્રકાશ પાથરે છે. એક, ‘ચોખ્ખા દિલના પરમસુખી છે, તેમને ઈશ્વરનાં દર્શન થશે’ અને બીજુ, ‘ધર્મની જેમને ભૂખ તરસ છે તેઓ પરમસુખી છે, તેઓ તૃપ્તિ પામશે.’

જેમને ઈશ્વરની તરસ છે, જેઓ એને શોધે છે તેમને એની પ્રાપ્તિ થાય છે. નર્યું જ્ઞાન વાંઝિયું છે. ફરોશી અને શાસ્ત્રીઓને ખબર નહોતી કે મસિહા ક્યાં જન્મવાના છે! એ બધા તો શાસ્ત્રના પંડિતો હતા. માગી રાજાઓને ઈસુના જન્મસ્થળ-બેથલેહેમ-ની માહિતી આ પંડિતો પાસેથી જ પ્રાપ્ત થઈને! હેરોદને પણ ખબર પડે છે ઈસુના જન્મની. પણ ઈસુને શોધવા કોઈ નીકળી પડ્યા? સિવાય કે ભરવાડો ને માગીઓ. આ માગીઓ દૂર દેશાવરથી સાવ અજાણ્યા પ્રદેશમાં પહાડો, નદીઓ ને દુર્ગમ રસ્તાઓ વટાવતા પહોંચે છે. ઈશ્વર કદી પક્ષપાત કે ભેદભાવ કરતો નથી. જૂના કરારમાં રાજા સોલોમનની જ્ઞાનવાણી સાંભળવા શબાની રાણી દૂરના રાજ્યમાંથી આવે છે. અરામી રાજાના સેનાપતિ નામાનને પયગંબર એલિશા કોઢથી મુક્ત કરે છે. એલિયા દ્વારા પ્રભુ સારફતની વિધવા ને એના દીકરાને જીવનદાન બક્ષે છે. નવા કરારમાં પણ પ્રભુ ઈસુ વિધર્મીઓની પ્રાર્થના સાંભળે છે ને તેમની શ્રદ્ધાની કદર કરે છે. પ્રભુપ્રકાશનું પર્વ એક મહાન સંદેશ લઈને આવે છે, ઈસુનો મુક્તિસંદેશ માત્ર યહુદીઓ કે ખ્રિસ્તીઓ માટે જ નથી પણ સમગ્ર માનવજાત માટે છે. ઈસુ માત્ર ઈસ્રાએલીઓ કે ખ્રિસ્તીઓના જ નહીં, વિશ્વની તમામ પ્રજાના મુક્તિદાતા છે. હાથ ફેલાવીને ઉભેલા ઈસુ સહુ કોઈને પોતે મેળવેલી મુક્તિમાં સહભાગી થવા આમંત્રે છે. ‘જો, હું આંગણે ઊભીને બારણું ખખડાવું છું, જો કોઈ મારો સાદ સાંભળીને બારણું ઉઘાડશે તો હું તેના ઘરમાં આવીશ અને તેની સાથે જમીશ, અને તે મારી સાથે જમશે.’ ●




“વેલી’સ બ્લિસ”

પ્રિન્સ મેકવાન (ફેશન ડિઝાઈનર)

લગ્નની મેક્ષી કમ્યુનિયન ફ્રોક,

ફોટોગ્રાફી - વિડિયોગ્રાફી તથા DJ

દરેક જગ્યાએ જોયા બાદ છેલ્લે મુલાકાત લો
અને તમારા બજેટમાં બુક કરાવો.

૮-એ, નવજીવન કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧

મો.: ૮૦૦૦૯ ૫૭૦૮૦ / ૯૭૨૫૨ ૩૯૨૯૨

NA / NOC ટાઈટલ ક્લીયર પ્લોટ...

પ્લોટોનું વેચાણ ચાલુ છે.

બુકીંગ ચાલુ છે...




પ્રોજેક્ટ સાઈટ લે-આઉટ




સંપર્ક :

રમેશભાઈ મેકવાન (વલાસણ વાળા):

૯૫૭૪૮ ૮૮૨૯૪

ઓર્ગેનાઈઝર :

હિતેષભાઈ પટેલ (લાલાભાઈ)

અક્ષર ફ્લોરેન્ઝા

સાઈટ થી અંતર :

| | |
|---|---|
| બોરસદ ચોકડી | : ૧ કી.મી. |
| અમીન ઓટો | : ૦.૫ કી.મી. |
| વી.વી. નગર | : ૨.૫ કી.મી. |
| ને.હા.નં. ૮ | : ૪ કી.મી. |
| મધુભાન રીસોર્ટ | : ૦.૫ કી.મી. |

સાઈટ : ન્યુ પાલીકા નગરની બાજુમાં, સાંગોળપુરા રોડ, ટી.પી. ૮, આણંદ - ૩૮૮ ૦૦૧.

# ✝ તપઋતુ રિટ્રીટ – નગરા ✝

➢ મનુષ્યના જીવનનો હેતુ શો છે ?
➢ હૃદયપલટો એટલે શું ?
➢ ઈસુને અનુસરવા એટલે શું ?
➢ ઈસુ દ્વારા માનવજાતને મુકિત કેવી રીતે પ્રાપ્ત થાય છે ?

– આવા અનેક પ્રશ્નોની સમજ આ રિટ્રીટમાં આપવામાં આવશે.

## –: પ્રવકત્તાઓ :–

| | | |
|---|---|---|
| **ફાધર પરેશ પરમાર<br>નગરા** | **ફાધર જીમી બી. ડાભી<br>G.V.D. (સેવાસી)** | **બ્રધર ફ્રેડીક<br>વડોદરા** |

## ::– રિટ્રીટનો કાર્યક્રમ ::–

**તારીખ : ૧૧ માર્ચ, ૧૨ માર્ચ અને ૧૩ માર્ચ ૨૦૧૭ (શનિ–રવિ–સોમ)**

**સમય : રોજ સવારે ૧૦.૦૦ થી સાંજના ૪.૦૦ સુધી.**

વિશેષ નોંધ :–

- દુરથી આવનાર શ્રદ્ધાળુ ભાઈ–બહેનો માટે રહેવાની તથા જમવાની સગવડ કરી આપવામાં આવશે જે માટે અગાઉથી ફોન દ્વારા પોતાનું નામ નોંધાવી લેવા વિનંતી.
- રિટ્રીટ સેન્ટર નગરા તરફથી રહેવા તથા જમવાની સગવડ નિઃશુલ્ક કરવામાં આવશે.
- બાઈબલ તેમજ નોટ અને પેન સાથે લઈ આવવા વિનંતી.

# રાત્રિ આરાધના – નગરા

**વિશેષ નોંધ :–**

જાન્યુઆરી ૨૦૧૭ થી રાત્રિ આરાધના દર મહિનાના **બીજા શનિવારે** રાખવામાં આવશે. જેની સર્વ શ્રધ્ધાળુ ભાઈ–બહેનોએ નોંધ લેવી.

**આગામી બીજા શનિવારની રાત્રિ આરાધના**

તારીખ : ૧૪ જાન્યુઆરી ૨૦૧૭ શનિવાર

સમય : રાત્રિના ૧૦.૦૦ થી સવારના ૪.૦૦ વાગ્યા સુધી.

સ્થળ : રિટ્રીટ સેન્ટર નગરા, નગરા રોડ, ખંભાત – ૩૮૮૬૨૦

ફોન : ૦૨૬૯૮–૨૨૩૨૫૬, ૮૧૪૧૦ ૮૩૨૩૯








## સુખદાયી નવું વર્ષ. *Happy New Year-2017*

પ્રત્યેક વર્ષે ભારતમાં ૨૬મી જાન્યુઆરીના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવે છે, ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે ભારત સ્વતંત્ર બન્યો અને ૨૬ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ભારત દેશ વિધિવત પ્રજાસત્તાક જાહેર થયો. પ્રજાસત્તાક રાજ્યતંત્રમાં સર્વોચ્ચ સત્તા રાજામહારાજાના બદલે પ્રજાએ ચૂંટી કાઢેલા પ્રતિનિધિઓના હાથમાં હોય છે, દેશના વડાપ્રધાન પણ પ્રજાએ ચૂંટાયેલ પ્રતિનિધિઓમાંથી જ બને છે. દેશમાં આખરે પ્રજાનું શાસન છે, એટલે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરીએ છીએ. પ્રજાસત્તાક દિન રાષ્ટ્રીય રજાનો દિવસ છે. આ દિવસે સવારે ધ્વજવંદનનો કાર્યક્રમ હોય છે. આઝાદીના લડવૈયાઓને આપણે આ દિવસે યાદ કરીએ છીએ. સ્વાતંત્ર્ય સંગ્રામના શહીદોને કારણે જ આપણે આઝાદીનો આનંદ આજે માણીએ છીએ. ધ્વજવંદનના કાર્યક્રમ નિમિત્તે ઉપસ્થિત મહાનુભાવો એકતા જાળવી રાખવા અને બંધારણનો આદર કરવા શીખ આપે છે. કાર્યક્રમના અંતે સૌ સાવધાનમાં ઉભા રહીને રાષ્ટ્રગીત - ‘જન ગણ મન’ નું એકસાથે ગાન કરે છે. પ્રજાસત્તાક દિનથી ઉજવણી પ્રસંગે આપણા દેશની રાજધાની દિલ્હીમાં રાજપથ પર ધ્વજવંદન ઉપરાંત પરેડ યોજવામાં આવે છે, જેમાં સૈન્યની ત્રણેય પાંખ- ભૂમિદળ, જળદળ અને હવાઈદળ ભાગ લે છે. અદ્યતન શસ્ત્રસરંજામ રજૂ કરવામાં આવે છે. દેશનાં તમામ રાજ્ય, પોતાનો વિકાસ દર્શાવતાં ‘ટેબલો’ રજૂ કરે છે. સ્થાનિક લોકકલાની પણ અભિવ્યક્તિ કરે છે. દેશવાસીઓ પ્રજાસત્તાક દિનની પરેડ જોવા દિલ્હીમાં ઉમટી પડે છે. સરકારી ઈમારતો અને કચેરીઓ પર રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે, વળી રાત્રિ દરમિયાન રાષ્ટ્રપતિ નિવાસ અને અન્ય સરકારી કાર્યાલય પર રોશની કરવામાં આવે છે. ૬૬મા પ્રજાસત્તાક દિનની, ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. અમેરિકાના ૪૪મા રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા સમારંભના સન્માનીય મહેમાન હતા. ભારત માટે આ વાત આદર અને રાષ્ટ્રગૌરવની હતી.



## બીજાના કાજી બનશો નહીં.

૨૪ વર્ષનો એક છોકરો બારી બહાર ડોકીયું કરી, બૂમ પાડી ઉઠ્યો :

‘પપ્પા, જુઓ આ ઝાડવાં પાછળ પાછળ ચાલે છે.’ પપ્પાએ સ્મિત કર્યુ, પડખે બેઠેલા એક યુવાન દંપતીને ૨૪ વર્ષના આ છોકરાની બાલિશ વાત સાંભળી દયા આવી. ઓચિંતો ફરી છોકરો બૂમ પાડવા લાગ્યો. ‘પપ્પા, જુઓ પેલા વાદળાં, આપણી સાથે

સાથે ચાલે છે.' દંપતીને અસહ્ય લાગ્યું એટલે પેલા વયસ્ક માણસને જણાવ્યું: 'શા માટે તમારાં છોકરાને કોઈ સારા ડૉક્ટર પાસે લઈ જતા નથી!' વડીલે સ્મિત કર્યુ અને કહ્યું : 'આજે એ જ કર્યુ છે. અમે અત્યારે હોસ્પિટલમાંથી જ આવી રહ્યાં છીએ. અમારો દીકરો જન્મથી અંધ હતો. આજે જ તેને દ્રષ્ટિ મળી છે!'

સાર : પૃથ્વી પરના પ્રત્યેક આદમીના એક કહાની હોય છે. લોકોને જ્યાં સુધી સાંગોપાંગ ન ઓળખીએ ત્યાં સુધી તેમનો ન્યાય તોળીએ નહીં તો સત્ય જાણીએ ત્યારે આપણને આશ્ચર્ય થશે!





## પોંગલનુ વૈવિધ્ય

**મકરસંક્રાતિ :** ઉત્તરભારતના લોકો મકરસંક્રાતિનુ પર્વ ભારે ઉત્સાહથી ઉજવે છે. આકાશમાં રંગબેરંગી પતંગ ચગાવીને લોકો આનંદ-ઉલ્લાસથી આ તહેવાર ઉજવે છે. લોકો માને છે કે આ દિવસે પવન દિશા બદલે છે. એટલે લોકો રસ્તા પર ઉતરી આવે છે, પતંગ ઉડાવે છે એને કપાયેલા પતંગ લૂંટે છે.

**કાનુમુ :** ઘર આંગણામાં ખૂબ જ કાળજીપુર્વક સુર્યની રંગપૂરણી કરવામાં આવે છે.

**લોહરી :** પંજાબમાં જાન્યુઆરી મહિનામાં લોહરીનો તહેવાર ઉજવવામાં આવે છે. પંજાબના લોકો આ દિવસને સૌથી ઠંડોગાર દિવસ માને છે. ઠંડા પવનના હિલોળા વચ્ચે લોકો ભાંગડા નૃત્ય કરે છે અને વિશેષ વાનગી આરોગે છે. ઈશ્વરના આશીર્વાદથી સારા પાકના ઉતારા માટે આનંદ વ્યક્ત કરતાં લોકગાન કરે છે.

**બિહુ :** આસામી લોકોનો મહાન તહેવાર બિહુ છે. તેઓ ત્રણેક પ્રકારે બિહુ ઉજવે છે. આસામના મુખ્ય પાક ડાંગરની રોપણીથી તહેવારની ઉજવણી શરૂ કરે છે અને વિવિધ તબક્કામાં ઉજવણી કરે છે.


**ભોગી :** મેઘરાજાના દેવતા ઈન્દ્રના માનમાં પ્રથમ દિવસ ભોગી તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ અંગે ઘણી કથાઓ પ્રચલિત છે. સવારે લોકો તલનું તેલ શરીરે ચોળે છે, સ્નાનાદિ કરે છે. સાંજે પ્રગટાયેલી આગમાં ઘરના કૂડાકચરાને સળગાવી દેવામાં આવે છે.

**પોંગલ :** તમિલનાડુમાં આભારની ઉજવણીના જેવો જ આ એક પાકની લણણીનો તહેવાર છે. વિપુલ માત્રામાં ધાન્યના ઉતારા માટે સૂર્યદેવતાની અર્ચના કરવામાં આવે છે.

**પોકિ ઉત્સવ :** ઉજવણીના પહેલાં જ દિવસે જૂની પુરાણી વસ્તુઓને કાઢી નાખી ફેંકી દેવામાં આવે છે. આપણા જીવનમાં મેઘવર્ષાનુ મહત્ત્વપૂર્ણ સ્થાન હોવાથી કુદરતી રીતે જ મેઘરાજાના વધામણાં કરવામાં આવે છે અને પોકિ ઉત્સવનો પ્રારંભ કરવામાં આવે છે. ઈન્દ્રદેવ વરસાદના રાજા હોવાથી લોકો ઈન્દ્રદેવતાની સ્તુતિ કરે છે અને વર્ષા માટે પ્રાર્થે છે. હાથી ઈન્દ્રદેવનું વાહન છે એટલે ઈન્દ્રની વધામણી માટે હાથીના આકારની રંગપૂરણી કરવામાં આવે છે.



**ઉદારતા :** મહાત્મા ગાંધી પ્રત્યેક ગામે ગામ અને શહેરે શહેર ચરખા સંઘ માટે, ફંડફાળો ઉઘરાવવા ગયા હતા. તેમના પ્રવાસ દરમિયાન ઓડિશામાં તેમણે એક જાહેરસભાને સંબોધન કર્યુ હતું. મહાત્માજીના વ્યાખ્યાન પછી એક ગરીબ મહિલા આગળ આવી. ઉંમરને કારણે તે કમરથી વળી ગઈ હતી, વાળ સફેદ થઈ ગયા અને ચીંથરેહાલ કપડાં પહેર્યા હતાં. સવયંસેવકો તેને આગળ વધતાં અટકાવવા લાગ્યા. તેણે મુકાબલો કરી રસ્તો કર્યો અને ગાંધીજી જ્યાં બેઠા હતા ત્યાં આવી પહોંચી. ગાંધીજીના ચરણસ્પર્શ કરવા તેણે દૂરાગ્રહ કર્યો. સાડલાના છેડેથી એક તાંબાનો સિક્કો છોડ્યો અને મહાત્માજીના ચરણમાં ધર્યો. ગાંધીજીએ ખૂબ હેતથી સ્વીકાર્યો અને સાચવ્યો. ચરખા ફંડની ઝોળી જમનાલાલ બજાજ પાસે હતી. તેમણે ગાંધીજી પાસે પેલો તાંબાનો સિક્કો માંગ્યો પણ તેમણે ઈન્કાર કર્યો. "હું હજારો રૂપિયાના ચેક રાખું છું છતાં એક તાંબાના સિક્કા માટે મારી પર વિશ્વાસ નથી. " એમ જમનાલાલે હસતાં હસતાં જણાવ્યું.



"આ તાંબાનો સિક્કો હજારો રૂપિયા કરતાં વધારે મૂલ્યવાન છે." ગાંધીજીએ કહ્યું. "કોઈ માણસ પાસે લાખો રૂપિયા હોય અને તેમાંથી એકાદ હજાર રૂપિયા દાન કરે એની શી વિસાત! પણ આ ગરીબ મહિલા પાસે આ તાંબાનો સિક્કો જ સર્વસ્વ હતો છતાંયે તેણે તે દાનમાં આપ્યો તેથી તેનું મૂલ્ય વધારે છે. આ તેની ઉદારતા છે. એટલા જ માટે મારે મન એક કરોડ કરતાં મારે આ તાંબાનો સિક્કો બહુમૂલ્ય છે."

## પપ્પાનું નિર્મળ હૃદય :




અગિયાર વર્ષની એક દીકરીએ, એક દિવસ તેના પપ્પાને પૂછ્યું, "પપ્પા, મારી પંદરમી વર્ષગાંઠ નિમિત્તે મને શું ભેટ આપશો?" પપ્પાએ જવાબ આપ્યો : "હજુ ઘણો સમય બાકી છે." જ્યારે આ દીકરી ૧૪ વર્ષની હતી ત્યારે તે બેભાન થઈ ગઈ હતી. તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી. ડોક્ટરે તેના પપ્પાને જણાવ્યું હતું કે, તેનું હૃદય ખૂબ જ નબળું છે, હવે ઝાઝુ જીવશે નહીં! જ્યારે તે હોસ્પિટલમાં પથારીવશ હતી ત્યારે તેણે પપ્પાને પૂછ્યું હતુ : "પપ્પા, શું હું મરણ પામીશ એવું ડોક્ટરે તમને જણાવ્યું છે?" પપ્પાએ ઈન્કાર કર્યો, "ના, તું જરૂર જીવવાની છે." આંખના આંસુ સાથે પપ્પા ઓરડાની બહાર નીકડી ગયા. દીકરીએ સામે પ્રશ્ન કર્યો : "તમે એમ ખાતરીપૂર્વક કઈ રીતે કહી શકો?" પપ્પા એ ઓરડાના બારણાંમાં ઉભા રહીને પાછા વળતાં કહ્યું, "હું માનુ છુ કે તું..." જ્યારે તેણે

પંદર વર્ષ પૂરા કર્યાત્યારે તેના પલંગ પર એક પત્ર હતો : ''મારી વ્હાલી દીકરી. જો તું આ પત્ર વાંચવા ભાગ્યશાળી બની હોવ તો... બધું જ સફળ થયુ છે, એમ માનવું, જેની મેં ખાતરી આપી હતી.''

''એક દિવસ તેં મને પૂછ્યું હતું, તારા પંદરમા જન્મદિવસ નિમિત્તે હું તને શું આપીશ! ત્યારપછી શું બન્યું તેની મને ખબર નથી, પણ હમણાં મારુ હૃદય તને ભેટમાં આપુ છું.'' પપ્પાએ દીકરીને હૃદયનું દાન કર્યુ, જીવનદાન કર્યુ.

સાર : તમારાં માબાપને ચાહો... તમારી સમજણને પાર તેઓ તમારી ખુશી માટે સર્વકાંઈ કરી રહ્યાં છે, કેટલીક વાર જ્યારે તમે યુવાન બની રહ્યા છો ત્યારે એટલું યાદ રાખજો, તમારા માબાપ વૃદ્ધ બની રહ્યાં છે. માબાપ માટે સાનુકૂળ સમય ફાળવો, પ્રેમાળ સંભાળ રાખો. તમે જ્યારે મોટા થશો ત્યારે તેમની ગેરહાજરીમાં તેમનું મૂલ્ય સમજાશે.

## આ ચિત્રમાં રંગ પૂરણી કરો.



## સુખદાયી નવું વર્ષ. *Happy New Year-2017*

**સંપાદક : રાજેશ ક્રિશ્ચિયન મો. ૯૪૨૬૫૮૦૦૨૮** E-mail : rajesh.christian@yahoo.co.in

# લગ્નસંસ્કારની સુવર્ણજયંતીએ હાર્દિક શુભકામનાઓ



**કાન્તાબેન આર. સોલંકી — રમણભાઈ એમ. સોલંકી**

**લગ્ન તારીખ: ૨૨-૦૧-૧૯૬૭**

**સુવર્ણ જયંતીનો પ્રેમાળ સંગાથ : ૨૨-૦૧-૨૦૧૭**

લગ્નજીવનનાં ૫૦ વર્ષ પૂર્ણ કરવા બદલ હાર્દિક અભિનંદન. પિતા પરમેશ્વર આપ બન્નેને આવનાર વર્ષોમાં સારી તંદુરસ્તી અને દીર્ઘાયું બક્ષે એવી પ્રભુને પ્રાર્થના અને આપને શુભેચ્છા.

**આપનાં બાળકો**

**જ્યોતિ - જસ્ટિન ચૌહાણ**

**બેનેદિક્તા - હર્ષદ સોલંકી  જયશ્રી - ફ્રાન્સિસ સોલંકી**

**જોય, સાક્ષી, સ્પંદન, સૌમ્ય, આર્યન**

*"સુનિરાજ"*
*જીવન-જ્યોત સોસાયટી, આણંદ*

*૪૬, ઈશ્વરકૃપા સોસાયટી,*
*હાટકેશ્વર, અમદાવાદ*


## પુષ્પક ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**ઉનાળુ વેકેશન પ્રવાસ**

**ચેન્નાઈ વેલાંગની-સંત આલ્ફોન્સાના દર્શનાર્થે રેલ્વે તેમજ બસ દ્વારા** (લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે)

| દિવસ | આખી ટીકીટ | અડધી ટીકીટ | ઉપડવાની તારીખ | રહેઠાણ વ્યવસ્થા |
|---|---|---|---|---|
| ૧૭ | રૂા. ૧૮૦૦૦/- | રૂા. ૧૧૦૦૦/- | ૧૨-૫-૨૦૧૭ | હોટલ તથા ગેસ્ટ હાઉસ |

સાથે : પોંડીચેરી, કન્યાકુમારી, કોવાલમ, એલ્લપી, થેક્કડી, મુનાર, કોચીન

**દક્ષિણ ભારત પ્રવાસ રેલ્વે તેમજ બસ દ્વારા** (લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે)

| દિવસ | આખી ટીકીટ | અડધી ટીકીટ | ઉપડવાની તારીખ | રહેઠાણ વ્યવસ્થા |
|---|---|---|---|---|
| ૧૬ | રૂા. ૧૮૦૦૦/- | રૂા. ૧૧૦૦૦/- | ૧૨-૫-૨૦૧૭ | હોટલ તથા ગેસ્ટ હાઉસ |

ચેન્નાઈ - વેલાંગની - રામેશ્વરમ - કન્યાકુમારી - મદુરાઈ- કોડાઈ કેનાલ - ઊટી - મૈસુર-બેંગ્લોર

| દિવસ | આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ ઉપડવાની તારીખ | રહેઠાણ |
|---|---|---|---|---|
| ૮ | રૂા. ૮૫૦૦/- | રૂા. ૫૦૦૦/- | ૨૬-૫-૨૦૧૭ સમય : બપોરે ૩-૦૦ કલાકે | વ્યવસ્થા કોમન રહેશે. |

ગોવા, મહાબળેશ્વર, મુંબઈ, લકઝરી બસ દ્વારા સાઈડ સીન સાથે

-: નિયમો :-

- ★ રેલ્વે રીઝર્વેશન સમય મર્યાદામાં કરાવવાનું હોવાથી પૂરુનામ સરનામુ - ઉંમરનો દાખલો, ફોન નંબર - મોડામાં મોડુ રેલ્વે પ્રવાસની તારીખના ૧૩૦ દિવસ (ચાર મહિના) પહેલા અમોને મોકલી આપવાનું રહેશે. બસ અથવા રેલ્વે પ્રવાસ કરનારે રૂા. ૫૦૦૦/- ડીપોઝીટ આપવાની રહેશે.
- ★ બસ જ્યાં સુધી જશે, ત્યાં સુધી લઈ જવામાં આવશે, અને આગળનો પ્રવાસ પ્રવાસીએ પોતાના ખર્ચે જવાનું રહેશે.
- ★ કુદરતી હોનારત, માંદગી કે ચોરી લૂંટફાટ માટે સંચાલકની જવાબદારી રહેશે નહી.

**પ્રવાસમાં આવનાર પ્રવાસીએ અમારા નિયમોનું ફોર્મ અવશ્ય ભરવાનું રહેશે.**

-: બુકીંગ અને વધુ વિગત માટે મળો :-

**(બ્લેસી) ફ્રાન્સીસ સાયમન**
M. 9825303840, 9426615840

| પુષ્પા ડીકોસ્ટા | પ્રિમુસ મેકવાન<br>ઈન્કમટેક્ષ પ્રેક્ટીશનર | અંબાલાલ મેકવાન<br>લોયલા-થલતેજ પેરીસ | કાન્તિભાઈ ચૌહાણ |
|---|---|---|---|
| 9879581840 | 98244 29883 | 9925168904 | 98790 59036 |

૭, મારૂતીનંદન કોમ્પલેક્ષ, ખોખરા, મણીનગર (પૂર્વ), અમદાવાદ-૮.



"મે ધીરજથી યહોવાહની વાટ જોઈ, અને તેણે કાન માંડીને મારી અરજ સાંભળી"
ગી.શા. ૪૦-૧

## Dream of Holy Land

**Blessing Tours & Travels**

## પવિત્ર ભુમિની પાવન યાત્રા

અમદાવાદ થી અમદાવાદ

ઈઝરાયેલ, પેલેસ્ટાઈન, ઈજીપ્ત (મિસર), જોર્ડન,

ખાસ આકર્ષણ દુબઈ ખરીદી અને સાઈડસીન

| દિવસ | રૂા.૧,૧૨૦૦૦ | ઉપડવાની તારીખ | તારાંકિત હોટલોમાં રોકાણ (૩★) (૪★) |
|---|---|---|---|
| ૧૨ | | મે-૨૦૧૭ | |

**૧૬ જાન્યુઆરી ૨૦૧૭ દુબઈ ફેસ્ટીવલ રૂા. ૬૦,૦૦૦/-**
**બ્રેકફાસ્ટ, લંચ, ડીનર સાઈડસીન સાથે**

**રૂબરૂ સંપર્ક તથા વધુ માહિતી માટે મળો**

| ફા. બ્રીટો-૯૪૨૬૩૯૪૨૨૪ | પુષ્પાબેન એફ. |
|---|---|
| હોલી ફેમિલી ચર્ચ<br>રાજપુર-ગોમતીપુર, અમદાવાદ-૨૧. | M. 9879581840 |
| **ગ્રેટા ડીકોસ્ટા** | **ફ્રાન્સીસ ડીકોસ્ટા** |
| M. 9737301910<br>gretadcosta1@gmail.com | M. 9825303840 |

ઓફિસ : ૭, મારૂતીનંદન કોમ્પલેક્ષ, ખોખરા, મણીનગર (પૂર્વ), અમદાવાદ-૮

# ખ્રિસ્તી એકતા

*વર્ષ દરમિયાન સંયુક્ત રાષ્ટ્રસંઘ, સરકાર કે પછી ધર્મ અને સંપ્રદાય દ્વારા વિવિધ હેતુઓને આગળ ધરી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેનો પ્રચાર-પ્રસાર ખૂબ જ વ્યાપકપણે જોવા મળે છે. સામાન્ય પ્રજાજન સુધી 'સપ્તાહ ઉજવણી'નો સંદેશ પહોંચે છે અને ઓછાવત્તા પ્રમાણમાં સારી અને નરસી અસર અચૂક થાય છે. ધર્મસભા દરવર્ષે જાન્યુઆરી માસમાં - ૧૮જાન્યુઆરી થી ૨૫ જાન્યુઆરી સુધી 'સર્વ ખ્રિસ્તી એકતા અભિયાન સપ્તાહ' ઉજવે છે, તે દિશામાં તેના પ્રસાર-પ્રચાર માટે 'દૂત' જાન્યુ-આરી-૨૦૧૬માં 'સર્વ ખ્રિસ્તી એકતા અભિયાન વિશેનું ઘોષણાપત્ર'(સૌજન્યઃ બીજી વેટિકન વિશ્વ પરિષદના દસ્તાવેજો, અનુવાદકો. ફાધર ઈસુદાસ ક્વેલી એસ.જે. અને અધ્યાપક રેમંડ આર પરમાર) પ્રકાશિત કર્યું હતું. આ વર્ષે કેટલીક મંડળીઓના ધર્માધિકારીઓના 'સર્વ ખ્રિસ્તી એકતા' અંગેના વિચાર રજૂ કરીએ છીએ, જેનાથી ખ્રિસ્તી એકતા અંગે શ્રદ્ધાળુઓમાં જાગૃતિ આવે એ જ અભ્યર્થના. – તંત્રીશ્રી*

## અનેકતામાં એકતા



ઈઝરાએલમાં ખ્રિસ્તીઓના મહત્ત્વના ધાર્મિક તથા ઐતિહાસિક સ્થળોએ જ્યાં ખ્રિસ્તી એકતાનો અનુભવ થવો જોઈએ ત્યાં જ એનો અભાવ છે! ૧૯૯૨ના ફેબ્રુઆરી માસમાં બેથલેહેમમાં જે સ્થળે ઈસુનો જન્મ થયો હોવાનું માનવામાં આવે છે ત્યાં મારે યાત્રાએ જવાનું થયું હતું. તે જગ્યાએ મેં બે અલગ ખ્રિસ્તી સંપ્રદાયોને આ સ્થળના ઉપયોગ માટે ઝગડતા જોયા હતા. જગતને પ્રેમ, શાતિ અને એકતાનો સંદેશ આપવા મુક્તિદાતા ઈસુ જે સ્થળે જન્મ્યા તે જ સ્થળે વિવિધ ઈસુપંથીઓને ઝગડતા નિહાળીને મારું હૈયું વ્યથિત બન્યું હતું. ઐતિહાસિક કારણોને લીધે તથા અલગ ધાર્મિક વિચારસરણીને કારણે ખ્રિસ્તી મંડળીઓ વચ્ચે એકતાનો અભાવ છે એ વાસ્તવિક બાબત છે, જેને સ્વીકારીએ. મારા હિન્દુ મિત્રો પણ મને કહે છે, ''તમારામાં પણ આવા ભાગલા હોય?'' જેના જવાબ આપવો ઘણી ભારે બાબત છે.

પ્રભુ ઈસુ તો જાણતા હતા કે ખ્રિસ્તીઓ વચ્ચે એકતાનો અભાવ રહેવાનો છે અને એટલે પરમપિતાને અંતિમ પ્રાર્થના વેળાએ ઈસુ ભારે હૈયાથી ખ્રિસ્તી એકતા માટે પ્રાર્થના કરતાં કહે છે. ''આપણે જેવા એકરૂપ છીએ, તેવા તેઓ પણ એકરૂપ થાય.''(યોહાનઃ૧૭:૧૧)

''...હું કેવળ એમને માટે જ પ્રાર્થના કરું છું એમ નથી પણ જેઓ એમના ઉપદેશ દ્વારા મારામાં શ્રદ્ધા રાખનાર છે, તેમને માટે પણ હું પ્રાર્થના કરું છું, કે તેઓ બધા એકરૂપ થાય.''(યોહાન ૧૭:૨૦)

''...તેં મને જે મહિમા આપ્યો છે તે મેં એમને આપ્યો છે. જેથી આપણે જેમ એકરૂપ છીએ તેમ તેઓ પણ એકરૂપ થાય.''

(યોહાન ૧૭:૨૨)

ઈસુની તીવ્ર ઈચ્છા છે કે સર્વ ખ્રિસ્તી ભાઈ-બહેનો એકરૂપ થાય.

''ઈશ્વર પ્રેમસ્વરૂપ છે અને જે કોઈ પ્રેમમાં વસે છે તે ઈશ્વરમાં વસે છે. આપણો પ્રેમ ત્યારે જ પૂર્ણતાને પામ્યો કહેવાય જ્યારે ખ્રિસ્ત જેવા છે તેવા આપણે આ દુનિયામાં બની જઈએ.'' (૧ યોહાન ૪:૧૬-૧૭)

''આપણને ઈસુ તરફથી તો આજ્ઞા થયેલી જ છે કે જે ઈશ્વર પ્રત્યે પ્રેમ રાખતો હોય તેણે પોતાના ભાઈ પ્રત્યે પણ પ્રેમ રાખવો.''

(૧ યોહાન ૪:૨૧).

તો પછી ઈસુપંથીઓની અલગ અલગ મંડળીઓ વચ્ચે પ્રેમ હોવો એ મહત્ત્વની બાબત છે.

આ એકરૂપતાનો અર્થ એ નથી કે આપણી શ્રદ્ધા અને પરંપરાને બાજુએ મૂકવી. એમાં કોઈ ફેરફાર થઈ શકે નહિ પરંતુ ખ્રિસ્તી હોવાને નાતે પરસ્પર મળી શકીએ છીએ, પ્રાર્થના કરી શકીએ છીએ, સહકાર આપી શકીએ છીએ, સેવાનાં કામ કરી શકીએ છીએ, સર્વસામાન્ય પડકારનો એકજૂથ બનીને પ્રતિકાર કરવા અન્યાય, શોષણ જેવા પરિબળોનો સૌ સાથે મળી સામનો કરી શકીએ છીએ. વગેરે.

ગુજરાત ખાતે અમદાવાદમાં બધી ખ્રિસ્તી મંડળીઓના વડાઓ ગુજરાત યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ ફોર હ્યુમન રાઈટ્સ(GUCFHR) ના નેજા હેઠળ ત્રિમાસિક મીટીંગનું આયોજન કરે છે, જે દરમિયાન ખ્રિસ્તી હોવાને કારણે જે પડકારોનો સામનો આપણે કરી રહ્યા છીએ તે તથા અન્ય બાબતોનો પ્રત્યુત્તર કઈ રીતે આપવો એના નિર્ણયો લેવામાં આવતા હોય છે. નાતાલ તથા ખ્રિસ્તી એકતા સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમો થતા હોય છે જેમાં મંડળીઓના વડાઓ પણ હાજર હોય છે. આનું પ્રતિબિંબ દરેક શહેરમાં થાય એ અમારી અપેક્ષા છે.

ઈસુની આ એકરૂપ થવાની ઈચ્છા જાણીને માતા ધર્મસભા આપણને માર્ગદર્શન આપતાં આદેશ આપે છે, કે સર્વ ખ્રિસ્તી ભાઈબહેનોએ એક બનવું અને એકતા સાધવાની પ્રવૃતિઓમાં જોડાવું. ખ્રિસ્તી એકતા અભિયાનમાં પ્રેમની ભાવનાથી એકરૂપ થવા પ્રયત્ન કરીએ. એને ટેકો આપીએ અને બીજાઓને પણ એમાં જોડવા પ્રોત્સાહન આપીએ.

*– મહાધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાન*
*(ગાંધીનગર મહાધર્મપ્રાંત, ગાંધીનગર)*

## શુભેચ્છા સંદેશ



નાતાલ એ પ્રેમ, આનંદ અને શાંતિનું પર્વ છે. સમસ્ત વિશ્વ અત્યારે તેની ઉજવણી આનંદ અને ઉલ્લાસથી કરી રહ્યું છે ત્યારે આ આનંદ અને આશીર્વાદના પર્વ સમયે પ્રવર્તમાન મંડળીઓની એકતા, સેવા અને સાક્ષી સબંધી થોડી ક્ષણો વિચાર કરીએ એ જરૂરી છે. હાલના સંજોગોમાં તમામ મંડળીઓની ઐકાત્મ્ય દિનપ્રતિદિન મજબૂત થાય અને નાતાલનો જે સાચો હાર્દ - અરસપરસ પ્રેમ, શાંતિનો છે તેને અનુસરતાં તમામ પંથની મંડળીઓ એકરૂપ થઈ પ્રભુઈસુ ખ્રિસ્તનો સંદેશ સમાજમાં ફેલાવે તે આ સમયની તાતી જરૂરિયાત છે એમ હું માનું છું.

આપણો ખ્રિસ્તી સમાજ સંખ્યાની દ્રષ્ટિએ ખૂબ જ નાનો છે પરંતુ તાલંતસભર સમાજ છે. આપણી તમામ મંડળીઓના આગેવાનો,

પાળકસાહેબો અને મંડળીના ભાઈબહેનોને ઈશ્વરે વિવિધ તાલંતોની ભેટ આપેલ છે અને તેનો ઉપયોગ સમાજના સર્વાંગી વિકાસ માટે એક જ પ્લેટફોર્મ ઉપર રહીને કરવામાં આવે તો રાષ્ટ્રના, રાજ્યના અને શહેરના વિકાસમાં એક અદ્ભુત અને અજાયબ જેવો ફાળો આપી શકીએ તેમ છીએ. અસરકારક સેવા અને સાક્ષી માટે આ એક ઉત્તમ ભેટ મંડળી સ્વરૂપે ઈશ્વરે આપણને આપી છે ત્યારે આપણે તમામ પંથની મંડળીઓ તરીકે એક થઈને સેવાકાર્ય કરીએ અને તે દ્વારા મંડળીના ભાઈબહેનોના જીવનોના ઘડતરમાં તથા સમાજના ઉત્કર્ષ માટે એક અદ્ભુત અને અજાયબ યોગદાન આપી શકીએ છીએ.

આપણા સમાજને અને મંડળીઓને મળેલા અદ્ભુત વારસા તરફ દ્રષ્ટિ કરીએ તો મોટાભાગની વૈદકીય સેવા સંસ્થાઓ, શૈક્ષણિક સેવા સંસ્થાઓ, રક્તપિત્ત લોકો મધ્યેની સેવાઓ, હોસ્ટેલો, અનાથાશ્રમો દ્વારા સેવા કરવાનો આશીર્વાદ પ્રભુએ આપણા સમાજને આપ્યો છે અને આ માધ્યમો દ્વારા આપણે એક મંડળી અને એક સમાજ તરીકે સેવા કરવાનો પડકાર ઝીલી લઈએ તે અત્યંત જરૂરનું બની જાય છે. બાઈબલમાં યોહાને લખેલી સુવાર્તામાં આ શાહી આદેશ પ્રભુ ઈસુ ખ્રિસ્તે આપણને આપ્યો છે કે... "તેઓ સંપૂર્ણ થઈને એક થાય... અને જગત જાણે કે તેં મને મોકલ્યો છે અને જેમ તેં મારા પર પ્રેમ રાખ્યો છે તેમ તેઓના પર પણ પ્રેમ રાખ્યો છે." મંડળીઓ તરીકે આપણે ખ્રિસ્તમાં એક શરીર છીએ અને શરીરના દરેક અવયવનું કાર્ય અલગ છે પરંતુ દરેક અવયવ એકબીજા સાથે જોડાયેલ છે તેમ આપણે પણ વિભિન્ન મંડળીઓ/ડીનોમીનેશન તરીકે હોઈ શકીએ પરંતુ ખ્રિસ્તમાં આપણે એક શરીર છીએ અને એ રીતે આપણે સમાજના ઉત્કર્ષ અને વિકાસના કાર્યમાં એકસૂત્રતાના બંધનમાં બંધાઈને યત્ન કરીએ અને એ રીતે આપણને આપવામાં આવેલા પ્રભુ ઈસુ ખ્રિસ્તના શાહી આદેશ પ્રેમ, એકતા, સેવા, સાક્ષીને અનુસરીએ.

તા. ૨૨-૦૧-૨૦૧૭ના રોજ સાંજે ૪.૦૦ વાગે અલાયન્સ ચર્ચ સિયોનનગર, મણિનગરનાં 'ખ્રિસ્તી એકતા પ્રાર્થના સંગત'નું આયોજન કરવામાં આવ્યું છે, તેમાં આપણે સૌ મંડળી તરીકે સહભાગી બનીએ તે માટે હાર્દિક આમંત્રણ પાઠવું છું.

આપ સૌને મારા તરફથી અને સમસ્ત સી.એન.આઈ ગુજરાત ડાયોસિસ વતી નાતાલ તથા નૂતનવર્ષની શુભેચ્છા પાઠવું છું. ખ્રિસ્તની શાંતિ આપ સૌની સાથે હો.

*રાઈટ રેવ. સિલવાન્સ એસ. ક્રિશ્ચિયન*
*બિશપ ઓફ ગુજરાત(સી.એન.આઈ ગુજરાત ડાયોસિસ)*

## ભાઈનો ભાર

આપણા લાડકવાયા 'દૂત'નાં માનદ્ તંત્રીશ્રી, મારા અંગત આધ્યાત્મિક માર્ગદર્શક અને મિત્ર માનનીય ફાધર વિનાયક તેમજ તંત્રીમંડળ દ્વારા 'ખ્રિસ્તી એકતા' અંગે ચિંતન કરવામાં આવ્યું છે તે બદલ તેઓ સર્વશ્રી અભિનંદનનાં અધિકારી છે.

ઘણા લાંબા સમયથી આ વિષય ઉપર ચિંતન થતું આવ્યું છે અને સંદર્ભે આયોજન પણ થયાં છે. દિન-પ્રતિદિન એ પ્રયાસો વિસ્તરતા રહે એ સાંપ્રત અનિવાર્યતા છે. આપણી સમક્ષ આંતરિક તથા બાહ્ય પડકારો અનેકવિધ સ્વરૂપે ડોકાઈ રહ્યા હોય ત્યારે 'ખ્રિસ્તી એકતા' સાચા સ્વરૂપમાં સાકાર થાય તેવી પ્રભુને પ્રાર્થના.

વર્ષો પહેલાં મારા દેવળમાં એક વિદ્વાન વક્તાએ ખ્રિસ્તીઓને કરચલાની ઉપમા આપી તેમની વચ્ચે પ્રવર્તતી 'ટાંટિયા ખેંચ'ની ઠેકડી ઉડાવી ત્યારે સહુ ખડખડાટ હસી પડ્યાં પરંતુ મારા હૃદયે અનુભવેલી પીડામાંથી નિઃશ્વાસ ઉઠ્યો કે "પ્રભુ... પ્રભુ... આવું, શા માટે?"

આપણે જેનાં અનુયાયી છીએ તે પણ માનવ એકતાનાં હિમાયતી હતા. તેઓ કહે છે, "તમે એકબીજા ઉપર પ્રેમ રાખો અને નમ્રભાવે પોતાને સહુંના સેવક સમજો." આ જ વાતને પડઘાવતાં પ્રેષિત પાઉલ ફિલિપ્પીઓને લખે છે કે, "તમે એક જ મનના થાઓ, એક સરખો પ્રેમ રાખો, એક જીવનાં તથા એક દિલનાં થાઓ. પક્ષાપક્ષી કે મિથ્યાભિમાનથી કંઈ ન કરો. દરેકે નમ્ર ભાવથી પોતાનાં કરતાં બીજાઓને ઉત્તમ ગણવા. તમે દરેક પોતાનાં હિત પર જ નહીં બીજાઓના હિત ઉપર કૃપા રાખે છે." સંત યાકૂબ લખે છે કે, "દેવ ગર્વિષ્ઠોની વિરૂદ્ધ છે પણ તે નમ્ર માણસો ઉપર કૃપા રાખે છે." તો સંત જોન પણ લખે છે કે, "જે કોઈ પોતાનાં ભાઈ ઉપર દ્વેષ રાખે છે તે મનુષ્ય ઘાતક છે." તથા "જો કોઈ કહે કે હું દેવ ઉપર પ્રેમ રાખું છું પણ તે પોતાના ભાઈ પર દ્વેષ રાખે છે તો તે જૂઠો છે."

આ સંદર્ભે એક અદ્ભુત દૃષ્ટાંત કથા યાદ આવે છે. એક કસાઈ પાસે ૪૦ બકરીઓ હતી, આ બધી જ બકરીઓ બહુ સંપીલી હતી. કસાઈ કોઈ એક બકરીને ઉપાડવા જાય કે તરત જ બધી જ બકરીઓ હલ્લા-બોલ કરી કસાઈને ફાવવા ન દે. આ સ્થિતિમાં કસાઈએ અદ્ભુત યોજના કરી. તેણે એક પછી એક એમ બધી બકરીઓના કાનમાં બીજી બકરી ન જાણે તેમ ઠસાવી દીધું કે એ તો સિંહ છે. પરિણામે દરેક બકરી એક માત્ર પોતાને જ સિંહ માનતી રહી અને જ્યારે કોઈ બકરીને ઉપાડવા આવે ત્યારે બીજી દરેક બકરી શાંત રહી. અંતે એમ બન્યું કે કસાઈએ ૩૯ની બકરીને ઉપાડી ત્યારે પણ ૪૦મી બકરી તો એમ જ માનતી હતી કે હું સિંહ છું અને બાકીની ૩૯ તો બકરીઓ હતી.

તાત્પર્ય એ છે કે આજે આપણે બધા જ પોતાને સિંહ માનીએ છીએ અને જ્યારે બીજા કોઈના ઘરમાં કે જીવનમાં કશુંક અહિતકર બને છે ત્યારે આપણે એવું જ માનીએ છીએ કે આપણે તો સક્ષમ અને શક્તિશાળી છીએ. આપણી સાથે ક્યાં આવું કશું બનવાનું છે?

આપણો ધર્મ તો આપણને એકમેકનાં સુખદુઃખમાં સહભાગી થવાનું કહે છે. શુભસંદેશ કહે છે કે, આપણે એક જ ખ્રિસ્તના શરીરના અવયવો છીએ. હવે હાથમાં કાંટો વાગે કે પગને ઠેસ પહોંચે ત્યારે મોં ચિત્કારી ઉઠે છે, તે જ પ્રમાણે જીભને ગમતું કશું સ્વાદિષ્ટ મળે, કાનને કર્ણપ્રિય સંગીત મળે કે આંખને કશુંક મનમોહક જોવા મળે ત્યારે હૈયું હરખાઈ જાય છે અને હોઠ મલકી ઉઠે છે.

મને લાગે છે કે આપણે Empathetic (સમાનુભૂતિ અનુભવનારા) એટલે કે એકબીજાની Feelings ને Feel કરતાં શીખીશું ત્યારે જ સાચી અને પ્રગાઢ ખ્રિસ્તી એકતા સધાશે, બાકી તો જ્યાં સુધી મારું-તારું અને હું અને તું રહેશે ત્યાં સુધી તો આ અલગતા જ રહેવાની છે.

અંતે એક સુંદર ઘટના સાથે વિરમીએ. હિમાલયની પહાડીમાં એક નેપાળી કન્યા એની પીઠ પાછળ તેનાં નાના ભાઈને કપડાંમાં બાંધી ઢોળાવ ચઢી રહી હતી. દૃશ્યને જોનાર એક સાધુએ પૂછ્યું : "બેટા તને આ બાળકનો ભાર નથી લાગતો?" ત્યારે એ દીકરીએ કહ્યું : "ના... રે... ના... આ તો મારો ભાઈ છે અને ભાઈનો તો ભાર લાગતો હશે...!"

ચાલો આપણે પણ કહીએ કે, "આ તો મારો ભાઈ છે અને ભાઈનો તો ભાર લાગતો હશે!" *— વસંત કામદાર (પૂર્વતંત્રી 'ખ્રિસ્તી બંધુ')*

## ખ્રિસ્તી એકતા



પ્રવર્તમાન સમયમાં ખ્રિસ્તી એકતા પર વિશેષ ભાર આપવામાં આવે છે, ખાસ કરીને આપણા દેશમાં ખૂબ ઝડપથી બદલાઈ રહેલી ધાર્મિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિમાં. ઘણી બધી સદીઓથી ખ્રિસ્તી મંડળીઓમાં જુદા જુદા કારણોસર ભાગલા જોવા મળે છે અને જો કે જુદા જુદા સમયમાં ખ્રિસ્તી એકતા સ્થાપવા માટે પ્રયત્નો પણ થયા છે પણ એના કોઈ ધાર્યા પરિણોમો પ્રાપ્ત થયેલાં જોવા મળતાં નથી. બદલાતી પરિસ્થિતિમાં બધી ખ્રિસ્તી મંડળીઓ એકબીજાની નજીક આવે એ જરૂરી બની ગયું છે. તે માટે દરેક મંડળીના ટોચના આગેવાનોએ જાગ્રૃત થવાની જરૂર છે.

આ અંગે કેટલાંક જરૂરી પગલાં ભરવાની જરૂર છે. સૌ પ્રથમ ખ્રિસ્તની મંડળીએ શરૂઆતની પ્રેરિતોના સમયની મંડળીઓ નમૂનો ગ્રહણ કરવાની જરૂર છે. કેવળ બાહ્ય એકતાની વાત કરતાં પહેલાં આત્મિક એકતાની સમજ દરેક મંડળીના આગેવાન અને સભાજનમાં હોવી જોઈએ. આત્મિક એકતાની શરૂઆત પ્રાર્થના સંગત દ્વારા કરી શકાય. બધી મંડળીઓ પ્રાર્થના માટે ભેગી મળે. ખ્રિસ્તી સમાજના પ્રશ્નો અંગેની સમજ કેળવે. પ્રશ્નો અથવા સમસ્યાઓનું નિવારણ જો સામૂહિક રીતે કરવાનો પ્રયત્નો થશે તો ખ્રિસ્તી એકતાને વેગ મળશે. મારા મંતવ્ય પ્રમાણે આ ધીમી પણ ચોક્કસ શરૂઆત આગળ જતાં નક્કર ખ્રિસ્તી એકતામાં પરિણમશે. ઈશ્વરપિતા આ છેલ્લા સમયમાં તેમની દરેક મંડળીને એકતા માટે દર્શન આપે, એકતા માટે આહ્‌વાન આપે અને એકતામાં જોડે, એટલા માટે તેમની મંડળી દ્વારા પ્રભુ ઈસુનો છેલ્લો આદેશ, "આખા જગતમાં જઈને સુસમાચાર ફેલાવો"(માથ્થી ૨૮:૨૦) પૂરો કરવા મંડળી સજ્જ થાય. આમેન. *— રેવ. વિજય જે. મેકવાન*

*ડિસ્ટ્રિક્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ, મેથોડિસ્ટ ચર્ચ, અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ.*

## વિવિધતામાં એકતા

આપણે અત્યંત જટિલ પ્રશ્નને સ્પર્શી રહ્યાં છીએ. ઇતિહાસ જણાવે છે કે ધર્મસંઘે એકતા માટે સતત પ્રયત્નો કર્યા છે. ધર્મસંઘમાં આ વિષયને સ્પર્શતા અથાગ પ્રયત્નો કરવામાં આવ્યા છે. જો કે બધા જ પ્રયાસો ફળદ્રુપ નથી રહ્યા પરંતુ દરેકમાંથી કશુંક શીખવા મળ્યું છે. સંક્ષિપ્તમાં હું આ વિષય પર મારા વિચારો રજૂ કરી રહ્યો છું. મેં સમગ્ર વિષયવસ્તુની બે ભાગમાં વહેચણી કરી છે.



**૧. પરમેશ્વરની દ્રષ્ટિએ એકતાઃ** એકતા માટેના આપણા પ્રયત્નો ઈસુએ યોહાન ૧૭:૨૨ માં કરેલી પ્રાર્થનાની ધોતક છે. પ્રભુની ઇચ્છા છે કે પૃથ્વી પરના પોતાના લોકો એક થાય તેથી આપણે કાળજીપૂર્વક દલીલ કરી શકીએ કે ઈસુએ પોતાના લોકોમાં કુસંપની ધારણા કરી હતી. બાઇબલમાં બધી મંડળીઓમાં એકતા ઉભી થાય તેવી અલગથી આજ્ઞા કરવામાં આવી નથી. આપણે સૌને એકબીજા પર પ્રેમ રાખવાનું કહેવામાં આવ્યું છે. (યોહાન ૧૩:૩૪), એકબીજાને માન આપો (રોમન ૧૨:૨૦), એકબીજાની ધૂંસરી ઉઠાવો (ગલાતિયા ૬:૨), ઇસુ તેમનાં વચન પ્રમાણે ધર્મસંઘનું ઘડતર કરી રહ્યા છે (માથ્થી ૧૬:૧૮). તેનો શેષભાગ બધા જ યુગમાં જોવા મળે છે જે કૅથોલિક ધર્મસંઘ છે.જો કે આ બાબત વિસ્તૃત ધર્મવિધા ચર્ચાનું પ્રારંભ બિંદુ છે. આ અંગે ઘણું બધું લખવામાં અને કહેવામાં આવ્યું છે. તેથી આમાં ઉંડા ઉતરવું મને જરૂરી લાગતું નથી.

**૨. સંસ્થાકીય / વ્યક્તિગત દ્રષ્ટિકોણથી એકતા :** વાદવિવાદ કરતાં વાસ્તવિકતા ઘણી જુદી છે. આપણે સહમત થવું પડશે કે ચર્ચા આધારિત અનુસરણમાં આપણે ઉણા ઉતર્યા છીએ. આમ છતાં આ બાબતો આપણે સમજવી પડશે તથા નિખાલસ પ્રયત્નો કરવા પડશે. ધર્મમંડળીની એકતાના સંદભેમાં નીચેની બાબતો ધ્યાનમાં લેવી પડશે.

**અ. માળખું :** એકતાની ચર્ચા બાબતે અંતિમ સંમતિ સધાય નહિ ત્યાં સુધી આ અંગે આપણે મથામણ કરવી રહી. ધર્મમંડળીઓને એક કરવાના પ્રયત્નોને સમરૂપતા તરીકે નહીં પરંતુ એકતા તરીકે જોવા રહ્યા. સામાન્ય રીતે આપણે વિવિધતાને આશીર્વાદ કરતાં સમસ્યા તરીકે વધારે જોઈ છે. જો કે આ ધર્મવિધાના પાયાના માળખામાં રહીને કરવું જોઈએ, જે ધર્મસંઘનો આધાર છે. જેના વિના ધર્મમંડળી ઇસુની અપેક્ષા મુજબની રહી શકશે નહિ. આ બાબતે સમાધાન કરવું જોઇએ નહિ. સાચા ખ્રિસ્તી મૂલ્યોની ઉણપોએ ધર્મમંડળીની બહારના લોકોને વાસ્તવમાં વિમાસણમાં મૂકી દીધા છે!

**બ. વિવિધતામાં એકતા :** ધર્મસંઘ એ ખ્રિસ્તનું શરીર છે, તેથી આપણે તે શરીરના વિવિધ અંગો છીએ. વિવિધતાને આશીર્વાદરૂપ જોવી જોઇએ. દર્શનના ગ્રંથમાં જણાવવામાં આવ્યું છે કે વિવિધ સ્થાનો તથા સંસ્કૃતિઓ સાથે મળીને આરાધના / ઉપાસના કરશે. આપણે ધર્મમંડળીઓને એક થવા કરતાં અલગ થતી વધુ જોઈ છે. આ અંગેની નિષ્ફળતા એ વાતનો નિર્દેશ કરે છે કે આપણે ઇશ્વરે આપેલી વિવિધતાનો આદર કરવાનું ચૂકી ગયા છીએ.

**ક. અગ્રિમતાઓ :** વિશ્વને એકતાનો સંદેશો આપવાની આજે તાતી જરૂરિયાત ઉભી થઈ છે. બાઇબલમાં આશા અને એકતાના વિશિષ્ટ સંદેશાઓ રહેલા છે. જેની દુનિયાને જરૂર છે અને દુનિયા તેને સંભાળવા આતુર છે. ધર્મમંડળીઓના વિખવાદના પ્રશ્નો ઉપર કાર્ય કરતાં આપણે અમુક મુદ્દાઓ ઉપર સહમત થવાની અને અમલમાં મૂકવાની જરૂર છે જેવાંકે

૧) ઇચ્છિત નિષ્કર્ષ પર પહોંચવા માટે પ્રત્યેક સ્તરે નિયમિત ચર્ચાઓ યોજવી. ૨) સામયિકો, મેગેઝિનો તથા કાર્યક્રમોમાં પરસ્પરની

અભિવ્યક્તિ અંગે જગ્યા ફાળવવી. ૩) અન્ય ધર્મમંડળીઓનાં દેવળો તથા સ્થળોની મુલાકાતો લેવી. ૪) સંયુક્ત રીતે નિયમિતપણે સદ્દભાવ કાર્યક્રમોનું આયોજન કરવું. ૫) આનંદમેળાઓ, લગ્નો, ટેલેન્ટ શો જેવા સામાજિક પ્રસંગો પર એકબીજા સાથે આદાન-પ્રદાન કરવું.

— રેવ. ડેનિસ એલ્વીન
*પ્રીસબીટર ઈનચાર્જ ઓફ ચર્ચ ઓફ નોર્થ ઈન્ડિયા,*
*મુગલીસરા, સુરત. એરિયા ડીન ઓફ સુરત - વલસાડ*

## વિસંવાદિતામાં સંવાદ

આણંદ ખાતેના સાલ્વેશન આર્મીના (Divisinal Head Quarter) ના મુખ્યાલયમાં પદાધિકારી મેજર પોલ સાહેબ અને તેમના સાથી (ડિવિઝનલ યુથ સેક્રેટરી) મેજર જયકુમાર સાથે આ લખનારે મુલાકાત કરી; મુલાકાતનો હેતુ જણાવતાં, ઉમળકાભેર મુલાકાત માટે તૈયાર થયા. બંને મહાનુભાવોએ 'દૂત' દ્વારા ખ્રિસ્તી એકતા અંગે પહેલ કરીને વિવિધ ખ્રિસ્તી સંપ્રદાય (મંડળી)ના મહાનુભાવોની મુલાકાત લઈ; તેમના વિચારોને 'દૂત'માં વાચા આપવાના કાર્યને બિરદાવ્યું.

મેજર પોલ સાહેબે તેમના કાર્યક્ષેત્રના વિસ્તાર અંગે વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું કે, તેમના નેજા હેઠળ આણંદ તાલુકાના ૨૦ ગામ છે. એ તમામ ગામમાં પોતાના પ્રતિનિધિ દ્વારા ધાર્મિક સંચાલન-સંવર્ધનની જવાબદારી મેજર સાહેબ સંભાળે છે. તેમને યુથ સેક્રેટરી મેજર જયકુમારનો સક્રિય સાથસહકાર મળે છે.

ખ્રિસ્તી એકતા અંગે અભિપ્રાય આપતાં મહાનુભાવોએ જણાવ્યું કે, આજના માહોલમાં સહુ ખ્રિસ્તીપંથીઓ એક થાય એ અત્યંત જરૂરી છે. પોતપોતાની મંડળી (સંપ્રદાય)માં વિશ્વ એકતા ખ્રિસ્તી સપ્તાહ તો દર વર્ષે ઉજવે છે. એ દરમિયાન પ્રાર્થનાસભાનું આયોજન થાય છે. આણંદમાં સી.એન.આઈ., સાલ્વેશન આર્મી અને પ્રોટેસ્ટંટ સંપ્રદાય સાથે મળીને એકતા સપ્તાહ દરમિયાન પ્રાર્થનાસભાનું નિયમિત આયોજન કરે છે.

બંને મહાનુભાવોએ ખ્રિસ્તી એકતા કેળવવા અંગે અમૂલ્ય સૂચનો કરતાં પહેલાં જણાવ્યું કે, ભૂતકાળમાં જ્યારે જ્યારે ખ્રિસ્તી સમાજ ઉપર આફત આવી ત્યારે ત્યારે; જે તે મુદ્દાને લઈને સમગ્ર ખ્રિસ્તી સમાજે એક થઈને લડત આપી છે. ઓ.બી.સી.ની વાત હોય, ઓરિસ્સામાં પાદરીને અને તેમના બાળકોને જીવતાં સળગાવી દીધા તેનો વિરોધ હોય, મધ્યપ્રદેશમાં સાધ્વી સાથે થયેલો બળાત્કારનો મામલો હોય, ધર્મસ્વાતંત્ર્ય બિલ હોય, ડાંગના અન્યાયની વાત હોય ત્યારે, સમગ્ર ખ્રિસ્તી આલમે, એક થઈને પરિસ્થિતિનો સામનો કર્યો જ છે. પરંતુ એ મુદ્દો પતી ગયા પછી વાદ-સંવાદ, મિલન-મુલાકાતની કોઈ ગુંજાઈશ નથી રહેતી. 'દૂત' દ્વારા આ અંગે વિચારાઈ રહ્યું છે તે આવકારદાયક છે. પરંતુ આ પણ ભૂતકાળની જેમ સાથીદારી-ભાગીદારી કામચલાઉ બની ના રહે તેવી અપેક્ષા રાખીએ.

ખ્રિસ્તી એકતા અંગે આપણે સહુ શું કરી શકીએ? સવાલની વિસ્તૃતપણે છણાવટ કરવામાં આવી. ચર્ચા-વિચારણા દરમિયાન 'ખાટીમીઠી વો ભૂલી દાસતા...' પણ દોહરાઈ જાય એ સહજ સ્વાભાવિક છે! ત્યારબાદ બંને મહાનુભાવોએ સહજ માહોલમાં જણાવ્યું કે, કષ્ટમય અઠવાડિયા(તપઋતુ) દરમિયાન આણંદમાં અમે ત્રણે મંડળીઓ ભેગી થઈએ છીએ. એ સમય દરમિયાન કેથલિક સંપ્રદાયના અહીંના સભાપુરોહિત કે એમના પ્રતિનિધિ પણ અમારી સાથે જોડાય તો એક શુભ શરૂઆત થઈ શકે. બીજી બાબત, તમામ (મંડળી) સંપ્રદાય સાથે મળીને એસોસિએશન બનાવી શકાય. આ અંગે દરેક મંડળીના ગુજરાત ખાતેના જવાબદાર હોદ્દેદારો દ્વારા સીધી સૂચના આપવામાં આવે તો તેની ધારી અસર થાય જ. આ એસોસિએશન દર મહિને કે બે-ત્રણ મહિને નિયમિત રીતે મળે. એકતા-સંવાદિતા-વિસંવાદિતા-પ્રશ્નો વગેરે અંગે ચર્ચા-વિચારણા થાય. (આવા સંમેલન કે મિટિંગ પ્રસંગના ખર્ચ અંગે પણ સાથે મળીને વિચારણા કરી શકાય.), આંતર (મંડળી) સાંપ્રદાયિક લગ્નોમાં થતાં મતભેદ, મનભેદ અંગે પણ વિચારણા કરી શકાય. એ અંગેના નીતિ-નિયમોમાં સમાનતા અંગે વિચારી શકાય. એકબીજાના દેવાલયમાં પરસ્પરને આમંત્રણ આપી પ્રવચન વગેરે ગોઠવી શકાય. તમામ મંડળીના ધર્મજનોનું પ્રતિનિધિ મંડળ પણ અવારનવાર મળતું રહે તે ઈચ્છનીય જ નહીં અનિવાર્ય છે. એકવાર નિયમિતપણે મળવાનું, સાથે વિચારવાનું શરૂ કરીશું તો વિચારોની આપ-લે થતી રહેશે, તો મનભેદ, મતભેદ દૂર થતા રહેશે, આત્મીયતા, ભરોસો વધશે. એ બહાને સંપ્રદાયોમાં નિકટતા આવતી રહેશે. અસ્તુ.

ખ્રિસ્તી એકતા અંગે, આણંદ (સાલ્વેશન આર્મી)ના મેજર પોલ ક્રિશ્ચિયન તથા ડિવિઝનલ યુથ સેક્રેટરી સાથેની મુલાકાતના અંશો :

— આગ્નેસ વાઘેલા

### ખ્રિસ્તી એકતા માટે પ્રાર્થના

આપણે બધા,
જેઓ એક રોટી ખાઈએ છીએ
ને એક જ પ્યાલામાંથી પીએ છીએ,
એકદેહ છીએ. (૧ કરિંથ ૧૦ : ૧૭)

હે પ્રભુ,
દેશદેશમાંથી અમને એકત્ર કરો,
જેથી અમે તમારા પાવન નામનો મહિમા કરીએ,
અને તમારી સ્તુતિ કરતાં ગૌરવ અનુભવીએ.
(સ્ત્રોત ૧૦૬:૪૭)

હે પિતા,
તમે સૌ માનવોના સાચા જનક છો,
ને સૌની વાત્સલ્યભાવે સંભાળ રાખો છો.
સૌને એક કુટુંબની જેમ હળીમળીને જીવતાં શિખવાડો.
એકબીજાને ભાઈભાંડુ તરીકે ચાહીએ
ને એમ અમે તમારાં સાચાં સંતાનો નીવડીએ
તે માટે અમને મદદ કરો.

*દૂત' તંત્રીમંડળના સભ્યગણ રેવ.ફાધર વિનાયક જાદવ અસ.જે, રાજેશ ક્રિશ્ચિયન, આગ્નેસ વાઘેલા તથા સ્નેહલતા ભાટિયાનો ધર્માધિકારીઓનો સંપર્ક કરી ખૂબ જ ઓછા સમયમાં સંદેશ પ્રાપ્ત કરી આપવા બદલ આભાર માનીએ છીએ.*

*- તંત્રીશ્રી*

# કુશળ કડિયો

✍ ફાધર ડૉ. અરસકુમાર

*પ્રા. ગુજરાત વિદ્યાદીપ, સેવાસી - વડોદરા, સભાપુરોહિત બોચાસણ*



“ઈશ્વર તરફથી થયેલી સોંપણી અનુસાર એક કુશળ કડિયાની પેઠે મેં પાયો નાંખ્યો છે”(૧ કરિંથ ૩:૧૦). ઈસુના મૃત્યુ અને પુનરુત્થાન પછી, ખ્રિસ્તીસંઘોની રચનામાં સૌથી શ્રેષ્ઠ અને મહત્તમ ફાળો આપનાર વ્યક્તિ સંત પાઉલ સિવાય બીજું કોઈ નથી. તેઓ એક મહાન અને પ્રભાવશાળી નેતા હતા, જેમણે અનેક વ્યક્તિઓ અને ગામોને દુરાચરણ છોડી ઈસુમાં શ્રદ્ધા રાખતા કર્યા હતા. તેમને ઘણી મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કરવો પડ્યો હતો પણ તેમણે અટક્યા વગર, ખાસ કરીને એશિયામાં ઘણાં શહેરો અને ગામડાઓમાં પ્રવાસ કરી ઈસુ ખ્રિસ્તની સુવાર્તાનો પ્રચાર કર્યો હતો. તેમણે અસંખ્ય મૂર્તિપૂજકોને સાચા પરમેશ્વરમાં શ્રદ્ધા રાખતાં કર્યા અને ઘણા સમુદાયોનું (રૂપાંતર) પરિવર્તન કરાવ્યું. આજે પણ લેખકો અને પ્રચારકો, યાજકો અને સંતો, પ્રેષિતો અને મિશનરીઓ, લીડરશીપ અને મેનેજમેન્ટ ગુરુઓ સંત પાઉલ પાસેથી પ્રેરણા લઈ શકે છે. આજની પરિસ્થિતિમાં ધર્મસભાને, ધર્મસંઘોને ગતિશીલ રાખવા માટે આપણે પણ તેમની પાસેથી ઘણું શીખી શકીએ છીએ.

આત્મવિશ્વાસ ને શ્રદ્ધા : જે માણસમાં અડગ આત્મવિશ્વાસ અને ઊંડી અને મક્કમ શ્રદ્ધા જોવા મળે છે તે ઘણું બધું હાંસલ કરી શકે છે. આત્મવિશ્વાસ ને શ્રદ્ધાને લીધે જ સંત પાઉલ પણ ટૂંકા સમયમાં ઈસુ માટે ઘણું કામ કરી શક્યા. શરૂઆતથી જ પાઉલ માનતા હતા કે તેઓ પોતે કોઈ પણ શિષ્ય કે પ્રેષિત કરતાં અદકા નહોતા. પોતાને વિષે વાત કરતાં તેઓ કહે છે કે,“હું માતાના ઉદરમાં હતો ત્યારથી ઈશ્વરે મને અલગ તારવ્યો હતો અને કૃપા કરીને બોલાવ્યો હતો”(ગલા ૧:૧૫). વળી તેઓ પૂછે છે કે,“શું હું સ્વતંત્ર નથી? શું હું પ્રેષિત નથી? ઈસુને, આપણા પ્રભુને, મેં નજરોનજર જોયેલા નથી? શું તમે પ્રભુના બન્યા છો એ મારી મહેનતનું ફળ નથી?”(૧ કરિંથ ૯:૧) પ્રશ્નો ઉપરથી આપણે એમનામાં કેટલો આત્મ વિશ્વાસ હતો તે જાણી શકીએ છીએ. આ રીતે જેમનામાં પૂરતો આત્મવિશ્વાસ હોય અને અસલામતીની લાગણીઓ ના હોય તેઓ બીજામાં અને ઈશ્વરમાં પણ સહેલાઈથી ભરોસો રાખી શકે છે. જ્યારે માણસનો ઉદ્ધાર કર્મકાંડથી થાય કે શ્રદ્ધાથી થાય એવો પ્રશ્ન આવે ત્યારે પાઉલ કહે છે કે, “શ્રદ્ધાથી પુણ્યશાળી બનેલ માણસ જ જીવન પામશે”(રોમ ૧:૧૬-૧૭). એમનું માનવું એ છે કે,“માણસ કંઈ નિયમસંહિતાના કર્મોથી પુણ્યશાળી ઠરી જતો નથી, પણ એ તો ખ્રિસ્ત ઈસુ ઉપર શ્રદ્ધા રાખવાથી જ બને છે, એવી ખાતરી થતાં આપણે પણ ઈસુ ખ્રિસ્તમાં શ્રદ્ધા ધરાવતા થયાં છીએ”(ગલા ૨:૧૬)

ઉચ્ચ ધ્યેયને પ્રતિબદ્ધતાઃ “હું તો ધ્યેય નિશ્ચિત રાખીને દોડું છું”(૧ કરિંથ ૯:૨૬). આ વાક્ય સાબિતી આપે છે કે જીવન અને જીવનના લક્ષ્યબિંદુ કે ધ્યેય વિષે સંત પાઉલ સ્પષ્ટ હતા. ફિલિપ્પીના ધર્મસંઘ ઉપરના પત્રમાં તેઓ જણાવે છે કે,“જે ધ્યેયને માટે ખ્રિસ્ત ઈસુએ મારો કબજો લીધો છે તેને કબજે કરવા હું ધપી રહ્યો છું... ખ્રિસ્ત ઈસુ દ્વારા ઈશ્વરે જે ઈનામ મેળવવાનું સ્વર્ગમાંથી આહ્વાન કર્યું છે તે મેળવવા, ધ્યેયને લક્ષમાં રાખીને, હું આગળ ધપી રહ્યો છું”(ફિલિપ્પી ૩:૧૨-૧૪). જીવન પરિવર્તન પછી ઈસુ ખ્રિસ્ત પાઉલનું સર્વસ્વ બની ગયા હતા.

એટલે ઈસુ માટે કરવા પાઉલ તૈયાર હતા. “આપણે જીવીએ છીએ તો પ્રભુને ખાતર જીવીએ છીએ અને મરીએ છીએ તો પ્રભુને ખાતર મરીએ છીએ”(રોમ ૧૩:૭). આ પાઉલનું એક શ્રેષ્ઠ ને પ્રખ્યાત વાક્ય છે. વળી તેઓ કહે છે કે,“ખ્રિસ્તની સાથે જ હું પણ ક્રૂસે જડાયેલો છું, એટલે હવે જે જીવે છે તે હું નથી જીવતો, પણ ખ્રિસ્ત મારામાં જીવે છે(ગલા ૨:૨૦). એમને ઈસુનાં દર્શન થયાં અને એમના જીવનની દિશા બદલાઈ તે પહેલાં પણ પાઉલનો ધ્યેય સ્પષ્ટ જ હતો અને જો કે તે પોતે આંધારામાં હતો આજ્ઞાની હતો એટલે એની દ્રષ્ટિ પણ એ પ્રકારની હતી. “હું યહૂદી ધર્મમાં હતો... હું પરમેશ્વરના ધર્મસંઘની પાર વગરની સતામણી કરતો હતો, એનો ઉચ્છેદ કરવા મથતો હતો”(ગલા ૧:૧૩).

આના ઉપરથી આપણને ખ્યાલ આવે છે કે સંત પાઉલ સિદ્ધાંતવાદી હોવાથી એમનામાં સમર્પણની ભાવના પણ હતી. તેઓ ઈસુ ખ્રિસ્તને અનુકરણ કરતા થયા એ પહેલાં એક યહૂદી તરીકે પોતાના ધર્મ પ્રત્યે ખૂબ જ નિષ્ઠા દાખવતા હતા અને એને માટે કશું પણ કરવા તૈયાર હતા. તેઓ પોતે સાક્ષી પૂરે છે કે,“મારા પૂર્વજોની પરંપરાઓનું હું એટલા તો ઉત્સાહથી પાલન કરતો હતો કે, અમારા લોકોમાં મારા સમકાલીન ઘણાખરા માણસોમાં હું યહુદી ધર્મની બાબતમાં ઘણો આગળ વધી ગયો હતો”(ગલા ૧:૧૪). એજ રીતે જ્યારે એક વાર એમને ખ્રિસ્તના સાચા પ્રેમનો અનુભવ થયો ત્યારથી તેઓ કહેવા લાગ્યા કે દુનિયામાં કોઈ પણ શક્તિ કે વસ્તુ આપણને ખ્રિસ્તથી અલગ પાડી ન શકેઃ “પછી ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ વિખૂટા પાડી શકે એમ છે? દુઃખો કે કષ્ટો, કે અત્યાચાર કે ભૂખમરો, કે દારિદ્રય, કે જોખમ, કે તલવાર?”(રોમ ૮:૩૫).

શિસ્તબદ્ધતા, ખુલ્લુ મનને નમ્રતાઃ સંત પાઉલની જીવન સિદ્ધિઓનું બીજું એક મુખ્ય કારણ એ છે કે તેઓ નિશ્ચિત રીતે માનતા હતા કે શિસ્ત, આત્મસંયમ ને નમ્રતા હોય તો જ અસામાન્ય વસ્તુઓ કરી શકાય. એટલે જ પોતાના શિષ્ય તિતસને તેઓ કહે છે,“અધર્મ

અને સાંસારિક વાસનાઓનો ત્યાગ કરીએ અને આ જગતમાં સંયમી, પ્રામાણિક અને ધર્મપરાયણ જીવન ગાળતા રહીએ''(તિતસ ૨:૧૨). આ બાબતમાં પોતે બીજાને માટે આદર્શ પૂરો પાડવા માંગે છે : ''... હું તો ધ્યેય નિશ્ચિત રાખીને દોડું છું, હું મુક્કાબાજી કરુ છું,... મારા દેહને મારુ છું અને તેને મારે વશ કરુ છું''(૧ કરિંથ ૯:૨૪-૨૭).

અહીં સંત પાઉલ પોતાને શરતના મેદાનમાંના શિસ્તબદ્ધ હરીફો સાથે સરખાવે છે જેઓ નશ્વર વિજયમાળા માટે આત્મસંયમ કેળવતા હોય છે. અનશ્વર વિજયમાળા જીતવા માટે દોડનારને તો આનાથી પણ વધારે શિસ્તબદ્ધ હોવાની જરૂર છે. સાથે સાથે મહાન વ્યક્તિઓમાં જે નમ્રતા હોય છે એ પણ એમનામાં જોવા મળે છે. તેઓ ભૂતકાળમાં અજ્ઞાનને લીધે એમનાથી જે ભૂલોને પાપ થયાં હતાં એને નમ્રપણે કબૂલ કરી એની જવાબદારી સ્વીકારી લે છે : ''હું યહુદી ધર્મમાં હતો ત્યારના મારા જીવન વિશે તમે સાંભળ્યું છે કે, હું પરમેશ્વરના ધર્મસંઘની પાર વગરની સતામણી કરતો હતો, એનો ઉચ્છેદ કરવા મથતો હતો''(ગલા ૧:૧૪), અને પોતે પાપી અને નાલાયક હોવા છતાં પોતાને હાકલ આપી શુભસંદેશનું સાધન બનાવનાર ઈસુનો ખૂબ આભાર માને છે :

''ઈશ્વરે પોતાની શક્તિના પ્રભાવથી મને કૃપા બક્ષીને એ શુભસંદેશનો સેવક બનાવ્યો છે. નાનામાં નાના પુણ્યજન કરતાં પણ નાના એવા મારા ઉપર કૃપા કરીને, બિનયહુદીઓમાં ખ્રિસ્તની અગાધ સમૃદ્ધિના શુભ સમાચાર જાહેર કરવાનું... મને સોંપવામાં આવ્યું છે''(એફેસસ૩:૮). એટલે જ ૧ કરિંથ ૧૫:૮-૯માં તેઓ સ્પષ્ટપણે કહે છે કે,''પ્રેષિતોમાં હું અદનામાં અદનો છું, પ્રેષિત કહેવડાવાને પણ લાયક નથી.'' ભૂતકાળની ભૂલોના અનુભવમાંથી કંઈક શીખીને જીવનમાં સુધારો ને પરિવર્તન લાવવા પાઉલ હંમેશા તૈયાર હતા. એ એમનું ખુલ્લુ મન બતાવે છે. તેમ છતાં તેમણે ભૂતકાળનાં અપરાધો કે દોષોને પોતાને સતાવવા ન દીધાં. તેઓ કહેતા : ''જે પાછળ છે તેને ભૂલી જઈને જે આગળ છે તેને પ્રાપ્ત કરવા મથી રહ્યો છું.''(ફિલિપ્પી ૩:૧૩-૧૪).

ટીમ લીડર : સંત પાઉલના નેતૃત્વને તો આજના લીડરશીપ અને મેનેજમેન્ટ ગુરુઓ પણ વખાણે છે. એમણે ઘણા બધાની સાથે સહેલાઈથી કામ કર્યું હતું. આ હકીકતની આપણને માત્ર રોમના ધર્મસંઘ પરના પત્રમાં ૧૬માં અધ્યાયમાં છેલ્લે જ્યાં પાઉલ અલગ અલગ વ્યક્તિઓને શુભેચ્છાઓ પાઠવે છે એનું અવલોકન કરીએ તો ખાતરી થઈ જાય. એમ તો દરેક પત્રમાં પ્રારંભમાં કે છેલ્લે અથવા કોઈક વાર બંને જગ્યાએ પણ પાઉલ પોતાના સહ કાર્યકરોનો ઉલ્લેખ કરીને શુભેચ્છા પાઠવે છે અથવા આભારમાને છે. તિમોથી ઉપરના બીજા પત્રમાં એક ખાસ પરિસ્થિતિમાં તિમોથીને સંબોધતાં તેઓ આ પ્રમાણે કહે છે : ''દેમાસ આ સંસારને વહાલો કરી મને છોડીને થેસ્સલોનિકા ચાલ્યો ગયો છે, ક્રેસ્કેન્સ ગલાતિયા ચાલ્યો ગયો છે, અને તિતસ દલ્મતિયા ઊપડી ગયો છે. લૂક એકલો મારી સાથે છે. માર્કને તારી સાથે લેતો આવજે, કારણ, તે મને ઘણો મદદરૂપ થઈ પડે છે''(૨ તિમોથી ૪:૧૦-૧૧). એટલું જ નહિ, પણ એમના પત્રો પૂરાવો આપે છે કે પોતાના પછી શુભસંદેશનું કાર્ય ચાલુ રાખવા પાઉલે ઘણા બધામાં લીડરશીપ(નેતૃત્વ) સંબંધિત મૂલ્યો ને કૌશલ્યનું સિંચન કર્યું હતું.

સંત પાઉલના નેતૃત્વની વિશેષતાઓને સંક્ષેપમાં અન્ય શબ્દોમાં વર્ણવીએ તો પવિત્ર આત્માની પ્રેરણા ઉપરાંત સંત પાઉલ ઈશ્વરદત્ત વહીવટી કુશળતા અને દુર્દેશીનો ખૂબીપૂર્વક ઉપયોગ કરતા. સંપૂર્ણ નમ્રતાથી તેઓ નિશ્ચિત કરેલા ધ્યેયને પાર પાડવામાં પોતાની બધી શક્તિઓને કામે લગાડી દેતા. તેમની આ ખૂબીઓને કારણે તથા કોઈ જાતના પૂર્વગ્રહ વિના બધાને પોતાના નમૂનાથી જ દોરવણી કરતા હોવાથી તેઓને વિવિધ સંસ્કૃતિના લોકો સાથે કામ પાર પાડવામાં પણ સફળતા મળતી. તેઓ ઈશ્વરની કૃપા ઉપરાંત પોતાની યોજનાઓ અને વ્યુહોને અસરકારક રીતે અમલમાં મૂકી શકતા હતા જેની માટે તેઓમાં અદ્ભૂત કટિબદ્ધતા જોવા મળે છે. આપણે બધા પુરોહિતો, સાધ્વી સિસ્ટરો તેમજ ધર્મજનો, સંત પાઉલના આ નેતૃત્વના ગુણોને આપણા જીવનમાં આત્મસાત કરી શકીએ તો પોતપોતાની રીતે ધર્મસેવા અને એ દ્વારા ઈશ્વરસેવા કરી શકવામાં આપણો ફાળો આપી શકીએ. ●


## વેચાણ

વડોદરાના બહુચરાજી રોડ, કારેલીબાગના વિકસતા જતા વિસ્તારમાં, આધુનિક ઑફિસ કોમ્પલેક્સમાં ચોથા માળે ૧૦૩૦ sq.ft.ની કોર્નરની જગ્યા, સ્વતંત્ર પેન્ટ્રી, ટોયલેટ, લીફ્ટની સગવડ સાથે વેચવાની છે. ઓફિસ ક્લાસ, જીમ, ક્લીનીક તથા અન્ય ઉપયોગ માટે અનુકૂળ.

## પ્લોટ વેચાણ

કુંડેલા રેલ્વે સ્ટેશનની પાછળ પલાસવાડા, ડભોઈ રોડ, વડોદરા, ૪૪૦૦ sq.ft. NA ક્લીયર ટાઈટલ ફ્રી હોલ્ડ, સ્વતંત્ર પ્લોટ તાત્કાલિક વેચવાનો છે. બાંધકામ અથવા રોકાણ માટે ઉત્તમ સ્થળ.

**સંપર્કઃ E-mail: jic201716@gmail.com**
**whatsapp number: 98250 26170**

## મકાન તથા ટ્વીન્સ બંગ્લોઝ

૧૦૦ ફૂટ રોડ, આણંદમાં ક્રિશ્ચિયન સોસાયટીમાં નવું જ ફર્નિચર સાથેનું મકાન વેચવાનું છે. તથા સાંગોડપુરા, આણંદમાં ટ્વીન્સ બંગ્લોઝનું આયોજન છે. રસ ધરાવનાર વ્યક્તિઓએ સંપર્ક કરવો.

**મો. ૯૬૨૪૭ ૬૦૫૦૦**

## મકાન વેચવાનું છે

સુણાવ રોડ, પેટલાદ. કર્મ બંગલોઝ સોસાયટીમાં
સ્વતંત્ર ટેનામેન્ટ. ચારે બાજુ કંપાઉન્ડ વૉલ
પ્લોટ એરીયા ૧૬૦૦ ચો.મી.

**મો. ૯૯૧૩૮ ૨૯૮૯૪, ૯૯૦૯૯ ૩૨૫૬૧**

# રાષ્ટ્રીય બંધારણ

✍ ઈશ્વર વાઘેલા

*એસોસિયેટ પ્રોફેસર એમ.બી. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, વલ્લભ વિદ્યાનગર*

બંધારણ એટલે રાજ્યનો કારભાર ચલાવવાના મૂળભૂત સિદ્ધાંતોનો સંગ્રહ. ભારતનું બંધારણ એટલે ભારતના પ્રજાસત્તાક રાજયના અને ભારતની જનતાના સાર્વભૌમત્વની જાહેરાત કરતા સિદ્ધાંતોનો દસ્તાવેજ. આ દસ્તાવેજ ભારત સરકારના પ્રત્યેક અંગની સત્તાને સ્પષ્ટ કરે છે. ભારતીય નાગરિકોના મૂળભૂત અધિકારો અને ફરજોનું નિરૂપણ કરે છે. બંધારણ દેશનો સર્વોપરી કાયદો છે. તે આપણી સ્વાતંત્રાની ઢાલ છે. આપણા સમસ્ત જીવનની આશા છે. એટલે તે પવિત્ર કે આદરણીય દસ્તાવેજ છે.

બંધારણસભાની રચના : બંધારણ ઘડતરનો સૌ પ્રથમ વિચાર ઈ.સ. ૧૯૨૨ માં ગાંધીજીને સ્ફૂર્યો હતો. તેમણે તે સમયે મક્કમતાથી કહ્યું હતું કે, "હિંદના લોકોએ ચૂંટી કાઢેલી બંધારણસભા હિંદના આત્મનિર્ણયની જાહેરાત કરી, સ્વરાજ્ય મેળવશે."

ઈસ. ૧૯૩૭ માં હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ આ સિદ્ધાંતને અપનાવ્યો અને બંધારણસભાની માંગણી કરી. મુસ્લિમલીગે આ માંગણીનો વિરોધ કર્યો હતો. ઈ.સ. ૧૯૩૯ માં હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ ઠરાવ કરીને પુનઃ માંગણી કરી પણ તે સમયે બ્રિટિશ સરકારે તેનો સ્વીકાર કર્યો નહોતો. ૧૯૪૦ ની ક્રિપ્સ યોજનામાં આ માંગણીનો સ્વીકાર કરવામાં આવ્યો હતો પણ તેનું અમલીકરણ કરવામાં આવ્યું નહોતું, કારણ બીજું વિશ્વ યુદ્ધ ચાલતું હતું.

૨૫મી માર્ચ ૧૯૪૬ના દિવસે ભારતની આઝાદીના પ્રશ્નોના ઉકેલ માટે ત્રણ સભ્યોના બનેલું કેબિનેટ મિશન ભારતમાં આવ્યું. તેમણે સૂચવેલી વિધિ પ્રમાણે બંધારણ ઘડતર અંગે માળખું ઘડવા માટે બંધારણ સભાની રચના કરી. બંધારણનું કાર્ય જલદી કરવા માટે પુખ્તવય મતાધિકારના ધોરણે બંધારણ સભાની રચના કરવાને બદલે ૧૯૪૫માં માત્ર ૧૪ ટકાના ધોરણે થયેલી ચૂંટણીના આધારે રચાયેલી પ્રાંતિક સભાઓ દ્વારા બંધારણ સભાના સભ્યોની પસંદગી કરવામાં આવી.

બંધારણ સભામાં કુલ ૩૮૯ સભ્યો હતો. તેમાં બ્રિટિશ હિંદના ૨૯૬ પ્રતિનિધિઓ અને દેશી રાજ્યોના ૯૩ પ્રતિનિધિઓ હતા. બંધારણ સભામાં અનુસૂચિત જાતિના ૩૦ સભ્યો હતો. ફ્રેન્ક એન્થની એંગ્લો-ઈન્ડિયનોના અને એચ.પી. મોદી પારસીઓના પ્રતિનિધિ હતા. બંધારણ સભામાં રાજેન્દ્ર પ્રસાદ, જવાહરલાલ નેહરુ, સરદાર પટેલ, મૌલાના અબ્દુલ કલામ, શ્યામપ્રસાદ મુકરજી, અલ્લાદી કૃષ્ણસ્વામી આયંગર, બલદેવસિંગ, ભીમરાવ આંબેડકર, કનૈયાલાલ મુનશી, સરોજિની નાયડુ અને વિજયાલક્ષ્મી પંડિત વગેરેનો સમાવેશ થયો હતો.

બંધારણની રચના અને સ્વીકાર : બંધારણ સભાની પ્રથમ બેઠક ૯ ડિસેમ્બર ૧૯૪૬ના રોજ મળી હતી. મુસ્લિમલીગના સભ્યો અને દેશી રાજ્યોના પ્રતિનિધિઓ આ બેઠકમાં હાજર રહ્યા હતા. બંધારણસભાના અધ્યક્ષ તરીકે ડો. રાજેન્દ્ર પ્રસાદને ચૂંટી કાઢવામાં આવ્યા હતા ત્યારબાદ ભારતની આઝાદીની ઘોષણા કરતો અને ભારતનાં સ્વતંત્ર્ય અને પ્રજાસત્તાક રાજયના તેમજ તેના બંધારણના મહાન આદર્શોને દર્શાવતો ઐતિહાસિક ઠરાવ પંડિત જવાહરલાલ નહેરુએ રજૂ કર્યો. મુસ્લિમલીગના પ્રતિનિધિઓના આગમનની રાહ જોયા બાદ તે ઠરાવ પર ચર્ચા થઈ અને જાન્યુઆરી ૧૯૪૭માં સર્વાનુમતે પ્રસાર કરવામાં આવ્યો.

ભારત ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આઝાદ થયું. બંધારણસભાની ચોથી બેઠક સમયે ભારત આઝાદ હતું. બંધારણસભા ભારતના સંસ્થાનની સાર્વભૌમ બંધારણ સભા બની. ૨૯ ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે બંધારણની મુસદ્દા સમિતિની ચૂંટણી કરવામાં આવી. ડો. ભીમરાવ આંબેડકરને મુસદ્દાસમિતિના અધ્યક્ષ તરીકે નિમવામાં આવ્યા. બંધારણ મુસદ્દા સમિતિની પ્રથમ બેઠક ૩૦ ઓગસ્ટ ૧૯૪૭ના દિવસે યોજાઈ. આ બેઠક ૧૪૧ દિવસો ચાલી. મુસદ્દા સમિતિનું કાર્ય કરવાને માટે બંધારણીય પરામર્શકો દ્વારા મૂળ મુસદ્દો ૨૪૩ અનુચ્છેદ અને ૧૩ અનુસૂચિઓવાળો તૈયાર કરવામાં આવેલો. મુસદ્દા સમિતિ દ્વારા પ્રથમ મુસદ્દો રજૂ થયો તેમાં ૩૧૫ અનુચ્છેદો અને ૮ સૂચિઓ હતી. વિચાર વિમર્શ પૂરો થતાં મુસદ્દામાં ૩૮૬ અનુચ્છેદો થયા હતા. બંધારણના અંતિમ મુસદ્દામાં ૩૯૫ અનુચ્છેદો અને ૮ સૂચિઓ હતી. બંધારણના આ મુસદ્દામાં લગભગ ૭૬૩૫ સુધારાઓ સૂચવાયા. એમાંથી ૨૪૭૩ સુધારા રજૂ કરવામાં આવ્યા હતાં અને તેની પર વિચારણા કરવામાં આવી હતી. મત લેવાયા હતા.

૯ ડિસેમ્બર ૧૯૪૬ થી ૨૬ નવેમ્બર ૧૯૪૯ એટલે કે બે વર્ષ, અગિયાર મહિના અને સત્તર દિવસ સુધી બંધારણનું ઘડતર કાર્ય ચાલ્યું. બંધારણ સભાના કુલ ૧૧ સત્રો થયાં. પ્રથમ ૬ સત્રોમાં ધ્યેયપૂર્વક સંકલ્પ પસાર કરવા અને મૂળભૂત અધિકારો, બંધારણ વિષયક સંઘને મળેલા અધિકારો વિષયક, અલ્પ સંખ્યક સમુદાયો વિષયક તથા અનુસૂચિત ક્ષેત્રો અને અનુસૂચિતજાતિ-જનજાતિ વિષયક સમિતિઓને મળેલા આવેદનો પર વિચાર કરવામાં આવ્યો. બીજા ૫ સત્રોમાં બંધારણના મુસદ્દા ઉપર વિચાર કરવામાં આવ્યો. બંધારણસભાના ૧૧ સત્રોમાં ૧૬૫ દિવસ કાર્ય થયું. સભાએ ૧૧૪ દિવસ બંધારણના મુસદ્દા અંગે વિચાર-વિમશ કરવામાં ગાળ્યો.

આમ મૂળ ખરડાની કલમે કલમની ઝીણવટથી તલસ્પર્શી અને વિગતવાર ચર્ચા વિચારણાને અંતે તેમાં અનેક સુધારા-વધારાનો સ્વીકાર કરીને બંધારણ સભાએ ૩૯૫ કલમો અને ૮ પરિશિષ્યોવાળો સુધારેલો ખરડો ૨૬ નવેમ્બર ૧૯૪૯ના દિવસે પસાર કર્યો. વી. એન. રાવ બંધારણના બંધારણીય પરામર્શક હતા. બંધારણના મુખ્ય મુસદ્દા લેખક એસ. એન. મુખર્જી હતા. બંધારણનો અમલ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસથી થયો. ત્યારથી ભારત પ્રજાસત્તાક દેશ બન્યો.

### ભારતીય બંધારણનાં લક્ષણો :-

- મહાન આદર્શો અને ઉદ્દેશોને જાહેર કરતાં આમુખથી પ્રારંભ થાય છે.

- બંધારણ પ્રજાની સાર્વભૌમ સત્તાની જાહેરાત કરે છે.
- બંધારણ ભારતને સાર્વભૌમ, લોકશાહી, પ્રજાસત્તાક રાજ્ય જાહેર કરે છે.
- બંધારણ શુદ્ધ અને સંપૂર્ણ રીતે સમવાયીતંત્ર કે એક તંત્રી નથી.
- બંધારણને સર્વોપરી ગણવામાં આવે છે.
- બંધારણ સંસદીય લોકશાહી પદ્ધતિની સરકારની યોજના આપે છે.
- બંધારણ ભારતીય નાગરિકને પુખ્તવયે, લાયકાતના ધોરણ કે કોઈપણ જાતના ભેદભાવ વિના મત્તાધિકાર આપે છે.
- બંધારણ સંઘ સરકારને વિશાળ, વિશિષ્ટ સત્તા આપી મજબૂત અને સત્તાશાળી બનાવે છે.
- બંધારણ રાષ્ટ્રપ્રમુખને મર્યાદિત સત્તાવાળા-બંધારણીય વડા બનાવે છે.
- બંધારણ નાગરિકોને મૂળભૂત હકોની બાંયધરી આપે છે.
- બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો આપેલ છે.
- બંધારણે ભારતના રાજ્યને બિનસાંપ્રદાયિક રાજ્ય જાહેર કરેલ છે.
- બંધારણ સુપરિવર્તનશીલ અને વલન ક્ષમ છે.
- બંધારણ નાગરિકને એક જ નાગરિકત્વ આપે છે.
- બંધારણમાં ભારત માટે એક જ અને વિશિષ્ટ ન્યાયતંત્રની વ્યવસ્થા કરેલ છે.
- બંધારણ ૧૪ અગત્યની પ્રાદેશિક ભાષાને સ્વીકારી છે. હિન્દી રાષ્ટ્રભાષા છે.
- બંધારણે પછાત વર્ગોના કલ્યાણ માટેની ખાસ જોગવાઈઓ જાહેર કરેલ છે.
- બંધારણે જનકલ્યાણ સાધક લોકશાહી રાજ્યનો આદર્શ સ્વીકારેલ છે.

બંધારણ ખૂબ જ વિચારણા અને તલસ્પર્શી ચર્ચાને અંતે સ્વીકારવામાં આવેલ છે. ડો. બાબાસાહેબ આંબેડકરના મત મુજબ બંધારણ ગમે તેટલું સારું હોય, જો એનો અમલ કરનારા ખરાબ હોય તો બંધારણ નિ:સંદેહ ખરાબ જ સાબિત થવાનું. એથી વિપરિત બંધારણ ગમે તેટલું ખરાબ હોય, પણ એનો અમલ કરનારા જો સારા હોય તો બંધારણ સારું જ સાબિત થાય છે. આથી આપણું બંધારણ તો સારું જ છે. પણ તેનો અમલ કેવી રીતે થાય છે તેની ઉપર જ મોટો આધાર છે. ●

**છઠ્ઠી પુણ્યતિથિ**



**સ્વ. શાંતિલાલ લોરેન્સ પરમાર**

જન્મ: ૭-૫-૧૯૪૯ ★ અવસાન: ૧૦-૧-૨૦૧૧

પરમપવિત્ર પરમાત્મા આપના આત્માને
શાશ્વત શાંતિ અર્પે.

**લિ. રોશાલિયા એસ. પરમાર પરિવાર**
*ભાવના કોલોની, ગામડી-આણંદ*

## ‘પાવન હૃદય દૂત’ને મળેલ દાન

| | | |
|---|---|---|
| અનામી દાતા | મણીનગર(પૂર્વ) | ૧૦૦૦ |
| લેવીસ લુઈસ | | ૫૦૦ |
| રતનબેન ડી. વાઘેલા | મણીનગર(પૂર્વ) | ૫૦૦ |
| આર્યન રાકેશકુમાર પરમાર | ઓડ | ૫૦૦ |
| સ્વ. સ્તેફાન વિલ્યમ પરમાર | કરમસદ | ૨૦૧ |
| ડેવિસનાં લગ્નપ્રસંગે | નડીઆદ | ૨૦૧ |
| પ્રવિણ આન્દ્રેઆસ જાદવ | ચાવડાપુરા | ૨૦૧ |
| મનોજ વાય. મેકવાન | મણીનગર(પૂર્વ) | ૨૦૦ |
| અશોક દાવલા | મણીનગર(પૂર્વ) | ૨૦૦ |
| અમિતાબેન કિરીટભાઈ પરેરા | ગાંધીનગર | ૧૫૧ |
| અનામી દાતા | ગામડી-આણંદ | ૧૦૧ |
| દાનિયેલ મેકવાન | ગાંધીનગર | ૧૦૧ |
| સ્મિત નિસાર ક્રિશ્ચિયન | તારાપુર | ૧૦૧ |
| કુલ્કેરીયાબેન સોમાભાઈ સોલંકી | પેટલાદ | ૧૦૧ |
| સ્વ. આશીબેન એસ. મેકવાન | વડોદરા | ૧૦૧ |
| સ્વ. રાયમુન્દ સ્તેફાન | ગામડી-આણંદ | ૧૦૧ |
| સ્વ. અંતોન વિલ્યમ | સાબરમતી-અ'વાદ | ૧૦૧ |
| સ્વ. મગન(સ્તેફાન) દેવજી પરમાર | ગામડી-આણંદ | ૧૦૧ |
| સ્વ. જોન સિલ્વેસ્ટર પરમાર | પેટલાદ | ૧૦૧ |
| ગ્રેગોર સ્તેફાન પરમાર | આણંદ | ૧૦૦ |
| કોકિલાબેન લાલજી ક્રિશ્ચિયન | દેવા | ૧૦૦ |
| સ્વ. અંતોન વિલ્યમ ખ્રિસ્તી | સાબરમતી | ૧૦૦ |
| સ્વ. રેગીનાબેન લલ્લુભાઈ વાણિયા | નડીઆદ | ૧૦૦ |
| નિલેશ પી. પરમાર | નડીઆદ | ૧૦૦ |
| ચંદ્રિકાબેન બિપીનભાઈ પરમાર | આણંદ | ૧૦૦ |
| સ્વ. અંકિત બી. પરમાર | ચાવડાપુરા | ૧૦૦ |
| સુરેશભાઈ તથા મેરીબેન | ગાંધીનગર | ૧૦૦ |
| સ્વ. માર્થાબેન આલ્ફોન્સ | લાંભવેલ | ૧૦૦ |
| ફેબી કે. મેકવાન | નડીઆદ | ૧૦૦ |
| ગોવિંદભાઈ ડી. પરમાર | નડીઆદ | ૧૦૦ |
| સ્મિતા ઝવેરભાઈ ચૌહાણ | વડોદરા | ૧૦૦ |
| મણીબેન કે. પરમાર | ઈસણાવ | ૧૦૦ |
| સ્વ. પીટર લામ્બર્ટ પરમાર | ગામડી-આણંદ | ૧૦૦ |
| સાહિલ પાંડવ | ભરૂચ | ૧૦૦ |
| સંકેત પાંડવ | ભરૂચ | ૧૦૦ |
| દક્ષાબેન જે. ફ્રેન્ક | આણંદ | ૧૦૦ |
| કનુભાઈ ઈશ્વરભાઈ | નડીઆદ | ૧૦૦ |
| નટુભાઈ ધૂળાભાઈ પરમાર | નડીઆદ | ૧૦૦ |
| લલિતાબેન યાકુબભાઈ | નડીઆદ | ૧૦૦ |
| સ્વ. હિંમત વિઠ્ઠલ | અમદાવાદ | ૧૦૦ |
| સ્વ. સેમ્યુલ એફ. મેકવાન (પૂજારી) | વડોદરા | ૧૦૦ |
| સ્વ. માગ્રેટ ઈગ્નાસ | આણંદ | ૧૦૦ |
| શાંતાબેન શંકર વાઘેલા | આમોદ | ૧૦૦ |

# આદિવાસીઓના પ્રેષિત — ફાધર રેમન્ડ ચૌહાણ




## (વસાવી ભાષાનું વ્યાકરણ : વસાવા સમાજની ઓળખનું નવું સમૃદ્ધ શાસ્ત્ર


✍ ફાધર શેખર માનીક્મ એસ.જે.

*સોસ્યિસ, જેસુઈટ ગુજરાત, અમદાવાદ*


**પ્રસ્તાવના :** ગુજરાતની ૧૫ ટકા આદિવાસી વસ્તીમાં સૌથી વધુ સંખ્યાબળ અને સૌથી મોટો ભાષકવર્ગ વસાવાઓનો છે. આપણા આ રાજયમાં વસાવાઓની વસ્તી આશરે વીસેક લાખની છે. ગુજરાતના પૂર્વપટ્ટાના મધ્યભાગથી લઈને ઉત્તર-પશ્ચિમ-દક્ષિણે મહારાષ્ટ્ર, પશ્ચિમે મધ્યપ્રદેશ સુધી વસાવાઓ વિસ્તરેલા છે. કેથોલિક ધર્મસંઘ છેલ્લા પાંચેક દાયકાથી દક્ષિણ ગુજરાતના પંદરેક કેન્દ્રોમાં સક્રિય રીતે કાર્યરત રહ્યો છે : ભરુચ, અંકલેશ્વર, રાજપીપળા, તણખલા, ઝઘડિયા, હીંગોરિયા, નેત્રંગ, ડેડિયાપાડા, સાગબારા, બોગજ, રેલ્વા, નાની સીંગલોટી, ઉમરપાડા, દઢવાડા, કાટકૂવા, ઝંખલાવ, ચિતલદા, સુરત વગેરે.

કેટલીક વાર અમુક બિનઆદિવાસી લોકોનાં મુખે સાંભળવા મળે છે કે આદિવાસીઓ હવે ધીરે ધીરે ગુજરાતી, હિન્દી તેમજ અંગ્રેજી ભાષાઓ વાંચતાં, લખતાં, બોલતાં ને સમજતાં થયાં છે તો પછી એમની માતૃભાષા આપણે શીખવા-સમજવાની જરુર ખરી? કોઈપણ વ્યક્તિની સાથે તેની માતૃભાષામાં વાત કરીએ તેની સાથે સરળતાથી આત્મીયતા કેળવવાની સંભાવના વધી જાય છે એ સાર્વત્રિક અનુભવ છે. લોકોનાં મન-દિલ સુધી પહોંચવાના અનેક તરીકા હોય છે. ભાષા પણ માનવમન-દિલને પામવાનો એક તરીકો છે.

દક્ષિણ ગુજરાતમાં લગભગ અઢી દાયકા (૧૯૮૮ થી ૨૦૧૩) સુધી વિવિધ આદિવાસી લોકો સાથે ઓતપ્રોત થઈને ફાધર રેમન્ડ ચૌહાણે લોકોનાં મન-દિલ સુધી પહોંચવાનો સઘન પ્રયાસ કર્યો. જે આદિવાસી જાતિ સાથે તેઓ રહ્યા તેમની ભાષા અને સંસ્કૃતિને પૂરા દિલથી આત્મસાત્ કરી. એટલું જ નહીં પરંતુ દક્ષિણ ગુજરાતની ગામીત, ડાંગી અને વસાવી જેવી મહત્વની આદિવાસી ભાષાઓ પર ભારે નિપુણતા મેળવી. મૌખિક પરંપરા ધરાવતી આ ત્રણેય આદિવાસી ભાષાઓને સૌ પ્રથમ વાર વ્યાકરણબદ્ધ તેમણે જ કરી. એમાંના બે પ્રસંગો એટલે કે ડાંગી ભાષાનું વ્યાકરણ તથા વસાવી ભાષાનું વ્યાકરણ ના લોકાર્પણ પ્રસંગે પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત રહેવાની સુવર્ણ તક મને મળી હતી. સાચે જ એ ધન્ય ઘડી હતી.

**ધન્ય ઘડી :** પૂજ્ય ફાધર રેમન્ડ ચૌહાણ લિખિત વસાવી ભાષાનું વ્યાકરણના લોકાર્પણના પ્રસંગે, ઉમરપાડા ખાતે, પાવન વસાવા ભૂમિમાં મને આમંત્રણ આપવામાં આવ્યું એનું મને ગૌરવ છે. આ ગૌરવની ગાથા છે. ગૌરવ જે માત્ર બહારથી નહિ પરંતુ અંતરના ઊંડાણમાંથી પ્રગટે છે. આદિવાસી હોવાનું ગૌરવ, ભૂમિસંતાનો હોવાનું ગૌરવ. માનવ પોતે જે છે તેનું પ્રાગટ્ય ખુલ્લેઆમ થાય, બધાની હાજરીમાં થાય, ત્યારે ભગવાન પણ એમાં પોતાની હાજરી અવશ્ય આપે છે. આપણી સમક્ષ વસાવી ભાષાનું વ્યાકરણ પુસ્તક એક પ્રતીક રુપે છે. શાનું પ્રતીક?

**ગૌરવનું પ્રતીક :** એ પ્રતીક છે એવા ગ્રંથનું જે માત્ર વસાવા માટે જ નહીં પરંતુ વિશ્વના આદિવાસીઓ અને માનવજાતનું ગૌરવ છે. પેઢી દર પેઢીથી આપણાં વડવાઓએ જે અનુભવો કર્યા, જે દર્શન કર્યા, જે જીવનની હાડમારીઓમાંથી આનંદથી પસાર થયા, તેમ જ જીવન જીવવાની અમૂલ્ય, અસલ ને કુદરતી શૈલી આપણને વારસામાં આપતા ગયા એ બધા રુપે આ ઐતિહાસિક ગ્રંથ આપણને નવા વારસામાં મળે છે.

**આત્મીય આઉટસાઈડર :** આ ગ્રંથનું મહત્વ અનેક રીતે વિશિષ્ટ છે : બિનઆદિવાસી હોવા છતાં ફાધર રેમન્ડ આદિવાસી જગતમાં ઘૂમ્યા, ફર્યા,રહ્યા ને જીવ્યા. બીજા શબ્દોમાં કહીએ તો આદિવાસી માટીમાં એ પૂરેપૂરા ઓતપ્રોત થઇ ગયા. આઉટસાઇડર હોવા છતાં એક ઇનસાઇડરને શોભે એટલી નજીક આવીને તેમણે આદિવાસી જગતને એટલે વસાવામિત્રોને નિહાળ્યા છે, જોયા છે. તેમના બધાંના જીવનની એમના જીવન પર ઘેરી અસર પડી છે. આ નવું વિશ્વ, નવી સૃષ્ટિ, નવી સંસ્કૃતિ, નવી ભાષામાં તેઓ પૂરેપૂરા એક થયા છે. આ એક-બનવાની પ્રક્રિયાની ફળશ્રુતિ રુપે, ઈશ્વરે આપેલી કૃપાઓ તથા મર્યાદાઓ તેમ જ તેમના બધાંના ટેકા તથા સહકારથી જે કંઈ સર્જાયું એ બધું પ્રેમનું પ્રગટીકરણ છે. જે સમાજને તેમણે પોતાનો બનાવ્યો અને જે સમાજે તેમને પોતાના ગણ્યા એનું પરિણામ બીજું શું હોઈ શકે? પરસ્પર પ્રેમ એ નવસર્જન તરફ લઈ જાય છે. આ નવસર્જન કપોળકલ્પિત, કાલ્પનિક કે બનાવટી નથી. એમાં રણકો છે સચ્ચાઈનો, અસલિયતનો, સત્યનો ને પ્રેમનો.

**વસાવા સમાજની ઓળખનું નવું શાસ્ત્ર :** આ સર્જન કોઈ વાહવાહ, પ્રશંસા, કદર કે સર્ટીફિકેટ માટે નથી. એમાં છે નરી પ્રતિબદ્ધતા, ધ્યાન અને સાધના. અહીં સાધક અને સાધ્ય એકાકાર થઇ ગયા છે. એટલે જ સ્તો વસાવા સમાજનું સર્વાંગી દર્શન કરાવે છે એવું કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. આદિવાસી મિત્રો પાસેથી ઉત્તમ પ્રાપ્ત થયું છે તેથી ઉત્તમ સિવાય બીજું કશું ખપે નહિ. બાળ સહજ મનોવૃત્તિ, જિજ્ઞાસા, નવીનતાને માણવાની ખેવનાએ તેમને સરળતાથી આદિવાસી મનોસમાજ દર્શનનો ભરપૂર લાભ મળ્યો છે. આજના શિક્ષણજગતમાં વસાવા સમાજને ઓળખવાનું આ નવું શાસ્ત્ર આપણને ભેટ રુપે મળ્યું છે. આમ, સમાજશાસ્ત્રના શિક્ષણજગતમાં આ અનેરું યોગદાન છે.

**વસાવા મિત્રોનો એનસાઈક્લોપિડીયા :** પુસ્તક તપાસતાં જ ખ્યાલ આવે છે કે એમાં રહેલાં આયોજન, વિષય ગૂંથણી, વિષય વૈવિધ્ય, વિષય રજૂઆત ને દ્વિભાષી અભિગમ એટલે કે વસાવી અને ગુજરાતી દ્વારા આ પુસ્તકને ખુલ્લું મૂકવામાં આવ્યું છે. આ વસાવા મિત્રોનો એનસાક્લોપિડીયા છે. તેથી વસાવા મિત્રો તથા ગુજરાતી જાણનાર બિનવસાવા મિત્રો આનો લાભ લઇ શકે છે.

વસાવા આદિવાસીઓના જીવનનાં વિવિધ સાંસ્કૃતિક પાસાંઓને લગભગ ૪૦૦ ફોટાઓમાં કંડારીને પુસ્તકમાં પ્રગટ કર્યા છે. આ ફાધર રેમન્ડની ખાસિયત, વિશેષતા તથા અજોડતા છે. એમનું યોગદાન આદિવાસી જતન, કદર અને પ્રસારને આંબીને એનાથી વધારે વિશાળ અને વિરાટ બાથ ભરે છે - એ વસાવા મિત્રોની જ નહિ પરંતુ સમગ્ર વિશ્વના આદિવાસીઓનાં અસ્તિત્વ અને અસ્મિતાને પ્રકાશમાં લાવી ઉજાગર કરે છે.

**વસાવી ભાષાનું વ્યાકરણ એટલે પ્રેમ-પ્રાગટ્ય :** મિત્રો, આવું અદ્વિતીય સર્જન રાતોરાત ન થાય એ આપણે સૌ સમજીએ છીએ. ફાધર રેમન્ડના નજીકના મિત્ર તરીકે આ પુસ્તકના પ્રારંભથી પૂર્ણતાનો હું સાક્ષી છું. એમાં છુપાયેલાં છે રાતદિવસનાં મહેનત, લગન, ધગશ, પ્રતિબધ્ધતા, આયોજન, બલિદાન અને પ્રેમ. એટલે એમના અંગત મિત્ર તરીકે હું ગૌરવ અનુભવું છું.

વસાવા મિત્રોના જીવાતા જીવનમાં એક શક્તિશાળી સાધન હાથ લાગ્યું છે કે જેથી એમના અસ્તિત્વ અને અસ્મિતાને કોઈ મિટાવી નહિ શકે. સ્વમાનભેર, ગૌરવભેર ને પ્રેમભેર જીવવાની ચાવી હાથ લાગી છે, અરે એમ કહીએ કે જડીબુટ્ટી જડી છે.

**વિવિધ લોકોની ભૂમિકા :** વસાવા આદિવાસી સમાજનો આ ભવ્ય વારસો કોણ જાણશે? ફાધર રેમન્ડે દિશાસૂચન કરી એક રાજમાર્ગ ખોલી આપ્યો છે. પરંતુ અહીંથી અટકી જઇશું તો ક્યાંયના નહીં રહીએ. મને લાગે છે કે ખુદ વસાવામિત્રોએ આગળ આવીને એમાં ઇનસાઇડર તરીકે પોતાનું યોગદાન આપવું પડશે. અત્યારે ડુંગર ઉપર આગ લાગી હોય એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. બધાં એક થઈને સહિયારો, સઘન પ્રયાસ તાત્કાલિક કરીશું તો ઘણું બધું ઓલવીને બચાવી શકીશું. જવાબદારી આપણા હાથમાં છે. આ છેલ્લી ટ્રેઇન છે. જો ઘડી ચૂકી ગયા તો કશું હાથમાં નહીં આવે. પછી આપણી નજર સમક્ષ એ બધું ભસ્મીભૂત થઈ જતું નિહાળીશું.

બીજી બાજુ, આઉટસાઇડરોની ભૂમિકા પણ મહત્વની છે. પોતાની શક્તિ તથા કૌશલ્યોને ધ્યાનમાં રાખીને વસાવા જગતનાં વિવિધ પાસાંઓનો સઘન અભ્યાસ કરીને યથાશક્તિ તથા યથાભક્તિ જુદાં જુદાં માધ્યમોની મદદથી એનું જતન, રક્ષણ, કદર અને ફેલાવો કરી શકાય. પણ એમાં મોડું ન થાય એ જરુરી છે. નહીં તો આપણી લાગણી દૂધના ઉભરા જેવી વાંઝણી પૂરવાર થશે. જેમને જેમને વસાવા આદિવાસીઓ પ્રત્યે સાચી લાગણી હોય તેમણે પોતાનું યોગદાન આપવું જ રહ્યું.

**સમાપન :** આ ભગીરથ કાર્યમાં હરકોઇનો હાથ અને સાથ જરુરી છે. ઝાઝા હાથ રળિયામણા, એ ન્યાયે ઇનસાઇડર તથા આઉટસાઇડરના સહિયારા, સઘન અને તાત્કાલિક પ્રયાસો અને મહેનતથી ઘણું બધું થશે એવી આશા છે.

જેના ઇરાદાઓ પાક હોય, પાવન હોય, એને આશીર્વાદ કે આશીર્વચનની જરુર નથી હોતી. એ તો નખશિખ અસલ છે. એક ઈસુસંઘી સાથીમિત્ર તરીકે હું તો એટલું કહી શકું કે જ્યાં જ્યાં આદિવાસી મિત્રોનું ગૌરવ થયું છે ત્યાં ત્યાં ઇશ્વરનો મહિમા થયો છે. છેલ્લાં પચીસેક વર્ષમાં ફાધર રેમન્ડે, ગામીત તથા ડાંગી મિત્રોનું અને છેલ્લે વસાવા મિત્રોનું ગૌરવ કર્યું છે. એનું મને, તમને અને સહુને ગૌરવ છે. સૃષ્ટિના માલિકને મારી પ્રાર્થના છે તથા ફાધર રેમન્ડને મારાં આશીર્વચન છે કે તેઓ હેમખેમ દીર્ઘાયુ ભોગવીને આવાં અનેક સોપાનો સર કરે. ●



**શેરોન** વેડિંગ ડ્રેસ ડિઝાઈનર

ક્રિશ્ચિયન લગ્ન માટે બાર વસ્તુઓનું પેકેજ ફક્ત રૂા. ૩,૫૦૦/-માં.
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ ફક્ત રૂા.૧૨૦૦/-માં.
ફક્ત મેક્ષી ૨૫૦૦માં. ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ

**પરવીન એસ.:** 'ઈવાઝ'ના સ્પેશ્યલ કારીગર
**મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩**

*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે.*
*તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*


**ઓલીવીયા ક્રિએશન**

લગ્નની મેક્ષી, કોમ્યુનિયન ફ્રોક, તથા કોમ્યુનિયન સુટ (છોકરાઓ માટે) ફુલ સેટ. રૂા.૩,૫૦૦/- થી શરૂઆત થાય છે.

**અંજના શૈલેષ (૯૮૭૯૧ ૮૧૩૪૮)**
**૧૧, આશીર્વાદ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, પાધરીયા આણંદ**


**Maxi Maker**

**(ગુજરાતનું સૌથી સસ્તું સ્થળ)**

**લગ્નની મેક્ષી, બર્થડે ફ્રોક, કોમ્યુનિયન ફ્રોક, જ્વેલરી, લગ્ન માટેના ચંપલ, ચણિયા ચોલી ખરીદવાનું ગુજરાતનું એક માત્ર સૌથી સસ્તું સ્થળ. *એકવાર અમારી મુલાકાત લેવાનો અવશ્ય આગ્રહ રાખો.***

**સરોજબેન એસ. મેકવાન**
**સુનિલભાઈ એસ. મેકવાન (ચેનલવાળા):** નિર્મલનગર ગામડી, આણંદ
**મો. ૯૯૦૪૮ ૨૦૧૭૩ / ૯૯૧૩૪ ૩૯૭૪૯**



## ૨૫મી પુણ્યતિથિ



**સ્વ. યાકુબ વાલેન્ટિન વટાવવાળા**

અવસાન: ૧૭-૦૧-૧૯૯૨

## શ્રદ્ધાંજલિ



**સ્વ. રેગીનાબેન યાકુબભાઈ વટાવવાળા**

અવસાન: ૦૮-૦૬-૨૦૧૬

## શ્રદ્ધાંજલિ



**સ્વ. શેરાફીમ યાકુબભાઈ વટાવવાળા**

અવસાન: ૩૧-૦૭-૨૦૧૪

પૂજ્ય મા-બાપુજી,

તમે બંને એક વૃક્ષ સમાન શીતળ છાંયડો આપીને જીવન જીવી ગયા. તમારા નિત્ય કર્મો અમારાં હૃદયને સ્પર્શી ગયા. જીવન દરમ્યાન ધર્મ કે વ્યવહારને કદી ભૂલ્યાં નથી. જીવનની તડકી છાંયડીમાં સ્મિત સાથે સર્વના જીવનમાં પ્રસરી ગયાં. આજે તમારી ગેરહાજરીમાં અમારાં દિલ માનતાં નથી.

પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે.

જીવન એવું જીવ્યાં કે,
જોનારા જોયા જ કરે.
કર્મ સદા એવાં કર્યા,
સૌના હૃદયમાં ગુંજ્યા કરે.
દુઃખથી કદી ડર્યા નહીં,
ધરમ કદી ભૂલ્યા નહીં.

*જીવનવાટિકા ચર્ચ, જેતલપુર, જિ. અમદાવાદ*

**લિ. આપનાં પરિવારજનો – વટાવવાળા પરિવાર**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સવિતાબેન જોનભાઈ મેકવાન**

જન્મ: ૨૫-૧૧-૧૯૪૩

અવસાન: ૩૧-૦૧-૨૦૧૬

તારી અચાનક વિદાયને એક વર્ષ વીતી ગયું પણ હજું અમારાં આંસુ સુકાતાં નથી અને તારી યાદ પણ ભૂલાતી નથી. આખી જિંદગી દુઃખમાં વિતાવ્યું અને તારા પરિવારને સમૃદ્ધ બનાવી અમને સુખ શાંતિ અને સારા સંસ્કાર આપતા ગયા.

પ્રભુ તમારા આત્માને શાંતિ આપે.

**લિ. મેકવાન જોન માયકલ તથા પરિવાર**

*૭, વિશ્વાસ પાર્ક સોસાયટી, હાટકેશ્વર,*
*મણિનગર(પૂર્વ), અમદાવાદ*

## બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. ફુલકેરિયાબેન માયકલભાઈ**

જન્મ: ૨૪-૧૦-૧૯૪૨

અવસાન: ૦૬-૦૧-૨૦૧૫

આપની અણધારી વિદાયને આજે બે વરસ વીતી ગયાં છતાં
આપ હરપળે અમારી સન્મુખ જ છો
એનો અહેસાસ ક્યારેય વિસરાસે નહીં...
આપ ભલે સદેહે દૂર જતાં રહ્યાં હો
અમે તો હંમેશાં જોતાં રહેવાનાં એ વિસ્મરણીય વાટ
કાળની કેડીએ સુસવાટા મારતા પવનમાં
અમે ખોવાઈ જવા નહીં દઈએ, શોધી કાઢીશું આપની સુવાસ...
આપના દેહ વિલયની બીજી પુણ્યતિથિએ આપના દિવ્ય
આત્માની શાંતિ માટે પરમકૃપાળુ પરમેશ્વરને હૃદયપૂર્વક પ્રાર્થના...

**લિ. આપની યાદમાં**
**માયકલ જે. પરમાર તેમજ સમગ્ર પરિવાર**
*ક્રિશ્ચિયન સ્ટ્રીટ, ગામડી*

## ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. સ્મીથ નિશાર ક્રિશ્ચિયન**

જન્મ: ૦૯-૦૪-૨૦૦૩

અવસાન: ૧૬-૧૧-૨૦૧૬

હરક્ષણ હર પ્રસંગ મનમાં એક ઊંડી
વેદના વહ્યા કરે છે કે 'સ્મીથ' હોત તો!

**ઋણ સ્વીકાર:** *અમારા વ્હાલા દીકરા સ્મિથની માંદગીમાં તથા દફનવિધિમાં જુદાજુદા ચર્ચના ફાધર, સિસ્ટર તથા પાસ્ટર તેમજ સોસાયટીના ભાઈ-બહેનો, સગાંવહાલાં, મિત્રો તેમજ રૂબરૂ તથા ફોન દ્વારા અમને હૂંફ તથા દિલાસો પાઠવ્યો છે. તે માટે અમે ક્રિશ્ચિયન પરિવાર આપ સર્વનો આભાર માનીએ છીએ.*

**લિ. નિશાર ક્રિશ્ચિયન – થેરેસ્યા ક્રિશ્ચિયન**
**તથા પરિવાર - તારાપુર**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. સુનિલભાઈ સોમાભાઈ પટેલિયા**

જન્મ: ૦૯-૦૯-૧૯૭૬

અવસાન: ૧૪-૦૧-૨૦૧૬

સુની થઈ ગઈ મનની દીવાલો, સુના થઈ ગયા ઘરનાં આંગણિયાં,
આંખો હજી નિહાળે છે તને, અંતર હજી પોકારે છે તને
સ્મરણ થાય છે તારું જ્યારે, મન મૂકીને રડાવે છે અમને
કુટુંબમાં આવ્યો છેલ્લો અને ચાલી ગયો સૌથી પહેલો
થાય છે અહેસાસ એવો કે, ઘરમાં હજી ક્યાંક છે તું,
શોધતાં મળે છે જોવાં ભીંતે લટકાવેલ તસ્વીરમાં તું!
તારી અણધારી વિદાયને એક વર્ષ પૂરું થવા આવ્યું છે પણ
મન માનવા તૈયાર નથી. પ્રભુ પ્રેમાળ પિતા તારા દિવ્ય આત્માને
હંમેશાં પોતાની ગોદમાં આશરો આપે એવી અમારી પ્રાર્થના.

**લિ. તારો દૈવિક અને સૂર્યા તથા સમગ્ર દુ:ખી પરિવાર**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. દીપકભાઈ લુકાસભાઈ મેકવાન**

જન્મ: ૦૧-૦૬-૧૯૬૦

અવસાન: ૧૫-૦૧-૨૦૧૬

અતિ પ્રિય દિપક,

તમારી સંગે મારું જીવન, વૃંદાવન બન્યું હતું પણ...
તમારા અચાનક જવાથી મારી જીવનવાડીમાં પાનખર આવી ગઈ.
એવી પાનખર કે હવે કદી વસંતઋતુ નહિ આવે.
આપણું કોમળ ફૂલ (ગ્રેસી) દિવસે દિવસે ખીલી રહ્યું છે, તમારી યાદોના સહારે.
ભાઈ-ભાભી અને બાળકો ભાગી પડ્યાં છે.
તમ વિના તમારો સથવારો અને સાંનિધ્ય અમારામાં જોમ પૂરતું હતું
તમારી ઉદારતાએ લોકોને ઉગાર્યા હતા. તમારા સ્મિત ચહેરાએ
દિલ જીતી લીધાં હતાં. હવે બસ તમારી યાદો જ અમારી મૂડી છે.
પ્રભુએ તમને સ્વર્ગમાં આનંદભેર સત્કાર્યા હશે એમાં શંકા નથી.
તમને શાશ્વત શાંતિ મળે એ જ પ્રાર્થના.

**તમારી...**
**નિલ્પા દીપક મેકવાન તથા વ્હાલી ગ્રેસી**
*૧૦-બી, ૩, અલ્પેશ સોસાયટી, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ*

## ૨૫મી સ્મરણાંજલિ ૮મી સ્મરણાંજલિ



શ્ર
દ્ધાં
જ
લિ



**સ્વ. રેમીંગ યોહાકીમ (બાભઈ દેવજી)**
જન્મ: ૦૩-૦૬-૧૯૧૩
અવસાન: ૦૯-૦૧-૧૯૯૨

**સ્વ. મરિયમબેન રેમીંગ (દાની પ્રેમ)**
જન્મ: ૦૭-૦૧-૧૯૧૫
અવસાન: ૧૭-૦૧-૨૦૦૯

પૂજ્ય બા-બાપુજી,

આપની સાથે વિતાવેલા વર્ષોનો સમય મીઠી યાદ બની અમારી આંખની ભીનાશમાં હંમેશાં રહેશે. આપના દિવ્ય આત્માને પરમકૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના સાથે, તમારો પરિવાર.

| | |
|---|---|
| **સ્વ. થોમાસ ૧૯૮૭** | **સ્વ. મેરી ૧૯૯૨ પરિવાર - ભરૂચ** |
| **સ્વ. પીયુષ ૨૦૧૫** | **માર્ગેટ પરિવાર - આણંદ** |
| **સ્વ. રેગીના ૧૯૭૨** | **સ્વ. માનુએલ ૨૦૧૬ પરિવાર - અમદાવાદ** |
| **જેકબ** | **સ્વ. નિર્મલા ૨૦૧૬ પરિવાર - અમદાવાદ** |
| **સાયમન** | **સુમિત્રા પરિવાર - અમદાવાદ** |
| **એલીશ** | **જેમ્સ પરિવાર - વડોદરા** |

**બ્રધર ડેવીડ (ફ્રાન્સિસ્કન બ્રધર - બોમ્બે)**

## પ્રથમ માસિક પુણ્યતિથિ



**સ્વ. અંતોનભાઈ વિલ્યમભાઈ ખ્રિસ્તી**
(સાબરમતી)

જન્મઃ ૧૭-૧૦-૧૯૬૭

અવસાનઃ ૨૪-૧૧-૨૦૧૬

સ્વપ્નેય ખબર ન હતી કે આટલી નાની વયે અમને રડતાં મૂકી તું ચાલ્યો જઈશ. ફિદેશ તારા ઘરે આવું છું. તારા શબ્દો હવે ક્યારેય સાંભળવા નહીં મળે. અંતિમ ક્ષણે તારી વેદનાદાયક પીડા મારાથી જોવાતી ન હતી. ચાર દિવસની ટૂંકી માંદગી બાદ તું ચિરનિંદ્રામાં પોઢી ગયો અને અમને વિલાપ કરતાં મૂકી ઈશ્વર ધામે ચાલ્યો ગયો. પ્રભુ તારી ભૂલો, ગુના ને ક્ષમા અને તારા આત્માને પરમશાંતિ બક્ષે એજ અમારા અંતરની આરાધના.

**તારી બેન ફિદેશ તથા દુઃખી પરિવાર**

*આ દુઃખદ પ્રસંગે અમને આશ્વાસન આપી અમારા દુઃખમાં સહભાગી બનનાર સર્વનો ખૂબ આભાર.*

## ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. રાયમુન્દભાઈ સ્તેફાનભાઈ પરમાર**

જન્મઃ ૦૧-૦૨-૧૯૫૦

અવસાનઃ ૧૨-૦૧-૨૦૧૪

હરપળ હરક્ષણ યાદ આપની વિસરાતી નથી. આપની તસવીર જોઈ આંખ ભરાઈ આવે છે. મનની વાત અને હૈયાનો ભાર હળવો કરવા મન આપને ઝંખે છે.જીવનના હરેક કાર્યમાં આપની ખોટ સાલે છે. હજી પણ ઝબકીને આંખ ખૂલતાં આપ અમારી સાથે જે છો એવી અનુભૂતિ થાય છે. પુનરુત્થાનની પ્રભાતે જરૂર મળીશું.

પ્રભુ પરમેશ્વર પિતા આપના આત્માને પરમશાંતિ અર્પે એવી અમારી પ્રાર્થના.

**ફિદેશ — નીતિનકુમાર**
**અર્પિતા — જેકીકુમાર**

## ૨૫મી ભાવભરી શ્રદ્ધાંજલિ



**સ્વ. મગનભાઈ (સ્તેફાનભાઈ)**
**દેવજીભાઈ પરમાર**

જન્મઃ ૧૦-૦૬-૧૯૨૪

અવસાનઃ ૨૦-૧૦-૧૯૯૨

બાપુ, આપની વિદાયને ૨૫ વર્ષ પલકારામાં જાણે સરી ગયાં. બાપુ મારા બંને બાળકોને આપના આશીર્વાદની ખૂબ ખોટ સાલી. અંતિમ ક્ષણ સુધી આપ અર્પિતાને જોવા માટે ઝંખતા રહ્યા. બેટી અર્પિતાને લઈ આવો એમ મને કહ્યું પરંતુ ક્યાં ખબર હતી કે એ આપના શબ્દો અંતિમ હશે! બાપુ, આપના દીકરા રમણને પણ ઈશ્વરે આપની પાસે બોલાવી લીધો. પ્રભુ આપના આત્માને પરમશાંતિ બક્ષે એ જ પ્રાર્થના.

**આપનો દુઃખી પરિવાર**
**મણિબેન, ફિદેશ, અર્પિતા, નીતિનકુમાર, જેકીકુમાર**



**શ્ર દ્ધાં જ લિ**



**સ્વ. માર્થાબેન આલ્ફોન્સ પરમાર**
સ્વર્ગવાસઃ ૧૧-૧૧-૨૦૧૬

**સ્વ. આલ્ફોન્સ આર. પરમાર**
સ્વર્ગવાસઃ ૧૧-૦૮-૧૯૯૩

પૂજ્ય વ્હાલી મા તેમજ બાપુજી,

અમારા બાળપણથી જીવનપર્યંત, આપનાં બાળકો માટે સતત સંઘર્ષ કરતાં અમે તમને નિહાળ્યાં છે. અમને સારું શિક્ષણ અને સવલતો પ્રદાન કરવા તમે તમારી જાત ઘસી નાખી. મા, આજે અમે તારાં બાળકો જે પ્રગતિ પામ્યાં છીએ અને જે સિદ્ધા સાધી શક્યાં છીએ તે ફક્ત પ્રભુની કૃપા, તારી અતૂટ મહેનત, અમારા વ્હાલા બાપુજીનો અથાગ પરિશ્રમ, દીર્ઘદૃષ્ટિ, કષ્ટમય સંઘર્ષ, ઉચ્ચ આદર્શો અને આશીર્વાદનું પરિણામ છે.

જીવનમાં ખાલીપો કરી ગયાં તમે,
જીવન જીવવાનું શીખવી ગયાં તમે.
પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપો.

**એજ આપનાં બાળકો**
**વિલ્યમભાઈ, શાંતાબેન, કોકિલાબેન, આનંદીબેન તેમજ સમગ્ર પરિવાર - લાંભવેલ**

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ



**સ્વ. જશવંત અંબાલાલ પરમાર**
(રાજનગર)
જન્મ: ૨૭-૧૧-૧૯૫૭
અવસાન: ૦૯-૦૧-૨૦૧૬

વટવૃક્ષ સમી આપની છાયા હતી.
એવી જ આપની માયા પણ હતી.
તમારી અણધારી વિદાયથી
ઘર બધું વેરાનને સૂનાં થઈ ગયાં.
નથી તમે રહ્યા, નથી તમારા શબ્દો
નથી તમારો અવાજ પણ રહ્યો.
તમારો પ્રેમ એ અમારું પુણ્ય.
અમે શું આપીએ શ્રદ્ધાંજલિ?
પુષ્પો પણ ઓછાં પડે?
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**લિ. પુષ્પાબેન તથા બાળકો તેમજ પરિવાર**
*નિર્મળા કોલોની, નવાયાર્ડ, ડી. કેબીન, વડોદરા*

## ૧૬મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. બાસીલભાઈ એ. પરમાર**
જન્મ: ૧૮-૦૪-૧૯૩૪
અવસાન: ૦૩-૦૧-૨૦૦૧

"જીવનભર પરિશ્રમ કરી, પરિવારને સમૃદ્ધ બનાવી, સૌને સુખ અને શાંતિ આપતા ગયા. આપની ઉદારતા, લાગણીશીલ, મિલનસાર, શાંત અને સાલસ સ્વભાવ, કૌટુંબિક ભાવના, નિખાલસતા, મૂક સ્નેહ, પ્રબળ પુરુષાર્થ, પ્રભુ પરમેશ્વર પ્રત્યેની અપાર શ્રદ્ધા અને સહનશીલતા, શાણપણ જેવા ગુણો સદા અમારા હૈયામાં અખંડ રહેશે. આપે આપેલ પ્રેમ અને સંસ્કારની સુવાસ સદાય કલ્પવૃક્ષ સમી મહેંકશે. આપની છાયા હવે ક્યાંય નહિ મળે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ હૃદયપૂર્વકની પ્રાર્થના.

**લિ.**
**એસ્તેરબેન તથા પરિવાર**
'એસ્તેર' શાસ્ત્રી રોડ, નાનાબજાર, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

## ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. યાકુબભાઈ ગોરધનભાઈ સોલંકી**
જન્મ: ૦૧-૧૨-૧૯૪૫
અવસાન: ૨૦-૦૧-૨૦૧૩

આપની અણધારી વિદાયને જોતજોતામાં ચાર વર્ષ વિતી ગયાં. પણ હજુ અમારું મન માનવા તૈયાર નથી! એવી એક પણ પળ વીતી નથી કે, અમે તમને યાદ ન કર્યા હોય અને આંસુ સાર્યાં ન હોય! હજુ પણ અમારી આંખો સર્વ કામમાં તમને જ શોધી રહી છે.

પરમકૃપાળુ પરમેશ્વર પિતા આપના દિવ્ય આત્માને પરમશાંતિ આપે એજ અમારા સૌની પ્રાર્થના.

**લિ. લલિતાબેન વાય. સોલંકી**
**તથા સમગ્ર પરિવાર**

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. શારદા**
જન્મ: ૦૯-૦૯-૧૯૫૨
અવસાન: ૨૩-૦૧-૨૦૧૫

વ્હાલી મમ્મી શારદા,

ન ભૂલીશું તારો એ સદાય હસતો ચહેરો;
ન ભૂલીશું તારી સૌ પ્રત્યેની આતિથ્ય ભાવના;
ન ભૂલીશું તારો સ્નેહ અને માતૃત્વ;
ન ભૂલીશું તારાં સ્મરણ અને યાદ;
ન ભૂલીશું એ તારો અથાગ પરિશ્રમ;
ન ભૂલીશું તારા વખાણને શબ્દો;
અમ સૌનાં કોટિ કોટિ વંદન.

**એજ લિ. જયંતીલાલ**
**અજય-સ્મિતા, જોનીતા-સચિન, કેશવ-વંદના, પરિવાર**
*૫૦, પ્રભુપાર્ક સોસાયટી, છાણી રોડ, વડોદરા (મો. ૯૫૧૦૩ ૪૭૦૮૦)*

# ધર્મવસુધા

## ઈશજનેતા - યુવાદિનનાં પ્રણેતા

**વેટિકન :** ૨૦૧૭ અને ૨૦૧૮ માં ધર્મપ્રાંતીય સ્તરે યોજાનાર 'યુવાદિન' તેમજ ૨૦૧૯ માં પનામામાં યોજાનાર વિશ્વ યુવાદિન (World Youth Day 2019)ની ઉજવણીમાં માતા મારિયા યુવાનોનાં પ્રણેતા બનશે એમ વડાધર્મગુરુ ફ્રાન્સિસે જાહેર કર્યું હતું. ૨૨ નવેમ્બર ૨૦૧૬ના રોજ 'ધર્મજનો, પરિવાર અને જીવન' અંગે વાર્તાલાપ કરતાં વડાધર્મગુરુએ આ જાહેર કર્યું હતું. 'ઈશજનેતા માતા મારિયા, પ્રભુની ઈચ્છાને આધીન જીવન જીવવા હમેશાં તત્પર હતા એટલે તેમનું આદર્શ જીવન અનુકરણીય છે.' આ રીતે આધ્યાત્મિક યાત્રાને, માતા મારિયાના દૈવી જીવન સાથે ત્રણેય યુવાદિનની ઉજવણી સાથે જોડવાનો તેમનો આશય છે. વળી યુવાવર્ગની આજીવન યાત્રાને ભૂતકાળ (૨૦૧૭), વર્તમાન (૨૦૧૮) અને ભવિષ્યકાળ (૨૦૧૯)ને દેવવિદ્યાનાં ત્રણ મૂલ્યો શ્રદ્ધા, દયા અને આશા સાથે સાંકળવા તેઓ ચાહે છે.

સ્થાનિક કક્ષાએ વિશ્વયુવાદિનની ઉજવણી દર વર્ષે કરવામાં આવે છે અને વિશ્વ યુવાદિનની ઉજવણી બે કે ત્રણ વર્ષમાં એકવાર વડાધર્મગુરુના સાંનિધ્યમાં કરવામાં આવે છે. જુલાઈ - ૨૦૧૬માં ક્રેકોવ (પોલેન્ડ)માં વિશ્વયુવાદિનની ઉજવણી પ્રસંગે વડાધર્મગુરુએ અગામી વિશ્વ યુવાદિન ૨૦૧૯માં પનામામાં યોજાશે તેવી જાહેરાત કરી હતી. રોમધર્મપ્રાંતમાં દરવર્ષે, ધર્મપ્રાંતીય કક્ષાની વડાધર્મગુરુની ઉપસ્થિતિમાં વાર્ષિક ઉજવણી 'તાડપત્રના રવિવાર'ના રોજ થાય છે. સંવાદદાતાના જણાવ્યા અનુસાર વડાધર્મગુરુએ ત્રણેય વર્ષ માટે વિષય પસંદગીની જાહેરાત કરી છે. 'સર્વશક્તિમાન ઈશ્વરે મારે ખાતર મહાન કાર્ય કર્યા છે.'(૨૦૧૭ માટે), 'ગભરાઈશ નહિ, મરિયમ, કારણ ઈશ્વર તારા પર પ્રસન્ન થયા છે.'(૨૦૧૮ માટે), 'હું તો દાસી છું, તારી વાણી મારે વિશે સાચી પડો.'(૨૦૧૯ માટે) આ જ વિષય પર મનન કરતાં વડાધર્મગુરુએ હવે પછીની અખિલ વિશ્વ ધર્માધ્યક્ષ પરિષદ માટેનો વિષય પસંદ કર્યો છેઃ 'યુવા વર્ગ, શ્રદ્ધા અને હાકલની પરખ'

– CETHOLICHERALD.CO.UK

## આશાની આશા

સીરિયાઃ ૪થી સદીમાં થયેલા સેન્ટ માર એલિયનના પાર્થિવ અવશેષોને જ, બરબાદીના વિનાશ તરફ ધપી રહેલા ઈસ્લામિક દેશ અને અપહરણકર્તાઓના હાથમાંથી પોતાના થયેલા ચમત્કારિત બચાવને એક પુરોહિત આશીર્વાદરૂપ માને છે. ''માર એલિયનમાં સૌને આશરો મળી રહે તેવી અમારી આશા છે. જ્યારે મને બંદી બનાવવામાં આવ્યો ત્યારે બધું જ બદલાઈ ગયું હતું. હજુ પણ અમને આશા છે એક દિવસ યુદ્ધનો અંત આવશે અને સૌ સારાં વાનાં થશે.'' એમ, મે-૨૦૧૫માં આઈ.એસ.આઈ દ્વારા અપહૃત અને પાંચેક મહિના બાદ મુક્ત થયેલ ફાધર જેક્યુસ મોરદેએ સાક્ષી આપતાં જણાવ્યું હતું. ફાધર મઠના મઠાધિપતિ હતા જેમાં કેટલાંક ઈસ્લામ દાતાઓના સહયોગથી હજારો શરણાર્થીઓને આશરો આપવામાં આવ્યો હતો.

ફાધર જેક્યુસ, હોમ્સથી દક્ષિણપૂર્વમાં ૬૦ માઈલ દૂર આવેલા કરિયે તાઈન, સેંટ માર એલિયનમાં એકાંતવાસી હતા, જેમનાં પાવન અસ્થિ આદરભાવથી મઠમાં સુરક્ષિત રાખવામાં આવ્યાં છે. ઓગસ્ટ, ૨૦૧૫માં ઈસ્લામિક સૈન્યે તેના પર કબજો જમાવ્યો હતો અને નાશ કરવાની કોશિશ કરી હતી, કેટલાક અહીંથી બચવા પામ્યા હતા. ''મઠ પર હકૂમત જમાવ્યા બાદ પાવન અવશેષ નાશ પામશે એવી અમને દહેશત હતી, પરંતુ પાવન અસ્થિ સલામત છે, જેણે આશા જન્માવી છે.'' એમ ફાધર જેક્યુલસે જણાવ્યું હતું. એપ્રિલ-૨૦૧૬માં નગર પર રશિયન સૈન્યે વિજય ધ્વજ ફરકાવતાં ઈસ્લામિક સૈન્યએ પીછે હઠ કરી છે, જેમણે નગરમાંથી ખ્રિસ્તીઓને હાંકી કાઢવા ફાધરનું અપહરણ કર્યું હતું પણ હવે સીરિયન ખ્રિસ્તીઓમાં આશાની આશા જન્મી છે.

– CNA

### શ્રદ્ધાંજલિ

ઈસુસંઘના ભૂતપૂર્વ જનરલ ફાધર પીટર હાન્સ કોલ્વાનબાક એસ.જે. એ ૨૬મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ છેલ્લા શ્વાસ લીધા. ઈ.સ. ૧૯૮૩ થી ૨૦૦૮ સુધી ઈસુસંઘના ૨૯માં સુપીરિયર જનરલ તરીકે તેમણે કાર્યભાર સંભાળ્યો હતો. ૩૦ નવેમ્બર, ૧૯૨૮માં જન્મેલા ફાધર હાન્સે ૭ સપ્ટેમ્બર, ૧૯૪૮માં ઈસુસંઘમાં પ્રવેશ કર્યો હતો. ૧૫ ઓગસ્ટ ૧૯૬૯માં આજીવન વ્રત ધારણ કરનાર ઈસુસંઘી ૧૩ સપ્ટેમ્બર, ૧૯૮૩માં પ્રથમ મતદાનમાં જ ઈસુસંઘના સુપીરિયર જનરલ તરીકે પસંદગી પામ્યા હતા.

ફાધર હાન્સે ઈસુસંઘ જીવનનો સિંહભાગ લેબેનોનમાં ભાષાવિજ્ઞાનના અધ્યાપનમાં ગાળ્યો હતો. સુપીરિયર જનરલ તરીકે દુનિયામાં લગભગ પ્રત્યેક પ્રાંતની તથા પ્રત્યેક ઈસુસંઘીની મુલાકાત કરી હતી. ઈસુસંઘના આંતરિક માળખામાં તેમજ વિશ્વધર્મસભામાં અનેક પડકારોનો સામનો તેમણે કર્યો હતો. 'અત્યાધુનિક વિશ્વમાં ઈસુસંઘનું વિશ્વ કાર્ય અને કેનનલોમાં સુધારણાની અસર' વિષયાંગે ૧૯૯૫માં ૩૪મી જનરલ એસેમ્બલીનું સંચાલન તેમણે કર્યું હતું. ૨૦૦૮માં સ્વૈચ્છિક નિવૃત્તિની આગામી જાણ તેમણે ફેબ્રુઆરી-૨૦૦૬માં કરી હતી. ૩૫મી જનરલ એસેમ્બીલીમાં નવા સુપીરિયર જનરલની વરણી થતાં તેઓ બેરુત પાછા ફર્યા એને મૃત્યુપર્યંત ગ્રંથપાલ તરીકે સેવા આપી.

'ફાધર કોલ્વાનબેક તમામ માટે એક ધર્મબંધુ અને પુરોહિત હતા. સાચે જ તેઓ ઈશ્વરના માણસ હતા.' - ફાધર જનરલ આરતુરો સોસા.

'તેઓ અદ્દભુત માનવ હતા. એક મહાન ઈસુસંઘી હતા. જમાનાના સંત છે' એવી વાયકા પણ સાંભળવા મળી હતી.

- ફાધર સેડ્રિક પ્રકાશ એસ.જે.

# ધર્મભારતી

## 'અપની અભિપ્સા'નું વિમોચન

**ગંતુર :** અંગ્રેજી ભાષામાં નોંધપાત્ર કાવ્યલેખન દ્વારા ખ્યાતિપ્રાપ્ત ડો. કે.વી. દોમિનિકના ગુજરાતીમાં ભાષાંતરિત કાવ્યસંગ્રહ 'અપની અભિપ્સા'નું વિમોચન ૧૧ નવેમ્બરના રોજ જે.કે.સી. કોલેજ દ્વારા આયોજીત રાષ્ટ્રીય કક્ષાના એક સેમિનારમાં કરવામાં આવ્યું. પર્યાવરણ, સામાજિક ન્યાય, માનવ મૂલ્યો, અહિંસા, પ્રેમ અને કુદરત વિષયક કવિતાનું ગુજરાતીમાં ભાષાંતર ફાધર વર્ગીસ પોલ એસ.જે. અને કવિ યોસેફ મેકવાને કર્યું છે. રન્નાડે પ્રકાશન, અમદાવાદ દ્વારા તેનું પ્રકાશન થયું છે.

— સૌજન્યઃ TAM Nov.Dec 2016

## જયલલિતાનો શોક

**ચેન્નાઈ(તમિલનાડુ):** મહિનાઓ સુધી હોસ્પિટલમાં રહ્યા બાદ પણ ૫ ડિસેમ્બર,૨૦૧૬ના રોજ જેમનો સ્વર્ગવાસ થયો છે એવાં તમિલનાડુનાં ૬૮ વર્ષીય મુખ્યમંત્રી સુજ્ઞશ્રી જયારામ જયલલિતાના શોકમાં સમગ્ર રાજ્ય ગરકાવ થયું છે. દક્ષિણ ભારતના આ રાજ્યમાં ખ્રિસ્તીઓની વસ્તી મહત્તમ છે. શાસકપક્ષ અન્ના દ્રવિડિયન મુન્નેટ્રકળગમ્(ADMK) એ રાજ્યમાં સાત દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો અને ત્રણ દિવસ શાળા, મહાશાળાઓ અને બજાર બંધ રાખવા આદેશ આપ્યો હતો. તમિલનાડુ બિશપ કાઉન્સિલના પ્રસિડેન્ટ આર્ચબિશપ એન્થોનીસામીએ આ દુઃખદ કાળમાં હિંસાથી દૂર રહી શાંતિ જાળવવા અપીલ કરી હતી. ધર્મસ્વાતંત્ર્ય બિલથી જનાક્રોશ(૨૦૦૩) ભભૂકી ઉઠ્યો ત્યારે ૨૦૦૫માં સામાન્ય ચૂંટણી પહેલાં તેને રદ કર્યો હતો અને પહેલાંની જેમ ઈસ્લામ અને ઈસાઈ પ્રજાની ચાહના મેળવવા પ્રયાસ કર્યો હતો. ઘણીવાર ધર્માધિકારીઓ ધર્મજનો સાથે ખ્રિસ્તજયંતી જાહેરમાં ઉજવનાર મુખ્યમંત્રીએ પુણ્યભૂમિની યાત્રાને સરકારનો સહયોગ આપ્યો હતો. "જયલલિતા એક અસાધારણ રાજકારણી હતાં. સૌંદર્ય, બુદ્ધિ, કૌશલ્ય તથા ઘણી ભાષાઓનાં સ્વાભાવિક વાતચીત કરી શકે એવી કૃપા તેમને મળી હતી." એમ એશિયન સામયિક 'જીવન'ના તંત્રી ફાધર એન્થોનીએ સંવાદદાતાઓને જણાવ્યું હતું, "તેઓ એક કુશળ વહીવટકર્તા હતા. સમગ્ર રાજ્ય અને પક્ષ પર તેમનું પ્રભુત્વ હતું.જરૂરિયાતમંદને સહાયભૂત બનવા કેટલીયે જન કલ્યાણની યોજનાઓને કારણે તેઓ લોકપ્રિય બન્યાં હતાં." એમ તેમણે ઉમેર્યું હતું.

– UCAN NEWS

## નોટબંધી-દાનમાં ઘટાડો

**એર્નાકૂલમ(કેરલ) :** ૮નવેમ્બર, ૨૦૧૬ના રોજ જાહેર નોટબંધીને કારણે દક્ષિણ ભારતના કેટલાંક નગરોમાં-દેવળમાં એકાએક દાનમાં ઘટાડો નોંધાયો છે. સરકારની ઓચિંતી જાહેરાતના પગલે દક્ષિણ કેરલના એર્નાકૂલમ તથા કોટ્ટાયમ્ જિલ્લાઓના દેવળમાં દાનમાં ૪૦ % ઘટાડો જોવા મળ્યો છે. કેરળના કોર્મશિયલ નગર કોચીમાં રવિવારનું ધર્માદા ૩૦૦૦/- જેટલું નીચું ગયું છે. નાની નોટની અછતને કારણે દાનમાં ઘટાડો નોંધાયો છે. એમ ચંગનાચેરી આર્ચડાયોસીસના પ્રવક્તાએ જણાવ્યું હતું. "સામાન્યપણે રવિવારનું દાન ૭૦,૦૦૦/- ની આસપાસ હતું તે હવે માંડ ૪૮,૦૦૦/- જેટલું મળે છે, એમ તેમણે ઉમેર્યું હતું. મધ્યભારતના ભોપાલમાં પણ રવિવારનું દાન, ત્રીજા ભાગનું મળે છે." એમ ફાધર થોમસે જણાવ્યું હતું.

જો કે કેટલાંક વિસ્તારમાં નોટબંધીની અસર જોવા મળી નથી. દેશની રાજધાની દિલ્હી આર્ચડાયોસીસમાં કોઈ ઘટાડો નોંધાયો નથી. અત્યાર સુધી કોઈપણ ધર્મવિભાગે નોંધપાત્ર તફાવત થયાની જાણ કરી નથી. એમ પ્રવક્તા, ફાધર શવરી મૃત્યુએ જણાવ્યું હતું. સાગર(મધ્યપ્રદેશ) ધર્મપ્રાંત મોટાભાગે ગ્રામીણ વિસ્તાર હોવાથી નોટબંધીને કારણે રવિવારના દાનધર્માદા પર કોઈ અસર થઈ નથી એમ બિશપ એન્થોનીએ જણાવ્યું હતું. નોટબંધી પછી મિશન રવિવારના દાનમાં ધર્મજનોએ મોટી નોટ જમા કરી હતી. જે નોટબંધીની હકારાત્મક અસર હતી, પરંતુ સામાન્ય પ્રજા હાડમારી ભોગવે છે, એમ ઝાબ્બુઆના ફાધર રોકી શાહે પ્રતિભાવ આપ્યો હતો. 'આમારા લોકો ગરીબ છે, સામાન્ય કરતાં પણ ઓછું દાન મળે છે. તેઓ ભાગ્યે જ મોટી નોટ લાવે છે.'એવી વાત જમ્મુ-કાશ્મીરના ડાયોસીસન સોશ્યિલ સર્વિસના ડાયરેક્ટર ફાધર શાઈઝૂ ચાક્કોએ જણાવી હતી. - UCAN

## જમીન હડપવા સુધારો

**રાંચી(ઝારખંડ) :** સરકારે જમીન સંપાદન કાયદામાં સુધારો કરીને, તેની સાથે ઉભા થયેલા વિરોધવંટોળની અવગણના કરીને ઉધોગ તથા ખનિજ ઉત્પાદન માટે બિનઆદિવાસીઓને જમીન પધરાવી દેવાના પેંતરાથી ધર્મજનોએ ભારે શોક અનુભવ્યો છે. ઉત્તરપૂર્વના આ રાજ્યમાં ભારતીય જનતા પક્ષની સરકાર છે. વ્યક્તિગત કે રાજ્યસરકાર દ્વારા આદિવાસીઓની જમીનની ખરીદ-વેચાણ પર મના કરતા કાયદામાં ૨૩ નવેમ્બર, ૨૦૧૬ના રોજ બહુમતીથી સુધારો કરવામાં આવ્યો છે. રાજ્યમાં ૨૬% વસ્તી મૂળ આદિજાતિની છે.

"આ સુધારો આદિવાસી પ્રજાજનો માટે નુકસાનકારક છે, તેમનું અસ્તિત્વ-અસ્મિતા જોખમમાં મૂકાશે." એવો પ્રતિભાવ ઓક્ષિલરી બિશપ ટેલેસ્પો બિલંગ(રાંચી ધર્મપ્રાંત)એ આપ્યો હતો. બિલના વિરોધી માને છે કે જમીન સંપાદન કાયદાના સુધારાથી નગરનિગમની વૃદ્ધિ થશે પરંતુ આદિવાસીઓની વિશાળ જમીન પર બિનઆદિવાસીઓના હડપથી મોટા પાયે આદિવાસીઓનું સ્થાળાંતર થશે જે તેમનો પરંપરા-અસ્મિતાનો મૃત્યુઘંટ સમાન હશે. આદિવાસી પ્રજા છૂટાં છવાયાં ગામડામાં વસવાટ કરે છે. ખેતી એને જંગલની ઉપજ પર તેઓનો જીવન નિર્વાહ ચાલે છે, કાયદાને કારણે તેમનું જીવન દુષ્કર બની જશે. સ્થાનિક ધર્મસભા આ બિલનો જાહેર વિરોધ કરે છે. ભૂતકાળમાં અન્ય ખ્રિસ્તીઓ સાથે આદિવાસીઓના હક્ક અંગે કરેલી લડતમાં સરકારે તેમના પર ધર્મપરિવર્તનનો આરોપ મૂક્યો હતો. તેમ છતાંયે પાણીના મૂલે વેચાતી જમીન માટે વિરોધ કરતા જ રહેશે. વિશેષમાં ઝારખંડ મુક્તિ મોરચાએ રાજ્યપાલ મહામાત્ય દ્રુપદી મુરમુરુને આવેદનપત્ર આપી તેને ખરડો બનતા અટકાવવાં વિનંતિ કરી છે.

– UCAN

# ધર્મગુર્જરી

## 'લોકભારતી' ની મુલાકાત

**અમદાવાદઃ** ગુજરાતી જુનિયરેટના ઈસુસંઘી ઉમેદવારોની, મહાત્મા ગાંધીના અંતેવાસી નાનાભાઈ ભટ્ટ દ્વારા શરૂ કરેલી 'લોકભારતી'(સણોસરા-ભાવનગર)ની નુલાકાત જીવન પ્રેરક રહી છે. ગુરુજનો અને વિધાર્થીઓનું સરળ સાદગી પૂર્ણ ગાંધીવાદી જીવન બહારથી આવનાર કોઈને પણ સ્પર્શી જાય તેવું હતું. ફાધર લેન્સી ડી'ક્રુઝ અને લોકભારતીના ભૂતપૂર્વ વિધાર્થી ડો. રમેશ દવેના સંગાથમાં આ મુલાકાત યાદગાર બની ગઈ.

વર્ષ દરમિયાનના અનુભવને શબ્દબદ્ધ કરવા 'શ્રદ્ધા'(નિવાસસ્થાન) તરફથી ભૂતપૂર્વ જુનિયર માસ્ટર ફાધર ઈસુદાસ ક્વેલીના આશીર્વાદથી 'પહેલ'ના બે અંક પ્રસિદ્ધ થયા છે. ફાધર ડો. વિનાયક જાદવ અને વિદ્વાન ગુરુજનોની નિશ્રામાં આ બન્યું છે.

*– બ્રધર ફેલિક્ષ રાજ દ્વારા*

## બાળસંમેલન

**ઉમરેઠ :** ફાતિમા મા મારિયા દેવાલય ખાતે, અમદાવાદ ધર્મપ્રાંતના વેદીસેવકો માટે ૫,૬ નવેમ્બર,૨૦૧૬ના રોજ યુથ કમિશન દ્વારા બાળ સંમેલન યોજાયું. 'દયાવર્ષ' અંગે પ્રેરણાદાયી જાણકારીઅનુભવ પ્રથમ બેઠકમાં ફાધર ચાલ્સે, બાળકો આગળ રજૂ કરી, બાળકોનો ઉત્સાહ વધાર્યો. આ પ્રસંગે ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ આદરણીય થોમસ મેકવાને ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. વેદીસેવક તરીકે જ્ઞાનમાં અને પવિત્રતામાં વૃધ્ધિ કરતાં, સંન્યસ્ત જીવન માટે તેમણે બાળકોને હાકલ કરી હતી. બાઈબલનું મહત્ત્વ, મુક્તિકાર્યમાં તેની ઉપયોગિતા વિશે ફાધર જેરાલ્ડ રમેશે બપોરપછીની બેઠકમાં બાળકોને હાકલ કરી હતી. વીડિયો ક્લીપસ દ્વારા ફાધર નિલેશ પરમારે સંન્યસ્ત જીવનની આવશ્યક્તા પર ભાર મૂક્યો હતો. વાળુ પછી સૌ આનંદે ગરબે ઘૂમ્યા હતાં. બીજા દિવસે સવારે સિ. વર્ષા જોન એલ.ડી એ પ્રાર્થના અને તેનું મહત્ત્વ તેમજ પ્રાર્થના કરવાની કેટલીક પદ્ધતિઓ અને યોગ વિશે પણ તેમણે માહિતી પીરસી હતી. માબાપ-બાળકોના સંબંધ વિશે ફાધર કે. ટોનીએ તેમજ સંતોના જીવન વિશે ફાધર દિનેશ વસાવાએ રજૂઆત કરી હતી. નડિયાદ ડીનરીના ડીન અને વડતાલ ધર્મવિભાગના સભાપુરોહિત ફાધર માર્ટિન એસ.એફ.એક્ષની અધ્યક્ષતામાં ખ્રિસ્તયજ્ઞની ઉજવણી દ્વારા શિબિરનું સમાપન થયું હતું. સચ્ચિદાનંદ આશ્રમ-ઠાસરાના સભાપુરોહિત ફાધર રાજકુમારે ખ્રિસ્તયજ્ઞ દરમિયાન શ્રદ્ધામાં ઉતરોત્તર પ્રગતિ કરી, ધર્મસભાને વફાદાર બનવા સંદેશ આપ્યો હતો. બાળસંમેલનનું આયેજન અમદાવાદ ધર્મપ્રાંતના યુથ ડાયરેક્ટર ફાધર સંદીપ મધુકરના માર્ગદર્શનમાં થયું હતું જેમાં ૨૭૫ બાળકોએ ભાગ લીધો હતો. યુવા કાર્યકરો અને સ્વયંસેવકોના ઉમદા સહકારથી સંમેલન સફળ રહ્યું હતું.

*– સૌજન્યઃ TAM Nov.Dec 2016 દ્વારા*

## શ્રદ્ધા ઘડતર

**ગોધરા :** ૧૦નવેમ્બર,૨૦૧૬ના રોજ સોસાયટી ઓફ ધ ડિવાઈન વર્ડ(SVD) પુરોહિતગણ દ્વારા પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લાના ધર્મશિક્ષણના વર્ગમાં શ્રદ્ધા ઘડતરની તાલીમ મેળવતાં બાળકો સેંટ મેરીસ ખાતે સ્નેહ સંમેલન યોજાયું હતું. સેંટ મેરીસ ગોધરા ધર્મવિભાગના સભાપુરોહિત ફાધર સ્લીવ્યીઆહે સૌનો આવકાર કર્યો હતો. ચા-નાસ્તો તથા ટૂંકી પ્રાર્થના બાદ સૌ સ્કૂલના હોલમાં અન્ય પ્રવૃત્તિ માટે ગયાં, જ્યાં ફાધર જેકબ એસ.વી.ડી. એ મનનીય પ્રવચન આપ્યું હતું. બાળકો ધર્મસભાનું ભાવિ છે એટલે વધારે સતર્કતાથી ધર્મશ્રદ્ધાનો પાયો મજબૂત કરવો જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું. બાળકોએ પણ પોતાના પરિવારમાં થયેલા શ્રદ્ધાના અનુભવને એકબીજા આગળ રજૂ કર્યા હતા. અભિનય ગીત, જૂથ ચર્ચા, ક્વિઝ જેવી પ્રવૃત્તિઓ ઉપરાંત વીડિયો ક્લીપ, ડાન્સ વગેરેના નિર્દેશન દ્વારા બાળકો પ્રવૃત્તિમય રહ્યા હતા. વિશેષમાં નજીકમાં ગરમ પાણીનાં કૂંડ-ટુવાની પણ મુલાકાત લીધી હતી. બાળકોના રચનાત્મક અભિગમને જોતાં સંચાલકોએ દરવર્ષે આ પ્રકારનું આયોજન કરવા પ્રેરણા મેળવી. સોસાયટી ઓફ ડિવાઈન વર્ડ સંઘ સંચાલિત ધર્મવિભાગના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમનાં બાળકોને એક સાથે લાવવાનો આ પ્રયાસ સફળ રહ્યો હતો. સંમેલનને સફળ બનાવવા માટે ડિસ્ટ્રિક્ટ સુપીરિયર ફાધર જસ્ટિન એસ.વી.ડી. એ સભાપુરોહિત, પુરોહિતગણ, સાધ્વીબહેનો, ધર્મપ્રચારકો, માબાપ અને સ્વયંસેવકોનો આભાર માન્યો હતો.

*– ફાધર જોન એસ.વી.ડી. દ્વારા*

## બળ સંસ્કાર અંગીકાર

**ડેડિયાપાડા :** 'પવિત્ર આત્મા તમારા પર ઉતરશે, ત્યારે તમને શક્તિ પ્રાપ્ત થશે.'(પ્રેષિતોનાં ચરિતો ૧:૮) ૧૩ નવેમ્બર,૨૦૧૬ના રોજ પૂર્વે મહાધર્માધ્યક્ષ માનનીય સ્તાનિસલાઉસ ફર્નાન્ડીઝ એસ.જે. એ ધર્મવિભાગના ૯૬ સભ્યોને બળસંસ્કાર પ્રદાન કર્યો. બળસંસ્કાર અંગીકાર કરનાર તરુણો માટે ૧૦થી ૧૨ નવેમ્બર, ધર્મશિક્ષણના વિશેષવર્ગ રાખવામાં આવ્યા હતા. પુરોહિતગણ, સાધ્વીબહેનો તેમજ ધર્મજનોએ વર્ગનું સંચાલન કર્યું હતું. શિબિર દરમિયાન તેમને પ્રાર્થના, સામૂહિક પ્રાર્થનાની સંગત, ખ્રિસ્તયજ્ઞ તેમજ ધર્મસભાની પરંપરાઓ અંગે જાણકારી આપવામાં આવી. બળસંસ્કાર અંગીકારની આધ્યાત્મિક તૈયારીરૂપ આગળના દિવસે સૌએ પ્રાયશ્ચિત સંસ્કાર ગ્રહણ કર્યો હતો. ધર્મજનોએ આ પ્રસંગે ધર્મવિભાગની ઉજવણી તરીકે સક્રિયતાથી ભાગ લીધો. મહિલામંડળની બહેનોએ, પટાંગણના પ્રવેશદ્વારથી દેવાલય સુધી પ્રવેશનૃત્ય અને અન્ય ધર્મજનોએ રસ્તાની બન્ને બાજુ ઉભા રહી પૂર્વ મહાધર્માધ્યક્ષનું અભિવાદન કર્યું હતું. ક્વાયર ગ્રૃપની ભજનસેવા અને ઉપાસના વિધિઓમાં ધર્મજનોની ભાગીદારી પ્રશંસનીય હતી. ખ્રિસ્તયજ્ઞ બાદ સત્કાર સમારંભ, ફોટો ફંકશન તથા સ્મૃતિચિહ્નનું વિતરણ વગેરેએ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

*– બ્રધર અનિસ દેવાસિયા દ્વારા*

## દ્વિતીય પર્વની ઊજવણી

**વડોદરાઃ** બાળઈસુધર્મવિભાગગોરવામાં ૧૩ નવેમ્બર, ૨૦૧૬ના રોજ 'પ્રાગના

બાળ ઈસુ'નો દ્વિતીય મેળો ભારે ઊત્સાહ અને ભક્તિભાવથી સંપન્ન થયો.મેળાની પૂર્વતૈયારીરૂપ ૧૦ થી ૧૨ નવેમ્બર ત્રિસંધ્યા ભક્તિમાં ખ્રિસ્તયજ્ઞ,આરાધના અને ધર્મોપદેશ રાખવામાં આવ્યાં હતાં. જેમાં અનુક્રમે ફાધર મિકી એસ.જે.(લોયલા હોલ,અમદાવાદ), ફાધર એડવીન આનંદ(મરિયમપુરા) તથા ફાધર વિક્રમ મહીડા(જિટોડિયા-ચાવડાપુરા) ઊપસ્થિત રહ્યા હતા. પર્વની ઉજવણી વડોદરા ધર્મપ્રાંતના વિકર જનરલ ફાધર જોયલ પાયસની અધ્યક્ષતામાં ખ્રિસ્તયજ્ઞની ઉજવણી દ્વારા કરવામાં આવી. તેમણે ગુજરાતી ભાષીને પાછળ પાડી દે એવી જોશીલી ગુજરાતી જબાનમાં સંદેશ આપ્યોહતો. પરમયજ્ઞ બાદ સોએ સાથે ભોજન કર્યું અને પર્વની ઉજવણીનું સમાપન કર્યું. કાર્મેલાઈટ સંઘ સંચાલિત આ ધર્મવિભાગ ફાધર સુનિલ અને ફાધર કૌશિકના માર્ગદર્શનમાં પાંગરી રહ્યો છે. દર મહિનાના પ્રથમ શનિવારે પ્રાગના બાળ ઈસુની વિશેષ ભક્તિ અને ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવામાં આવે છે. — *'રાજબંધુ' જયંત એમ પરમાર દ્વારા*

## સંત ફ્રાન્સિસનું પર્વ

**વડોદરા :** ૩જી ડિસેમ્બર ૨૦૧૬ના રોજ ઝેવિયરનગરમાં સોસાયટીના સક્ષક સંતનું પર્વ શાનદાર રીતે ઉજવ્યું. સંત જોસેફ ધર્મવિભાગના નવા વરાયેલા સભાપુરોહિત રેવ. ફાધર આલ્બર્ટ દેલગાડો એસ.જે., નું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું. સંતનાં સાહસ, સાદગી, અડગશ્રદ્ધા જેવા સદગુણોનું અનુકરણ કરવા તેમણે સંદેશ આપ્યો. આ પ્રસંગે સંન્યસ્ત જીવનના સુવર્ણજયંતી વિજેતા સિ. વંદના અને ફાધર ફિદેલિસ એસ.જે. નું શાલ ઓઢાડી બહુમાન કરવામાં આવ્યું હતું.

— *રવિ મેકવાન દ્વારા*

## પત્રકારત્વ તાલીમ

**ભરૂચ :** 'રિશ્તા' દ્વારા હસમુખ ક્રિશ્ચિયન અને રતિલાલ જાદવ દ્વારા તા. ૧૭,૧૮ નવેમ્બર ૨૦૧૬ના રોજ પત્રકારત્વ તાલીમનું સંચાલન કરવામાં આવ્યું હતું. આ તાલીમની શરૂઆતમાં કંકુબેન દ્વારા તાલીમકારોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. વીડિયો ક્લીપ્સ, ઉદાહરણો, વાર્તાઓ, વિષયને અનુરૂપ રમુજી વાતો, જૂથ ચર્ચા તથા અન્ય પ્રવૃતિઓ દ્વારા સમગ્ર તાલીમને ખૂબ જ રસપ્રદ અને જ્ઞાનવર્ધક બનાવવામાં આવી હતી. આ તાલીમમાં સમાચારપત્રો, પ્રિન્ટ મીડિયા, ઈ-મીડિયા, સમાચારો અને તેનું વિશ્લેશણ, મીડિયાની અસરો, પત્રકારની ભૂમિકા અને મૂલ્યો, સામાજિકપત્રકારત્વ,પત્રકારોસામેનાંજોખમો અને સતાઓ કે તાકાત, કપુનિકેશનની કળા, અને તેનાં તત્વો, લેખનકળા, લેખ માટેનું માળખું અને તેની પૂર્વતૈયારી વગેરે બાબતોને ખૂબ જ સરળતાપૂર્વક સમજાવવામાં આવ્યાં હતા. ઉપરાંત કેટલાંક વિષયો જેવા કે કાળુ નાણું, હાલની સરકાર, આપણી શિક્ષણપ્રથા વગેરે પર લેખ લખવાનો મહાવરો કરાવવામાં આવ્યા. માહિતીસભર લેખ લખવા માટે વાંચનની જરૂરિયાત, કેવા પ્રકારનું વાંચન કરવું તેની સમજ પણ આપવામાં આવી હતી. સાંજે મોટીવેશન અને માનવીય મૂલ્યો દર્શાવતી ફિલ્મ બતાવવામાં આવી અને વિશ્લેષણ કરવામાં આવ્યું.

બન્ને મહાનુભાવોએ તેમનાં જ્ઞાન અને તાલીમકળાનો સૌને અનુભવ કરાવ્યો હતો. વિધાદીપની ૨૮૦ વિધાર્થિનીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ બંને તાલીમકારોનો આભાર માનતાં ફરીવાર આવી તાલીમ માટેનું આમંત્રણ આપ્યું હતું.

— *વિધાદીપ કમ્યુનીટી કોલેજ દ્વારા*

## ષષ્ઠિપૂર્તિ સમારોહ

**નડીઆદ :** ખેડા જિલ્લાની ખ્યાતનામ સંત આન્ના હાઈસ્કૂલમાં ૨૬ નવેમ્બર ના રોજ ષષ્ઠિપૂર્તિ સમારોહ-વાર્ષિક મહોત્સવની ઉજવણી શિસ્ત-સ્વસ્થતા-નિયમિતતાના વિષય વસ્તુને અભિવ્યક્ત કરતાં સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા, શાળાના આચાર્યા સિ. નયનાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી. સિસ્ટર્સ ઓફ ચેરિટી ઓફ સેન્ટ આન્નાના ઝારોગોઝા (સ્પેન)માં આરંભથી નડીઆદમાં પધરામણી અને આજદિન સુધીની વિકાસગાથા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પ્રથમ વખત પ્રદર્શિત કરવામાં આવી હતી જે ઘણી જ પ્રભાવક હતી. વિશેષમાં શાળાના બાલમંદિરથી બારમા ધોરણ સુધીના ગુરુજનો, બિનશૈક્ષણિક કર્મચારીઓને વાર્ષિક મૂલ્યાંકનને આધારે 'શ્રેષ્ઠતા પુરસ્કાર' એનાયત કરવામાં આવ્યા હતા. એ જ રીતે શાળાના તમામ વર્ગોના સો ટકા હાજરી આપનાર વિધાર્થીઓનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. શિસ્ત સ્વચ્છતા અને નિયમિતતાના આદર્શ સમાન 'હેડગર્લ' ને 'સંભારણું સ્વચ્છતા' નામે પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો હતો. માર્ચ ૨૦૧૬ માં જાહેર પરીક્ષામાં ઊત્તમ દેખાવ કરનાર વિધાર્થીઓને ટ્રોફી અને શાળાકીય પરીક્ષામાં શ્રેષ્ઠ વિધાર્થીઓને પ્રમાણપત્ર પ્રદાન કરવામાં આવ્યાં હતાં. શાળાના મેનેજર રેવ. સિસ્ટર મારિયાએ સમારોહની સફળતા માટે સૌનો આભાર માન્યો હતો.

— *ફ્રાન્સિસ ડાયર્સા દ્વારા*

## 'મેજિસ' ના રંગમાં યુવા

**માંકરોડા-ભિલોડા (અરવલ્લી) :** ૧૧ થી૧૫ નવેમ્બર,૨૦૧૬ સુધી કેથોલિક આશ્રમ ખાતે, ગાંધીનગર મહાધર્મપ્રાંતના યુવાનો માટે મેજિસ પ્રોગ્રામનું આયોજન ગુજરાત જેસુઈટ યુથ મિનિસ્ટ્રી(GJYM) દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ડીસા, રાધનપુર, પાલનપુર, કલોલ, વિજયનગર, મેઘરજ, ખિલોડા, નાના કંથારિયા અને ભિલોડા ધર્મવિભાગના યુવાન-યુવતીઓએ ભાગ લીધો હતો. દેવવિધાના વિદ્વાન ફાધર જેમ્સ બી. ડાભીએ 'આપો, ગણતરી કરશો નહિ' વિષય પર મનનીય પ્રવચન આપ્યું હતું.

ફાધર સુધીર ચેત્તિયારે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોને પરિચય કરાવ્યો હતો. યુવાવર્ગને પાંચ જૂથમાં વહેંચી, ધાર્મિક યાત્રા, પર્યાવરણ, બીમારીની કે ગ્રામસમાજની મુલાકાત જેવા મેજસિ અનુભવ માટે રાજેન્દ્રનગર, મોડાસા, માર, વિજયનગર અને હિંમતનગર મોકલવામાં આવ્યા હતા. બે દિવસના અનુભવ બાદ પરત આવી સૌ પ્રથમ તેમણે પોતાના મેજિસ જૂથમાં અને ત્યારબાદ જાહેરમાં પોતાના શ્રદ્ધાસભર અનુભવનું વર્ણન કર્યું હતું. સમાપન ખ્રિસ્તયજ્ઞમાં ફાધર શેખર માલિક્યે મેજિસ મારફતે કેવી રીતે સવાજ અને ધર્મસભામાં પરિવર્તન લાવી શકાય તેનો રાહ દર્શાવ્યો હતો. યુવાવર્ગ આ સંદેશ જીવનપાર્થેય તરીકે પોતાના ધર્મવિભાગમાં પહોંચાડી સર્વકાંઈ મંત્રલ કરવા પ્રયાસ કરશે. સ્થાનિક

ઈસુસંઘી પુરોહિતગણ અને સાધ્વી બહેનોના અદ્વિતીય સહકારથી કાર્યક્રમ સંભારણું બની ગયો. *— સૌજન્ય : GJS*

## કોન્વેન્ટનો આશીર્વાદ

**અમદાવાદઃ** ઈ.સ. ૧૯૯૧માં અમદાવાદ ધર્મપ્રાંતના આદરણીય ધર્માધ્યક્ષશ્રી સ્ટેની ફર્નાનડીઝે(હાલમાં પૂર્વ ધર્મામહોદય, ગાંધીનગર મહાધર્મપ્રાંત અને એપોસ્તોલિક એડમિનિસ્ટ્રેટર-વડોદરા ધર્મપ્રાંત), 'પ્રેષિતોનાં રાણી' સાધ્વી સંઘ (The Queen of Apostles) ને આમંત્રણ પાઠવ્યું ત્યારથી પાસ્ટરલ સેન્ટર હાંસોલમાં હંગામી નિવાસસ્થાન બનાવી, ધર્મવિભાગ, શાળા અને પાસ્ટરલ સેન્ટરમાં અનેકવિધ સેવાનો તેમણે આરંભ કર્યો. ૨૦૧૩ માં મહાધર્માધ્યક્ષશ્રી થોમસ મેકવાનને થોડીક જમીન સંઘને, નિવાસસ્થાન માટે માટે ફાળવી અને અને હાલમાં જ ૨૭ નવેમ્બર, ૨૦૧૬ના રોજ સંઘના સુપીરિયર જનરલ સિ.નંદિતા પરેરાએ રીબિન કાપી ઊદ્‌ઘાટન કર્યું અને મહાધર્માધ્યક્ષશ્રી એ આશીર્વાદ આપ્યો. આ પ્રસંગે પુરોહિતગણ, સાધ્વીબહેનો તેમજ ધર્મસેવા સમિતિના સભ્યગણ તથા શુભચિંતકોએ હાજરી આપી હતી. સહઆસ્તિત્વ માટે પ્રેમરસ જ કાફી છે, એમ મહાધર્માધ્યક્ષશ્રીએ ખ્રિસ્તયજ્ઞ દરમિયાન સંદેશ આપ્યો હતો.

*— સિ. સ્નેહા મેકવાન દ્વારા*

## યુથ ધમાકા

**ખંભોળજ :** અનાથોની માતા ધર્મવિભાગમાં ૨૭ નવેમ્બર, ૨૦૧૬ના રોજ સભાપુરોહિત ફાધર અરુલાનંદમ્ અને ફાધર નટુ મકવાણાના માર્ગદર્શનમાં ધર્મવિભાગના યુવાનો માટે 'યુથ ધમાકા' નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૬ જેટલાં યુવાન-યુવતીઓ હાજર રહ્યાં હતાં. શ્રદ્ધા ઘડતર અને જીવન ધ્યેયના સંદર્ભમાં ફાધર વિજય ડી'સોઝાએ યુવાશિબિરનું સંચાલન કર્યું હતું. વિવિધ ઉદાહરણ, વીડિયો ક્લીપ, પ્રવૃત્તિ દ્વારા યુવાનોને અસરકારક રીતે જકડી રાખ્યા હતા. વિશેષમાં વ્યસનથી થતી બરબાદી અંગે પણ તેમણે યુવાનોને ચેતવણી આપી હતી. ધર્મસેવા સમિતિના ઉપપ્રમુખ શ્રી શૈલેષ વાણિયા અને સભ્યગણે પણ યુવાશિબિરની સફળતા માટે સહયોગ આપ્યો હતો.

*— લોરેન્સ રાઠોડ દ્વારા*

## કાયદાકીય માહિતી

**અમદાવાદ :** 'ક્રિશ્ચિયન વર્કર્સ મૂવયેન' દ્વારા વટવા ધર્મવિભાગમાં ૨૭ નવેમ્બર,૨૦૧૬ ના રોજ કાયદાકીય માહિતી પૂરી પાડતો એક દિવસનો શિબિર રાખવામાં આવ્યો હતો. શ્રી રોમેશ ક્રિસ્ટી(નિવેન કન્સલટન્સી-મણિનગર પૂર્વ) એ સરકાર તરફથી જનહિતાર્થે જાહેર યોજનાઓ અંગે માહિતી આપી હતી. મહિલા અધિકાર, કુંવરબાઈનું મામેરુ, મમતા કાર્ડ, સખીમંડળ જેવી અનેક ઉપયોગી માહિતી તેમણે પૂરી પાડી હતી. આ શિબિરમાં ૩૯ મહિલાઓ, મૂવમેન્ટના ચેપ્સીન ફાધર ચાલ્સજી હાજર રહ્યા હતા. સ્વ. બીના અગુસ્તીનનાં કુટુંબીજનો તરફથી અલ્પાહારની વ્યવલ્યા કરવામાં સાધી હતી. *— પુષ્પા માયકલ દ્વારા*

## લેખન શિબિર

**ઝંખવાવ :** ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ અને ઈસુનાથ ધર્મવિભાગ-ઝંખવાવના સંયુક્ત ઉપક્રમે 'દૂત' લેખન શિબિરનું આયોજન કર્યું હતું, જેમાં દક્ષિણ ગુજરાત(ઉ) ના ઝંખવાવ, દઢવાડા અને હિંગોરિયા કેન્દ્રના ધર્મજનો, પુરોહિતહણ, સાધ્વીબહેનો તેમજ યુવાનોએ કુલ મળી ૫૭ની સંખ્યામાં હાજરી આપી હતી. પ્રારંભે સભાપુરોહિત ફાધર રોનાલ્ડ સલ્દાના એસ.જે. એ સવારે ૯:૦૦ કલાકે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો, જેમાં 'લેખનશિબિર'ની સફળતા માટે વિશેષ પ્રાર્થના કરી, અને શ્રદ્ધાળુઓને શિબિરમાં જોડાવા અનુરોધ કર્યો હતો. ચા નાસ્તા બાદ બરાબર ૧૦:૪૫ કલાકે શિબિરોનો શુભારંભ થયો હતો પ્રાર્થના, શાસ્ત્રપાઠ બાદ શ્રી રવિકાન્ત ભાટિયાએ ઉપસ્થિત સૌનો, વિશેષમાં 'દૂત' તંત્રીમંડળ સભ્યગણનો પરિચય આપી આવકાર કર્યો હતો અને 'લેખનશિબિર'ની પ્રસ્તાવના રજૂ કરી હતી. તંત્રીશ્રી જસવંત મેકવાને, 'દૂત'ની પૃષ્ઠભૂમિમાં અહેવાલ લેખન વિશે સમજ આપી હતી અને શિબિરાર્થીઓને મહાવરો પણ કરાવ્યો હતો. કાવ્યલેખન અંગે શ્રી બકુલ મેકવાને જાણકારી આપી હતી. અને કેટલીક કાવ્યરચનાઓનું પઠન કરી તાલીમાર્થીઓમાંથી એકાદ બે જણને સ્વરરચના પઠન માટે આવકાશ આપ્યો હતો. ભોજન પછીની બેઠકમાં ડો. પ્રો. રોહન ભાટિયાએ 'દૂત'ની સ્થાપના (જાન્યુઆરી-૧૯૧૧) નો ઉદ્દેશ સ્પષ્ટ કર્યા બાદ ધર્મવિભાગ-કેન્દ્ર પ્રમાણે જૂથચર્ચા માટે શિબિરાર્થીઓને પ્રશ્ન આપ્યા હતા, ચર્ચાને અંતે ૨૨ જેટલાં ભાઈબહેનોએ 'દૂત'માં લેખનકાર્ય માટે તો ૯૯૦ જેટલા 'દૂત' ગ્રાહકની નોંધણી માટે વચન આપ્યું હતું. 'દૂત'ના સંદર્ભમાં પ્રશ્નોત્તરીમાં શિબિરાર્થીઓએ 'દૂત'નું લવાજમ, પ્રકાશન, કાવ્ય-લેખ પસંદગીની નીતિ વગેરે અંગે પ્રશ્ન કર્યા હતા અને તંત્રીશ્રી તથા સભ્યગણે સંતોષકારક જવાબ આપ્યા હતા. તંત્રીમંડળના સભ્ય શ્રીમતી સ્નેહલતાબેન ભાટિયાએ લેખનશિબિરમાં પ્રત્યક્ષ કે પરોક્ષ પ્રદાન કરનાર સૌનો 'દૂત' તરફથી આભાર માન્યો હતો. વિશેષમાં આવા પ્રકારની 'લેખનશિબિર'માં પોતાનો પ્રથમ અનુભવ હકારાત્મક રહ્યો હોવાનો તેમણે પ્રતિભાવ આપ્યો હતો. પ્રાર્થના અને આશીર્વાદ ઉપરાંત ચ્હા સાથે શિબિર પૂર્ણ થઈ.

*— રમેશભાઈ કે. પરમાર દ્વારા*

## 'દૂત' સ્વયંસેવક સંમેલન

**આણંદ :** ૪થી ડિસેમ્બર,૨૦૧૬ના રોજ 'દૂત'ના સ્વયંસેવકોનું સ્નેહમિલન, કમ્યુનિટી હોલ ગામડી ખાતે સવારે ૧૦:૦૦થી બપોરે ૨:૦૦ સુધી યોજાયુ હતું. ચાનાસ્તા અને રજિસ્ટ્રેશન બાદ તંત્રીશ્રીએ સૌને આવકાર્યા હતા. 'દૂત'નું પ્રત્યેક કાર્ય ઈશ્વરની કૃપા છે એમ જણાવી તંત્રીશ્રીએ ઈશ્વરની ઈચ્છાને સર્વોત્તમ રીતે પાર પાડવા અનુરોધ કર્યો હતો. ફાધર જેરી સિક્વેરા એસ.જે.એ 'દૂત' સ્વયંસેવકના કાર્યને 'દૂત' કાર્ય ગણવા પ્રોત્સાહન આપ્યું હતું. સ્વયંસેવકોએ સ્વપરિચય આપતાં, ગ્રાહક સંખ્યાની જાણકારી આપી હતી. અનુભવની આપલે બેઠકમાં 'દૂત' સાથેના સારા માઠા અનુભવ વાગોળતાં, સ્વયંસેવકોએ મોટાભાગે હકારાત્મક સૂચન કર્યા હતાં. પ્રકાશક, તંત્રીશ્રી તેમજ ઈલોમીનાબહેને તેના સંતોષકારક જવાબ આપ્યા હતા.

*— પ્રકાશ મેકવાન દ્વારા*

## બાળસંસદની શપથવિધિ

**અમદાવાદ :** કેરા સોશ્યલ સર્વિસ સોસાયટી છેલ્લા ૪૯ વર્ષથી તકવંચિત સમુદાયના બાળકો માટે પોતાના કાર્યક્ષેત્રમાં છાત્રાલય, બાલવાડી તથા બાલવિકાસ કેન્દ્ર દ્વારા શિક્ષણથી માનવીનું રક્ષણ નવતર અભિગમ અપનાવી, વ્યક્તિત્વ વિકાસ, નેતૃત્વ તાલીમ, આરોગ્ય શિક્ષણ, બાળ અધિકાર, બાળ સંગઠન તેમજ પ્રેરણા પ્રવાસ દ્વારા બાળકોની ક્ષમતાવર્ધન માટે પ્રયત્નશીલ છે. બાળકો પોતાના અધિકાર જાણે, સમજે, અનુભવે અને ગૌરવ તેમજ સ્વમાનથી આગળ વધે એવો સંસ્થાનો આશય છે. બાળકો સપનું જુએ, શિક્ષણમાં ગુણવત્તા લાવે અને માનવીનું રક્ષણ થાય એ જરૂરી છે. આ પ્રકારની તાલીમથી બાળકોનો સર્વાંગી વિકાસ શારીરિક, માનસિક, બૌદ્ધિક, સાંવેગિક થાય. પરિણામે બાળમજૂરી, બાળલગ્ન, બાળશોષણ, બાળ અત્યાચાર જેવા દૂષણો અટકાવવા સક્ષમ બને એ અનિવાર્ય છે, જેથી ભાવિ નાગરિક સ્વરાજ્ય ભોગવી શકે.

સંસ્થાના ઉમદા પ્રયાસમાં નેબરહુડ ચિલ્ડ્રન નેટવર્કિંગ(NCN) નાગરકોઈલ(તમિલનાડુ) અને માનસ યુનિદાસ(સ્પેન)નો સહકાર સાંપડયો છે. તેમના સહયોગથી અમદાવાદ ધર્મપ્રાંતની સામાજિક પાંખ, ગુજરાત રાજયના ચાર જિલ્લામાં સેવારત છે. આ કામગીરીના સંદર્ભમાં ૧૧૯ જેટલી બાળસંસદમાં ૧૪૬ હોદ્દેદારો માટે રાજ્ય સ્તરે પ્રથમવાર શપથવિધિ, ૧૧ ડિસેમ્બરના રોજ હાંસોલ ખાતે યોજાયો. શપથવિધિ સમારોહના મુખ્ય મહેમાન શ્રી એસ.એમ. સોની (નિવૃત ન્યાયાધીશ-ગુજરાત હાઈકોર્ટ અને લોકાયત વહીવટકર્તા), શ્રી રમેશભાઈ ચૌહાણ(ભૂતપૂર્વ ઉપનિયામક-સામાજિક ન્યાય), રેવ. ફાધર જોસેફ જસ્ટસ(NCN-Director), ડો. નયના (CBN-Evaluater) ઉપરાંત સોસાયટીના હોદ્દેદારો અને પુરોહિતગણ હાજર રહ્યા હતા.

શ્રી સોનીસાહેબે બાળ સંસદના બાળકોનાં વખાણ કર્યા હતા અને બાળસંસદના વડાપ્રધાન અને મંત્રીઓને શુભેચ્છા પાઠવી હતી. આજના બાળસંસદો દેશના સારા નાગરિક-નેતા બને અને દેશનું સુકાન સંભાળે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી. દેવ શુકલા અને નિકુંજ રબારીને બાળ સંસદના વડાપ્રધાન અને ૩૨ કેબિનેટ મંત્રીઓએ શપથગ્રહણ કર્યા હતા.

સમાજના કચડાયેલા વર્ગના બાળકો પોતાના હક્ક વિશે સભાન થાય અને ભવિષ્યમાં સફળ નેતૃત્વ કરે એજ બાળસંસદનો આશય છે. એમ સંસ્થાના નિયામક ફાધર જોસેફ અપ્પાવે જણાવ્યું હતું. શ્રી ચૌહાણ સાહેબે બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં અને ગાંધીનગર ખાતે વિધાનસભાની તેમજ મંત્રીશ્રીની મુલાકાત માટે સહકાર આપવા તૈયારી દર્શાવી હતી. "આ એક પ્રક્રિયા શરૂ થઈ છે, જેનાથી બાળકોમાં માનસિક સદ્ધરતા, આત્મવિશ્વાસ, નેતાગીરી અને એકતા ખીલી ઉઠશે." અમ ફાધર જોસેફ જસ્ટસે જણાવ્યું હતું.

બાળસંસદ શપથવિધિ સમારોહ જેવા કાર્યક્રમથી બાળકો, સમાજના સભાન નાગરિક બનશે, જવાબદારીપૂર્વક નિર્ણય કરશે. આ પ્રકારનો અનુભવ તેમના માટે એક નવો જ અનુભવ છે. જે બાળ હક્કોને અને મોટી ઉંમરે માનવ અધિકારની પ્રાપ્તિ માટે કારગર નીવડશે.

*– શ્રી શૈલેશ ખંભાલિયા દ્વારા*

## નિર્મલ મિરિયમ પર્વ

**નડીઆદ :** ૧૧ ડિસેમ્બર, ૨૦૧૬ ના રોજ નિર્મલ મિરિયમ દેવાલયનો વાર્ષિક તહેવાર ભારે દબદબાપૂર્વક ઉજવ્યો. શનિ-રવિ (૧૦,૧૧ ડિસેમ્બર) વેસ્ટર્ન રીજીયન કાઉન્સિલની સામાન્ય સભા પાસ્ટરલ સેન્ટર ખાતે હતી એટલે આ ઉજવ ણીમાં ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ થોમસ મેકવાન, અન્ય ધર્મપ્રાંતમાંથી પધારેલ ૧૧ ધર્માધ્યક્ષશ્રીઓ, ૩૫ જેટલા પુરોહિતગણ, સેંકડો સાધ્વી બહેનો અને વિશાળ સંખ્યામાં ધર્મજનોએ તહેવારની ઉજવણી કરી હતી.

ખ્રિસ્તયજ્ઞ દરમિયાન મહાધર્માધ્યક્ષશ્રી ફેલીક્ષ મચાડો(વસઈ ધર્મપ્રાંત,મુંબઈ)એ હિન્દી જબાનમાં ધર્મસભામાં માત્ર મારિયાનું મહત્ત્વ અંગે ઉપદેશ આપ્યો હતો. ખ્રિસ્તયજ્ઞ બાદ તમામનું ધર્મવિભાગ તરફથી સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ધર્મવિભાગના પ્રત્યેક ગામ અને સોસાયટી વિસ્તારના સ્ત્રી-પુરિષ અબાલવૃદ્ધનું પ્રતિનિધિત્વ, ઉમદા વિચારો સાથે જોવા મળ્યું હતું, જે પ્રત્યેક યુકડીને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ધર્મવિભાગમાં સેવાવ્રત સંન્યસ્તવર્ગનું પુષ્પગુચ્છ અને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું.

*– ફ્રાન્સિસ ડાયર્સા દ્વારા*


**પ્રભુ ઈસુની પુણ્યભૂમિની ૧૭મી યાત્રા, એપ્રિલ - ૨૦૧૭**

| દેશો | સમય | અંદાજીત ખર્ચ |
|---|---|---|
| ઈઝરાયેલ-ઈજિપ્ત-જોર્ડન-દુબઈ | એપ્રિલ - ૨૦૧૭ | રૂા. ૧,૨૦,૦૦૦ |
| યુરોપ યાત્રા<br>ઈટાલી, વેટીકન, સ્વીઝરલેન્ડ, જર્મની, ફ્રાન્સ, સ્પેન, પોર્ટુગલ | મે - ૨૦૧૭ | રૂા. ૨,૧૦,૦૦૦ |



**કોકિલાબેન એ. પરમાર** મો. ૯૪૨૯૬ ૬૩૩૫૪
*ક્રિશ્ચિયન સ્ટ્રીટ, લાંભવેલ - ૩૮૭૩૧૦ જિ. આણંદ*

સંપર્ક

**રેવ. ફાધર વિક્ટર દેવમણી એસ.જે.**
મો. ૭૮૧૮૦ ૫૪૦૦૬

# રૌપ્ય ચંદ્રક અર્પણ



૩ જી નવેમ્બર ૧૯૧૭ ના રોજ સ્પેનમાં જન્મેલા ફાધર એસ્પીતાર્તે ગુજરાતના ધર્મસભામાં ૧૯૫૩થી ૧૯૯૪ સુધી એક આદર્શ ભરવાડ તરીકે, સાચા ઈસુપંથી તરીકે જીવવા શ્રદ્ધાળુઓને માર્ગદર્શન આપ્યું અને શ્રદ્ધાના દીપને જલતો રાખ્યો. તેમનું મૂળ નામ તો હિલારિયો એસ્પીતાર્તે છે પણ લોકોમાં ફાધર એસ્પીતાર્તે તરીકે જ જાણીતા થયા છે. કડક શિસ્તથી ટેવાયેલા, એક સૈનિકના જેવી તેમની મુખાકૃતિથી પ્રથમ નજરે તો શ્રદ્ધાળુ દૂર રહેવાનું જ પસંદ કરે. વાસ્તવમાં તેઓ બહારથી કઠોર પણ અંતરથી પ્રેમાળ, દયાવાન અને ઋજુ હતા. તેમણે બોચાસણ અમદાવાદના મીરઝાપુર તથા કેમ્પ, ઉનાઈ અને આણંદના તાબાઓમાં સભાપુરોહિત તરીકે સેવાઓ આપી હતી. આણંદના નવા દેવાલયના તેઓ સર્જક હતા. તા.૧૯-૦૬-૧૯૯૪ના રોજ તેમનું અવસાન થયું. તેમની પવિત્રતા, સાદગી અને શ્રદ્ધાળુઓની નિયમિત મુલાકાતની સુવાસને હજુ પણ શ્રદ્ધાળુઓ યાદ કરે છે. 'દૂત'ના પૂર્વતંત્રી ડો. થોમસ પરમારને તેમનું પવિત્ર જીવન ઘણું સ્પર્શી ગયું હતું. તેમના કુટુંબના તેઓ પ્રિય અને આદરણીય ધર્મગુરુ હતા. વિશેષ કરીને ડો. થોમસનાં માતા સ્વ. સારાબેન અને વડીલ ભાઈશ્રી સ્વ. ગાલ્લુસની તેઓ ઘણા નજીક હતા. પોતાના કુટુંબ સાથેના ફાધરના ઘરોબા અને તેમની પવિત્રતાને ધ્યાનમાં રાખીને ફાધરના નામનો રૌપ્યચંદ્રક 'દૂત' દ્વારા શરૂ કરવા માટે તેમણે રૂ. ૫૦ હજારનું દાન આપેલ છે. 'દૂત' માટે ઉત્તમ કામ કરવા માટે પ્રતિ વર્ષ આ ચંદ્રક એનાયત થશે. જોગનુજોગ ૨૦૧૬-૧૭નું વર્ષ ફાધર એસ્પીતાર્તેની જન્મ(૩-૧૧-૧૯૧૭ થી ૩-૧૧-૨૦૧૭) શતાબ્દી વર્ષમાં જ આ ચંદ્રક શરૂ થાય છે તે આનંદની વાત છે.

*પ્રથમ રૌપ્ય ચંદ્રક વિજેતા શ્રી ફ્રેડરિક ક્રિશ્ચિયનની સાચી ઓળખ એમનું સર્જન છે. લગભગ સાડાત્રણ દાયકાથી તેઓ સાહિત્ય-સર્જનમાં રત છે. ૧૯૮૫માં 'ગુજરાત કેથોલિક પ્રેસ એસોશિયેશન' દ્વારા 'મારા નામના અક્ષર' કાવ્યસંગ્રહ પ્રકાશિત થયો હતો. રેવ. ફાધર વર્ગીસ પૉલ એસ.જે., ફ્રેડરિકભાઈના જીવન ઘડતરમાં મહત્ત્વનુ પરિબળ રહ્યા છે. એમની પ્રેરણાથી જ થોડો સમય તેમણે 'દૂત' કાર્યાલયમાં કામ કર્યું હતું. 'દૂત' જોડેનો નાતો ઘણો પુરાણો છે. ચિંતનપ્રધાન લેખોનો એક નિબંધસંગ્રહ 'પ્રેરણાના પુષ્પ' પણ એમની પાસેથી મળ્યો છે. જેમાં જીવનના મૂલ્યો અંગે સુંદર છણાવટ થઈ છે. ઘણી બધી વાર્તાઓ પ્રગટ પણ થઈ છે અને બે સંગ્રહ થાય એટલી વાર્તાઓ એમની પાસે છે. ગુજરાતના વિવિધ સામયિકોમાં એમની રચનાઓ સતત પ્રકટ થતી રહે છે. એક નવલકથા લખી છે, જે અપ્રગટ છે.*

*આ માણસ સતત ઠોકર ખાતાં ખાતાં, પડતાં પડતાં અને અનેક કડવા અનુભવો ખમતાં ખમતાં કઈ રીતે દોડતો જ રહ્યો? પાછો ના પડ્યો. અમેરિકન નવલકથાકાર હેમિંગ્વેની નવલકથા 'The Old Man And The Sea' ના બુઢ્ઢા નાયકની જેમ જીવનના દુઃખોનો દરિયો સતત ખેડતો જ રહ્યો. એમની વાર્તાઓ, નિબંધો અને કાવ્યોમાં આ જીવાયેલા જીવનનું જ પ્રતિબિંબ છે. માટે જ એ રચનાઓમાં સચ્ચાઈનો રણકો છે.*

*છેલ્લે આયુષ્યના સાત દાયકા ફ્રેડરિકભાઈએ સાત સમંદરના જળ જેવી સંઘર્ષમય જિંદગી મધ્યે ગાળ્યા છે છતાં અણનમ રહ્યા છે. એ જ ગતિએ હવે પછીના એમના આયખાના વર્ષો ચાલે એવી લાખ લાખ શુભેચ્છાઓ અને પ્રભુ ઈસુને પ્રાર્થના.*

૪થી ડિસેમ્બર, ૨૦૧૬નો દિવસ 'દૂત'ના ઈતિહાસમાં સોનેરી અક્ષરે નોંધાશે કારણ 'દૂત'ના આરંભથી આજદિન સુધીમાં 'દૂત'માં પ્રથમવાર 'દૂત'ના પૂર્વતંત્રી ડૉ. થોમસ પરમાર અનુદિત ફાધર એસ્પીતાર્તે રૌપ્ય ચંદ્રક, વર્ષ-૨૦૧૫ના 'દૂત' અંકમાં ઉત્તમ કાવ્યલેખન માટે કવિ અને લેખક શ્રી ફ્રેડરિક ક્રિશ્ચિયનને અર્પણ કરવામાં આવ્યો. ભજન, શાસ્ત્રપાઠ બાદ સહતંત્રી શ્રી શૈલેષ ક્રિસ્ટીએ મહાનુભાવોનો પરિચય આપી અને સ્વાગત કર્યું હતું. ડો. થોમસ પરમારે રૌપ્યચંદ્રક વિજેતા કવિ ફ્રેડરિક ક્રિશ્ચિયનનો પરિચય આપ્યો હતો. ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદના નિયામક અને 'દૂત'ના પ્રકાશક ફાધર જેરી સિક્વેરા એસ.જે. એ કવિને રૌપ્યચંદ્રક,'દૂત'ના માનદ્તંત્રી ફાધર ડૉ. વિનાયક જાદવ એસ.જે. એ શાલ અર્પણ અને તંત્રીશ્રી જસવંત મેકવાને 'સન્માનપત્ર' અર્પણ કર્યાં હતાં.

આ પહેલાં ઈન્દુરાવે ભજનગાન, આગ્નેસબહેને શાસ્ત્રપાઠ તથા સ્નેહલતાબેન ભાટિયાએ 'સન્માનપત્ર'નું વાંચન અને ગુજરાત સાહિત્ય પ્રકાશના ઓફિસ સુપરિડેન્ટ શ્રીમતી ઈલોમીનાબેન મહીડાએ કવિશ્રીને બૂકે અર્પણ કર્યું હતું. 'દૂત'ના પૂર્વતંત્રી શ્રી જોન કાનીસ પરમારે, આ પ્રસંગે કવિશ્રી સાથેની આત્મીય ક્ષણોને વાગોળતાં, નિરામય દીર્ઘાપુષ્ય માટે શુભેચ્છા પાઠવી હતી. પ્રતિભાવ આપતાં કવિશ્રીએ મા વિનાનું પોતાનું બાળપણ, પ્રથમ કાવ્યસફુરણની ઘટના અને સંઘર્ષ વચ્ચે સાહિત્ય સર્જનના પ્રસંગ રજૂ કર્યા હતા. આભારદર્શન બાદ માનદ્ તંત્રીશ્રી અને પ્રકાશકશ્રીએ આભારનો ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. જેમાં 'દૂત' સાથે સંકળાયેલા સૌને ઈસુના આગમનની છડી પોકારતા શુભસંદેશકાર તરીકે ઓળખાવ્યા હતા. ભોજનબાદ સૌ વિદાય થયા હતા.

*- શૈલેષ ક્રિસ્ટી*




## ડૉ. આકાશ રાજુલભાઈ આઝાદ

ઈશ્વરની કૃપાથી અમારા વહાલસોયા દીકરા **ચિ. ડૉ. આકાશ આઝાદે** વર્ષ ૨૦૧૬માં ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવાયેલ MDS (Endodontics)ની એક્ઝામમાં ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે. એકાગ્રતા, સિન્સીયારીટી અને સખત મહેનતના કારણે સમાજના પ્રથમ એન્ડોડોન્ટીસ્ટ ડૉક્ટર તરીકે પ્રાપ્ત કરેલ સિદ્ધિ માટે સમગ્ર કુટુંબ ગર્વની લાગણી અનુભવે છે. આ રીતે કુટુંબનું અને સમાજનું ગૌરવ વધારવા બદલ પરમપિતાનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આવનારા વર્ષો દરમ્યાન પણ **ડૉ. આકાશ આઝાદ** ઉત્તરોત્તર પ્રગતિના સોપાનો સર કરી પ્રભુનો મહિમા વધારે તેવી પ્રાર્થના અને હાર્દિક શુભેચ્છાઓ.

પ્રોફેસર સ્મિતા રાજુલ આઝાદ
એસોસીયેટ પ્રોફેસર
ગુજરાત કૉલેજ, અમદાવાદ



રાજુલ આઝાદ
મો. ૯૯૨૪૮ ૯૮૫૯૪

# શ્રધ્ધાંજલિ



**22 OCT 1950** — **12 JAN 2008**



## Anirudh Sutaria ની

## યાદ માં

Kokila Sutaria (Maninagar, Ahmedabad)

Nimesh - Pinki - Saachi - Shrey Christian (England)
Nirav - Arpita - Aanya Christian (Australia)

# પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

"તેના આયુષ્યની મર્યાદા ઠરાવેલી છે. તેના મહિનાઓની ગણતરી તારા હાથમાં છે."

આગમન
૦૬-૧૧-૧૯૫૭



નિર્ગમન
૨૧-૧૧-૨૦૧૬

## સ્વ. નટવરભાઈ નારણભાઈ વસાવા

આપ હયાત નથી એ હજુ મન માનવા તૈયાર નથી. આપની સાથે વીતેલા વર્ષો અને આપનો પ્રેમ ભૂલાતો નથી. જીવનભર કરેલા શ્રમ અને થાકેલા શરીરને વિસામાની જરૂર હતી. આપને અંજલિ આપતા આંખમાંથી અશ્રુ સરી પડે છે. કોને કરીએ ફરિયાદ અમે, રડતા મૂકીને ચાલ્યા ગયા. તમારી અંગત પ્રાર્થનામાં અમ દુઃખિત પરિવારને યાદ રાખજો.


"હે પ્રભુ આપના રાજ્યમાં ક્યાં ખોટ હતી
જેની જરૂર અમારે હતી તેની તમારે કેમ જરૂર પડી."

પરમપિતા આપના આત્માને પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના.



લિ. આપની પત્ની ચારૂલતા નટવરભાઈ વસાવા
દીકરી ક્રિશી નટવરભાઈ વસાવા
તથા સમસ્ત દુઃખી પરિવાર

સરનામું : એ/૧૬૪, "ક્રિશી કુંજ", મંગલ દર્શન સોસાયટી, ચામુંડા માતા મંદિર પાસે,
ઝાડેશ્વર રોડ, ભરૂચ (મો) ૯૦૯૯૪ ૮૧૦૯૭



ઋણ સ્વીકાર : અમારા સ્વજનની વિદાય વેળાએ તથા માંદગી દરમિયાન પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સાથ-સહકાર, હૂંફ તથા દિલાસો આપનાર સર્વેનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

PAVAN HRUDAYA DOOT, January, 2017 No. of Pages 56 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2015-17. Licensed to post without Prepayment Up to 31.12.2016
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.



# બાળઈસુ દેવાલયના શુભઉદ્‌ઘાટન પ્રસંગે
# ગોરવા, વડોદરા મુકામે



## હાર્દિક નિમંત્રણ

રમ્ય તમારો મનહર શો આવાસ. “પરમસુખી છે તેઓ જેઓ તમ મંદિર નિવાસે, ગાય તમારી સ્તુતિ સદાય તવ ચરણોની પાસે.
રૂડો લાગે તમ મંદિરમાં એકાદો પણ દહાડો, એની તોલે કદી ના આવે બીજા દિવસ હજારો.” (સ્તોત્રસંહિતા - ૩૪)



## બાળઈસુ દેવાલયના ઉદ્‌ઘાટન તથા આશીર્વાદ વિધિ...

**તારીખ :** ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૧૭ રવિવાર

**સમય :** સવારે ૯.૩૦ કલાકે

**ઉદ્‌ઘાટક :** આદરણીય ફાધર ચાર્લ્સ સેરાઓ (કાર્મેલાઈટ પ્રોવિન્સીયલ)

**મુખ્ય યાજક :** આદરણીય મહાધર્માધ્યિક્ષશ્રી થોમસ મેકવાન (ગાંધીનગર મહાધર્મપ્રાંત)

**આશીર્વાદ વિધિ :** આદરણીય મહાધર્માધ્યિશ્રી સ્ટેનીસલાઉસ ફર્નાન્ડિસ
(એપોસ્ટોલીક એડમિનીસ્ટ્રેટર વડોદરા ધર્મપ્રાંત)

## સર્વ શ્રદ્ધાળુઓને ખાસ ભાવભર્યું હાર્દિક આમંત્રણ.

**:: સ્નેહાધીન ::**

કાર્મેલાઈટ ફાધરો, સીસ્ટરો તથા ધર્મજનો
બાળઈસુ દેવાલય, ગોરવા, વડોદરા
ફેસબુક પેજ : infantjesus church vadodara   વેબ પેજ : infantjesusbrd.org
ફોન નંબર : ૭૪૦૫૪ ૮૭૫૧૧ / ૯૭૨૪૬ ૧૩૭૪૯

નોંધ: *ઉપસ્થિત સૌ ભક્તજનો માટે સ્નેહભોજનની વ્યવસ્થા કરેલ છે.*

Publisher's & Printer's Name : Jerry Leo Sequeira S.J., Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan